RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue: 1, Year: 68, April, 2021, Pages: 52, Price Rs. 7.00



ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈની
શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં

# શ્રી જીતેનભાઈ ઈન્દુલાલ ખાટડિયા

(મુળ વતન રાણપુર હાલ વાલકેશ્વર)

તરફથી **રૂા. અગિયાર લાખ** નું માતબર દાન



શ્રી જીતેનભાઈ ખાટડિયા



શ્રીમતી તોરલબેન ખાટડિયા

**ઝાલાવાડી સભાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્યને કાજે, તેમને શિક્ષણ થકી સમૃધ્ધ બનાવવા કાજે ઝા. સભાએ હાથ ધરેલા અભિયાનમાં શ્રીમતી તોરલબેન તથા શ્રી જીતેનભાઈ ઈન્દુલાલ ખાટડિયા તરફથી રૂા.૧૧લાખ નું દાન મળ્યુ છે.**

શ્રી જીતેનભાઈ ખાટડિયા એક સફળ ઉદ્યોગપતિ છે. અપ્રતિમ વ્યવસાયિક કૌશલ્ય ધરાવતા જીતેનભાઈ મુંબઈ,નાશિક તથા બેંગલુરૂ ની 'વુડ પેકર્સ ગ્રુપ ઓફ કમ્પનિઝ' ના ડાયરેક્ટર તથા પ્રણેતા છે. બેંગલુરૂ ની ગાર્ડિયન કો. ઓપરેટિવ બેંકના ડાયરેક્ટર તરીકે પોતાની પ્રતિભાનો પરિચય આપી રહ્યા છે.

તેઓએ લોનાવાલા સેનેટોરિયમમાં **રૂા.એક લાખ**, પંચગીની તથા દેવલાલી સેનેટોરિયમમાં પ્રત્યેકમાં **રૂા.ત્રણ લાખ** તથા માથેરાન સેનેટોરિયમમાં પણ **રૂા.પાંચ લાખ** નું અનુદાન આપ્યુ છે.

ઝાલાવાડી સભા આપના ઉમદા સહયોગની ઋણી છે.

## ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈની
## શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં
# શ્રી રમણિકભાઈ ગોસલિયા પરિવાર
## (મુળ વતન ચૂડા હાલ મુંબઈ)
## તરફથી **રૂા. અગિયાર લાખ** નું માતબર દાન



**શ્રી રમણિકભાઈ ગોસલિયા**



**શ્રીમતી માયાબેન ગોસલિયા**

કુશળ ઉદ્યોગપતિ, સ્વાતંત્ર્ય સેનાની અને સમર્પિત સમાજ સેવક **રમણિકભાઈ ગોસલિયા પરિવારે** ઝાલાવાડી સભા ની શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં **૧ ૧ લાખ રૂા.** નું અનુદાન આપ્યુ છે.

મહાત્મા ગાંધીની ''હિંદ છોડો'' ચળવળમાં સક્રિય ભાગ લઈ જેલવાસ ભોગવનાર રાષ્ટ્રપ્રેમી રમણિકભાઈએ વતન ચૂડાથી મુંબઈ આવીને કેમિકલ્સ નો વ્યવસાય શરુ કર્યો. અપાર સાહસ અને સૂઝ થકી ખૂબ જમાવટ કરી. સંતાનો હિરેનભાઈ, યોજીતભાઈ પૌત્ર, પૌત્રી નિહાર, નિધિ, શિમૂલ તથા ઈષા સહુનો સાથ ભળ્યો ને કંપની કરોડો નું ટર્નઓવર  કરી  શિખર પર પહોચી છે.

અપાર સંપત્તિ ની વચ્ચે તેઓ સમાજનુ ૠણ ચૂકવવા સદાય તત્પર રહ્યા. કેમિકલ્સ એન્ડ આલ્કલી મર્ચન્ટસ એસોસિએશન, જૈન સોશ્યલ ગ્રુપ વડગાદી, વોક ટુ ગેધર ફાઉન્ડેશન, યૂસુફ મહેર અલી સેન્ટર, રોટરી ક્લબ વિ. સંસ્થાઓમાં ખૂબ કામ કર્યુ ૯૪ વર્ષ ના દીર્ઘ આયુષ્ય માં છેલ્લા શ્વાસ સુધી તેઓ સક્રિય રહ્યા.

ઝાલાવાડી સભા નું આ ગૌરવશાળી વ્યક્તિત્વ સદાય સ્મરણીય રહેશે.

# શ્રી મનહરલાલ નરભેરામ પારેખ

તરફ થી ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશનને

## જીવદયા માટે

## પાંચ લાખ રૂા. નું માતબર દાન



''વિશાળ જગ વિસ્તરે, નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, છે વનોની વનસ્પતિ...''

જીવનભર અરિહંત ની આરાધના અને સાધુસંતોની વય્યાવચ્ચ કરનાર, સમગ્ર પરિવાર ને સ્નેહ તથા વાત્સલ્ય થી સાંકળી રાખનાર **સ્નેહલતાબેને** મૂંગા જીવોનું સદાય જતન કર્યુ. સદ્‌ગત પ્રિયપત્નીની દ્વિતીય પુણ્યતિથિએ તેમના પવિત્ર આત્મા ને સદાય જે ગમ્યુ તે જ અર્પણ કરવા **શ્રી મનહરલાલ નરભેરામ પારેખ પરિવારે** ઝા. સભા ચેરિટેબલ ફાઉન્ડેશનને **૫ લાખ રૂા.** નું દાન આપ્યુ છે. જીવદયાના આ અમૂલ્ય કાર્ય ની ભૂરિ ભૂરિ અનુમોદના

## શરૂ થઈ ગયુ છે. સુરેન્દ્રનગર સેનેટોરિયમ



ઝાલાવાડી સભા
ચેરિટેબલ ફાઉન્ડેશન
મુંબઈ
સંચાલિત

### શ્રી સી. યુ શાહ અતિથિ ભવન

- અદ્યતન ફર્નિચર સાથેનું એરકંડિશન્ડ ભવન
- નવ વિશાલ સેલ્ફ એટેચ્ડ રૂમ
- પ્રત્યેક દિવસનો ખર્ચ રૂા. ૭૫૦/-
- ઓછામા ઓછુ એક દિવસ અને વધુમાં વધુ આઠ દિવસનુ બુકીંગ
- નીચે જ ઉપાશ્રય હોવાથી સાધુ-સંતોની સંનિધિનો લાભ
- બુકીંગ સુરેન્દ્રનગર તથા મુંબઈ બન્ને જગ્યાએ થઈ શકશે.

| સુરેન્દ્રનગર સંપર્ક<br>**કેતનભાઈ શાહ** | મુંબઈ સંપર્ક<br>**મિલનભાઈ તુરખીયા** |
|---|---|
| +૯૧ ૯૦૯૯૩ ૫૦૬૪૪<br>+૯૧ ૯૪૨૬૭ ૫૬૧૦૦ | +૯૧ ૯૮૬૦૧ ૨૫૧૩૬<br>+૯૧ ૭૨૦૮૪ ૭૨૮૮૪ |

શ્રી સી. યુ શાહ અતિથિ ભવન, મહાવીરાલય, કમળ મંદિર પાસે,
(ઘર હો તો ઐસા) સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૨.

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
## શૈક્ષણિક ઉત્કર્ષ યોજના મા તા. ૨૫/૦૨/૨૦૨૧ પછી મળેલ રકમની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી દિનેશભાઈ શાંતિલાલ શેઠ | અંધેરી | ૨૦,૦૦,૦૦૦/- |
| ૨) | શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાહ | મુંબઈ | ૧૦,૦૦,૦૦૦/- |
| ૩) | શ્રી જસવંતલાલ નાનાલાલ સંઘવી | ચેમ્બુર | ૫,૦૦,૦૦૦/- |
| ૪) | શ્રી ડૉ. વિનોદભાઈ વી. શેઠ | અંધેરી | ૫,૦૦,૦૦૦/- |
| ૫) | શ્રી મુગટભાઈ ગફલભાઈ દોશી | ઘાટકોપર | ૫,૦૦,૦૦૦/- |
| ૬) | શ્રી અતુલભાઈ અમૃતલાલ શાહ | બોરીવલી | ૨,૫૦,૦૦૦/- |
| ૭) | શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી | કાંદિવલી | ૨,૦૦,૦૦૦/- |
| ૮) | શ્રીમતી સંધ્યાબેન બિપિનભાઈ શાહ | કાંદિવલી | ૧,૦૦,૦૦૦/- |
| ૯) | માતુશ્રી જ્યોત્સ્નાબેન ધીરજલાલ શાહ | મલાડ | ૧,૦૦,૦૦૦/- |
| ૧૦) | શ્રી મુકેશભાઈ હિમંતલાલ શાહ | મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૧૧) | શ્રી વિનોદભાઈ ચીમનલાલ સખીદાસ | સાયન | ૧,૦૦,૦૦૦/- |



# Mehul Vora

**Personal Details**

**Date of Birth & Time:** 15th July, 1991 (07.30pm) (Mangal)
**Height & Weight:** 5.6" & 57 kgs
**Religion:** Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain
**Native Place:** Dharangdhara
**Education:** B.com (K.J. Somaiya College)
**Work Place:** C C Shah & Sons
**Designation:** Head of Sales & Marketing
**Hobbies:** Travelling, Reading Financial Articles, Bollywood Movies, Listening Music

**Residence:**

1. Wadhwa Group, The Address, P-2, 901, L.B.S Marg, Opp. R City Mall, Ghatkopar (W), Mumbai-400086.
2. Divya Darshan Building, Flat No. 51,Jagdusha Nagar, Ghatkopar (W), Mumbai-400086.

**Family Details**

**Father:** Shri Chandrakant Ratilal Vora
**Mother:** Late Smt. Jagruti C. Vora
**Elder Brother:** Darshan C. Vora (Married to Prachi Vora)

**Grand Parents:** Late Shri Ratilal Oghadlal Vora & Late Smt. Vasantben Ratilal Vora

**Mosal:** Late Shri Harilal Tarachand Kothari.(Bhagupur)

**Paternal Uncle:**

Shri Vipinchandra R. Vora (7208668929)
Shri Mahendrabhai R. Vora (9323848147)
Shri Shaileshbhai R. Vora (9322223662)
Shri Rajeshbhai R. Vora (9322223660)

**Maternal Uncle (Mama):**

Shri Rameshbhai H. Kothari (9967800388)
Shri Bhupendrabhai H. Kothari
Shri Pradeepbhai H. Kothari (9820399157)

**Maternal Uncle (Masa):**

Shri Shirishbhai V. Shah (9619835843)
Shri Shaileshbhai Vora (9869018330)

mehulvora91@gmail.com
Darshan Vora: 9820739755

# BIO-DATA



## Miss. Yashvi Elesh Gopani

| | | |
|---|---|---|
| **Date of Birth** | : | 27th October,1995. |
| **Time & Place of Birth** | : | 8.11 am - Ghatkopar (E) |
| **Height** | : | 5' 1" |
| **Interest** | : | Music, Travelling, Movies. |
| **Caste** | : | Zalawadi Visha Shrimali Sthanakwasi Jain. (Native : Botad, Gujarat). |
| **Education** | : | Advocate (**BLS – LLB) &** Pursuing Post Graduate Diploma - **MBA Finance** (Welingkar) |
| **Working** | : | Managing Family Business - **Compliance, Research, Insurance, MF's** (Gopani Sec.) |

## FAMILY DETAILS :

- Father – **CA Elesh Gopani** (**9821184271**)
  **Gopani Securities & Investments Pvt Ltd**, **Main Stock Broker - Member of BSE & NSE**
- Mother – **Nilima Gopani** - B.Com (**9004878913**)
- Elder Sister – **CA Tvisha Gopani engaged to Hardik Shah (B.Tech & MMS Finance)**
  Son of Smt. Pritiben & Shri. Atulbhai Jayantilal Shah (Uday Exports - 9821230556) (Vile Parle)

**Paternal Family :**
- Dada & Dadi : Anubhai Nathalal Gopani & Late Indumati Gopani
- Kaki & Kaka : Vibha (9004878923) & Ashish Gopani (9004084269 / 9322214101)
- Faiba & Fuva : Ritaben (09265471978) & Dr.Jayeshbhai Gandhi (09426443641)
- Faiba & Fuva : Raksha (9821151170) & Nileshbhai Vora (Viraj Pharmaceuticals-9869218827)

**Maternal Family :**
(Presently Avanti, King Circle, Mumbai. Native : Dhangadhra)
- Nana & Nani : Late Pravinbhai C Sanghavi & Sunilaben Sanghavi (9769148903)
- Mami & Mama : Sheetal (9920421939) & Bhavesh Sanghavi (Kumkum Tiles-9820421939)
- Masi : Sejal Sanghavi (9320024634)

**Residential Address :**
502 & 602, Shanti Tower, Shanti Park, Ghatkopar (East), Mumbai 400 077.

**Family Office Address :**
515-523, Bhaveshwar Arcade, Opp. Shreyas Cinema, LBS Marg, Ghatkopar (West), Mumbai 400 086. Email : gopani@mtnl.net.in (O) 67700474-75.

Advt




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

એપ્રિલ ૨૦૨૧
વર્ષ : ૬૭ : : અંક : ૧૩
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક:
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# ક્ષણભરને માટે પણ પ્રમાદ ન કર !

## ભગવાન મહાવીર અને ગૌતમ સ્વામી

જેવી રીતે વૃક્ષોનાં પાન સમય થતાં પીળાં પડી જાય છે અને ભૂમિ પર ખરી પડે છે, એવી જ રીતે મનુષ્યનું જીવન પણ આયુષ્ય પૂરું થતાં ક્ષીણ થઈ જાય છે, માટે ગૌતમ, ક્ષણભરને માટે પણ પ્રમાદ ન કર.

જે રીતે ઘાસની પત્તીની અણી પર ઝૂલતું ઝાકળબિંદુ બહુ થોડા સમય માટે ટકી શકે છે, બરોબર એવી જ રીતે મનુષ્યનું જીવન ક્ષણભંગુર છે. એથી ગૌતમ, ક્ષણભરને માટે પણ પ્રમાદ ન કર.

'તું મહાસમુદ્ર તરી ચૂક્યો છે, હવે કિનારે આવીને કેમ બેસી પડ્યો છે? પેલે પાર પહોંચવા માટે જલદી કર! ગૌતમ, ક્ષણભરને માટે પ્રમાદ ન કર.

'સમય ગોયમ! મા પામયએ.'



# ખુશ રહો

જિંદગીમાં આપણને અલિપ્ત રહેતા આવડવું જોઈએ. લીયો ટોલ્સટોયે સરસ કહ્યું છે કે યાદ રાખજો કે 'આપણે નહીં હોઈએ ત્યારે પણ આ દુનિયા ચાલતી જ રહેશે.' બહુ સરળ વાક્ય છે, જેને જીવનમાં આ વાક્ય સાથે જીવતા આવડી જાય તે કદી ભાર સાથે ચાલતો નથી. તેનું જીવન એકદમ હળવું-ફૂલ થઈ રહે છે. અને મિત્રો જેઓ હળવા થઈ જતાં હોય છે, તેઓ જ ઊંચા આકાશમાં ઊડી શકતા હોય છે. અલિપ્ત શબ્દ જો તમને અઘરો લાગતો હોય તો શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ-ગીતામાં જે કહ્યું છે એ યાદ રાખો. કર્મ કરીએ પણ કર્મના ફળ સાથે જોડાવાનું નથી. જો આપણે ફળ સાથે જોડાઈ જઈશું, તો કર્મ પ્રત્યે એકાગ્ર નહીં થઈ શકીએ. માટે આપણે જે કંઈ પણ કરીએ એના ભારથી અલિપ્ત રહીએ. હું કરું છું એવો ભાવ ક્યારેય મનમાં ના આવવા દેવો. જીવનમાં કર્તા કરતાં કર્મનું મહત્ત્વ વધારે હોય છે. જો આપણે આપણી જાતને કર્તાના ભારથી મુક્ત કરી દઇશું તો જીવન જીવવાની મજા આવી જશે. માટે મુક્ત બનીને જીવીએ. આપણે જ્યારે કશાથી જોડાઈ જઈએ છીએ. તો બંધાઈ જતાં હોઈએ છીએ. અને બંધન આપણને ક્યારેય સરળ જીવન તરફ લઈ જતાં હોતા નથી.

સંબંધોમાં પણ આ બાબત યાદ રાખવી. આપણે સંવેદનાવિહીન કે વધુ પડતાં સંવેદનશીલ થવાની જરૂર નથી હોતી. જો આપણે સંવેદનાવિહીન થઈ જઈશું તો દુઃખને જાતે આમંત્રણ આપી બેસીશું. અને જો આપણે વધુ પડતાં સંવેદનશીલ થઈ જઈશું, તો પણ દુઃખ તો વગર દસ્તકે આવશે જ! બધા સાથે જોડાયેલા રહીએ પણ બંધાયેલા નહીં. કોઈ સાથે એટલું બધું એટેચ પણ ના થઈ જઈએ કે એ વ્યક્તિ સાથે આપણા સુખ-દુઃખ જોડાઈ જાય. સુખ અને દુઃખને નિરપેક્ષ સંકલ્પના માનીને જીવીશું તો હળવા થઈને જીવી શકીશું. એવા કેટલાયે લોકોને મેં કહેતા સાંભળ્યા છે કે મેં તેના માટે કેટલું બધું કર્યું ? પણ તેણે મારી સાથે સંબંધ તોડી નાખ્યો ! જે જતાં રહે તેને જવા દઈએ. જિંદગીમાં કેટલાક સંબંધ આપણને દુઃખ દેવા જ આવતા હોય છે. તો એ દર્દ અનુભવી લઈએ અને આગળ વધી જઈએ. કોઈના વગર દુનિયામાં કે આપણી જિંદગીમાં કશું અટકી જતું હોતું નથી. તો પછી શા માટે કોઈ પાછળ આપણી જિંદગીનો અમૂલ્ય સમય બરબાદ કરવો ? સંબંધ બહુ મુક્ત બંધન છે,

એનાથી જેટલા અલિપ્ત રહીશું, મોજ આવશે.

સુખ, પ્રેમ, સ્નેહ, સમર્પણ, કાળજી એ બધી આપણી અંદરની ફીલિંગ છે, એ ક્યારેય બહારથી ડેવલપ કરી શકાતી નથી. એને માપી શકાતી નથી, પણ પામી જરૂરથી શકાય છે. આપણે અંદરનું જીવન જીવીશું તો જરૂરથી અલિપ્ત રહી શકીશું. જિંદગીના આકાશમાં ઉડતા રહેવા માટે બધાથી અલિપ્ત થઈ જવું જરૂરી છે. જ્યારે હૃદય પર કશાનો ભાર નહીં રહે, તો હૃદય પણ ખુશ રહેશે. અને મિત્રો આપણે પણ એ બોજથી મુક્ત થઈને નૈસર્ગિક જીવન જીવી શકીશું. અલિપ્ત જીવન સ્વાભાવિકતા લાવે છે, સહજતા લાવે છે, અને જ્યારે આપણે સ્વાભાવિક જીવીએ છીએ, જીવનમાં જીવંતતા જળવાઈ રહે છે. બધા સાથે રહીને પણ કોઇની સાથે ના રહેવું એ આપણને આવડવું જોઈએ. અને હા અલિપ્ત રહેતા શીખી લઈશું તો જીવનમાં બીજું ઘણું બધું શીખી શકીશું. બધાથી પર એવું મન ખુશીઓ જ જનરેટ કરતું રહે છે. અને એ ખુશીઓને તો આપણે શોધતા રહેતા હોઈએ છીએ !

ખુશ થવા માટે ખુશ રહેવું જરૂરી હોય છે.

તો ચાલો અલિપ્ત રહીએ અને મોજથી જીવીએ.

✱✱✱

## કોઈ પણ ફરિયાદ વિનાનું, સંસારનું એકમાત્ર શ્રેષ્ઠ યુગલ એટલે ચા-ખાંડના ડબા...।




*રસોડામાં બધું જૂદુ જૂદું મળે.*
*પણ ચા ખાંડના ડબાઓ ભેગાને ભેગા.*

એકબીજાને પ્રેમ કરો તો આ ચા ખાંડના ડબાઓની જેમ કરો. કદાચ મેં સૌથી વધુ અદ્વૈત અને એનું વજૂદ ક્યાંય જોયું હોય તો આ ડબાઓમાં. આ જૂગલ જોડી પર દરેક ગૃહિણીની છાપ જોવાં મળે મળે ને મળેજ. વારે વારે ખોલ બંધ કરતાં કરતાં એને જે થપાટો પડે એ પણ જૂદી. એકને શોધો એટલે બીજું મળી જાય એવું એનું સગપણ. એકમાં મીઠાશ અને બીજામાં કડવાશ. બન્ને એકબીજામાં ભળે એટલે સ્વાદ જ નિરાળો. આના વિના લગભગ કોઈની સવાર પડતી નથી એવી એની માયા. ઘરે ઘરે એની જગ્યાઓ જૂદી પણ એક સમાનતા બધે કે ચાનો ડબા ખાંડના ડબાથી કાયમ નીચો હોય. કોઈ ફરિયાદ વિના બન્ને સંસારને ચલાવ્યે જાય એવું યુગલત્વ તો આ ચા ખાંડના ડબાઓ પાસે જ.... ?

# ભગવાન મહાવીરનો ધર્મ સંદેશ

દરેક વ્યક્તિને સંસારની સગવડો અને સાંસારિક સુખ ગમે છે. કોઈનેય અગવડો અને તકલીફો ગમતી નથી. માણસ સતત સુખની ઝંખના કરે છે અને દુ:ખથી દૂર રહેવા પ્રયાસ કરે છે. પરંતુ શાસ્ત્રકાર કહે છે ઇન્દ્રિય વિષયની અનુકૂળતા-પ્રતિકૂળતામાં સુખ-દુ:ખની કલ્પના કરવી એ ભયંકર અજ્ઞાનતા છે. આત્માની ઓળખ અને આત્માની અનુકૂળતામાં જ ખરું સુખ છે.

અખિલ વિશ્વના ભૌતિક સુખની સરખામણીમાં આત્માનું ચારિત્ર્યનું સુખ અનેકગણું હોય છે. ભૌતિક સુખની પરાધિનતા આત્માનું અધ:પતન કરનાર છે.

ઇસુ ખ્રિસ્તે કહ્યું છે. Know They Self ભગવત્‌ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે ''જે પોતાના આત્માને નથી ઓળખતો તે પોતાની સાથે શત્રુ જેવો વ્યવહાર રાખે છે.'' ભગવાન મહાવીરે કહ્યું છે કે ''આત્મદર્શન એ જ વિશ્વદર્શન અને એ જ સમ્યગ્દર્શન.''

ભગવાન મહાવીરે કહ્યું છે ''જે મોહને જીતે છે તેને મન રત્ન પણ કાંકરી છે.''

જ્યાં સુધી વેર ભાર છે ત્યાં સુધી આત્મકલ્યાણ થઈ શકતું નથી. જેની સાથે વેર બંધાયું છે તેને તું ક્ષમા આપજે. ક્ષમા કાયરનું નહીં પણ વીરનું લક્ષણ છે. ઇસુ ખ્રિસ્તે બાઇબલમાં લખ્યું છે કે 'જો દેવળમાં પહોંચ્યા પછી તમને કોઈ સાથેનું વેર યાદ આવે તો દેવળના બારણેથી જ પાછા ફરજો. તેની સાથે મનમેળ કર્યા પછી જ દેવળમાં આવજો.'

આજના સમયમાં દરેકને સુખ જોઈએ છે, ધર્મનું ફળ જોઈએ છે પરંતુ ધર્મ કરવો ગમતો નથી. પાપ કરી ભૌતિક સુખ મેળવવું છે. પરંતુ પાપનું પરિણામ ભોગવવું ગમતું નથી. ભગવાન મહાવીર તમામ સાંસારિક સુખનો ત્યાગ કરી આત્મિક સુખ પામવા અને આત્મિક સુખનો રાજમાર્ગ લોકોને બતાવવા 'વિતરાગતા' તરફ પ્રયાણ કરે છે. પોતાના આત્માથી નજીક વાસ કરવા ઉપવાસ કરે છે. ભગવાન મહાવીર



પોતાના આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરવા વનપ્રદેશ ગિરિ ગુફા કે સ્મશાનભૂમિમાં જઈ સતત ધ્યાન કરે છે. વન પ્રદેશમાં કે જ્યાં ભમરાઓ, મધમાખીઓ કે અન્ય જીવજંતુઓ ડંશ આપે તો પણ વીર મહાવીર હિમાલયની જેમ પોતાની સાધનામાં સ્થિર રહી એક ઉત્કૃષ્ટ આત્મશક્તિનું ઉદાહરણ પૂરું પાડે છે.

બિહારના રાઢ નામના જંગલી પ્રદેશમાં જંગલી લોકો ધ્યાનસ્થ ભગવાન મહાવીરની પાસે જંગલી કૂતરાઓને મોકલે છે. વળી ચારે બાજુથી ઘાસ સળગાવે છે તો પણ અલૌકિક આત્મશક્તિને પામેલ મહાવીર પોતાની ધ્યાનક્રિયામાંથી વિચલિત થતા નથી પરંતુ અગ્નિ નજીક આવતા આગ્નિ પણ શાંત થાય છે.

ભગવાન મહાવીર કૌશાંબી નગરી તરફ જ્યારે વિચરતા હોય છે ત્યારે રસ્તામાં અઘોર જંગલમાં ચંડકૌશિક નામનો નાગ રહેતો હોય છે જે ભગવાનના પગે દંશ દે છે પરંતુ દિવ્ય આત્મિક શક્તિના સ્વામી તેને 'બુઝ' 'બુઝ' કહી શાંત પાડે છે અને સત્‌ જ્ઞાન આપી ઉગારે છે. ધ્યાનસ્થ મહાવીરને પોતાની ગાયોનું ધ્યાન રાખવાનું કાર્ય ગોવાળને સોંપે છે. જ્યારે સાંજે ગોવાળ પાછો ફરે છે ત્યારે પોતાની ગાયોને ત્યાં જોતો નથી એટલે ગુસ્સે થઈ ધ્યાનસ્થ ભગવાન મહાવીરના કાનમાં ખીલા ખોપવાનું કાર્ય કરે છે. તો પણ મહાવીર ધ્યાનસ્થ અવસ્થામાંથી વિચલિત થતા નથી ત્યારે સામાન્ય માણસને પ્રશ્ન થાય કે આવી શક્તિ ભગવાન મહાવીરને કેવી રીતે મળી હશે જેના જવાબમાં કહી શકાય કે જે સંસારના રાજભોગોને ઠુકરાવી, દેહને હુસ કરી માત્ર આત્મસાધનામાં તલ્લીન થનારને જ આવી કોઈ આત્મશક્તિ પ્રદાન થતી હશે.

સતત બાર વર્ષ સુધી પોતાના દેહ પરનું હુસ કરી માત્ર આત્મસાધનામાં તલ્લીન થનારને જ આવી કોઈ આત્મશક્તિ પ્રદાન થતી હશે. ઝાડ નીચે જે જ્ઞાન થયું તેનો ટૂંકસાર નીચે પ્રમાણે છે.

(૧) દરેક જીવાત્માને સુખ ગમે છે, કોઈપણ જીવાત્માને દુ:ખ ગમતું નથી.
(૨) દરેક જીવાત્માને મુક્તિ મેળવવાનો સમાન હક્ક છે. શાસ્ત્રશ્રવણ, મનન, અનુકરણ અને સહજ આચરણ એ દરેક જીવાત્માને મુક્તિ તરફ લઈ જઈ શકે છે.
(૩) મન, વચન અને કર્મને આત્માની ઉન્નતિના કાર્યમાં લગાડવાથી આત્મા ઉન્નત બને છે.
(૪) આત્મા પોતે જ પોતાના કાર્ય છે, ભોક્તા છે.
(૫) સાચી સાધના અહિંસામાં રહેલી છે. હિંસાથી ભરેલા ક્રિયાકાંડોથી સાચો ધર્મ થતો નથી પરંતુ આત્મત્યાગ કે આત્મ બલિદાન એ જ સાચો યજ્ઞ છે.
(૬) સંસાર પ્રત્યેનો મોહ ક્યારેય આત્માને મુક્તિ અપાવી શકે નહીં.
(૭) સર્વ રીતે રાગ-દ્વેષથી પર થયેલો આત્મા વ સિદ્ધ આત્મા થઈ શકે.
(૮) તમે જીવો, અન્યને જીવવા દો, તમે સુખ પામો, અન્યને સુખ પામવા દો.

ભગવાન મહાવીરે સત્ય જ્ઞાનની પ્રાપ્તિ પછી સતત ૩૦ વર્ષ સુધી લોકોને સદ્‌ધર્મનું જ્ઞાન આપ્યું અને કુરિવાજો, ક્રિયાકાંડોને ત્યાગવા જણાવ્યું, પરિણામે ૧૪૦૦૦ સાધુ અને ૩૬૦૦૦ સાધ્વીઓએ ભગવાન મહાવીર પાસે દિક્ષા અંગીકાર કરી. ધન્ય છે આવા દિવ્યઅલૌકિક, વિરલ આત્માને, તેઓશ્રીની આત્મશક્તિને કે જેના તેજ આજે પણ જ્ઞાન, ક્રિયારૂપી ધર્મમાં વિશ્વમાં ઠેર ઠેર જોવા મળે છે.

***

# ભારતીય લોકસાહિત્યમાં રામકથા

■ અનવર આગેવાન ■

ભારતીય ભાષાઓમાં વિવિધ લોકગીતો અને લોકકથાઓમાં ગૂંથાયેલા રામકથાના પ્રસંગો જ્યારે જ્યારે હું વાંચું છું ત્યારે મન ઉત્કંઠિત બની જાય છે, અને માનસ સિવાય રામકથાના આ બધા પ્રસંગોને એકત્ર કરી એક નૂતન રામકથા લખવાનું મન થાય છે. પરંતુ મારી કેટલીક મર્યાદાઓ અને મજબૂરીઓને કારણે મન પાછું પડે છે. છતાં વિવિધભાષી રામાયણના પ્રસંગોનો અભ્યાસ કરતો રહ્યો છું.

આંધ્રની તેલુગુ રામકથાનો એક મનોરમ પ્રસંગ આ પ્રમાણે છેઃ શત્રુઘ્નની પત્ની શ્રુતકીર્તિ સોળે શૃંગાર સજીને બેઠી છે, શત્રુઘ્ન પોતાના શયનકક્ષમાં પ્રવેશ કરે છે. એમને જોઈને શ્રુતકીર્તિ તત્પરતાથી ચરણસ્પર્શ કરવા માટે આગળ આવે છે. શત્રુઘ્ન પત્નીને આલિંગન આપવા ઈચ્છે છે. ત્યારે શ્રુતકીર્તિ એક ડગલું પાછળ હઠી જતાં કહે છે, ''આમ તો તમે જોઈ જ રહ્યા છો કે હું આજે નવવધૂનાં વસ્ત્રાલંકારોથી સજ્જિત આપની સામે ઉપસ્થિત છું. મને એ પણ જ્ઞાન છે કે આપની ઈચ્છા વગર મારી કોઈ ગતિ કે નિયતિ નથી. હું આ સ્થિતિને મારું પરમ સૌભાગ્ય સમજું છું. છતાંય આપને કંઈક કહેવા માગું છું.''

''મારી સમીપ તારે સંકોચ રાખવાનું કારણ નથી. તું જે પણ કહેવા ઈચ્છે, નિઃશંકપણે કહે.'' શત્રુઘ્નએ પત્નીને પ્રેમથી કહ્યું

''પિતાતુલ્ય રામ વનમાં છે. માતાતુલ્ય જાનકી એમની સાથે વનવાસનું કષ્ટ વેઠી રહ્યાં છે. એ જ રીતે અગ્રજ લક્ષ્મણ વનમાં છે. ઊર્મિલા અહીં સાકેતમાં વિરહયોગ સાધી રહી છે. ધર્મરૂપ મહાભાગ્યવાન ભરત નંદીગ્રામમાં છે, માંડવી વિરહવેદનાથી દુઃખી છે. એવી વેળા આપણું આ મિલન કેવું લાગશે ?'' શ્રુતકીર્તિએ એક પ્રશ્ન પ્રિયતમ સામે ઉપસ્થિત કરી દીધો.

''હું કર્તવ્યવિમુખ થઈ રહ્યો હતો. તેં આજે મને યથાર્થ માર્ગદર્શન આપ્યું. તેં મને પરિવારધર્મથી વિમુખ થતો બચાવ્યો. તું માત્ર



*ધર્મને સમજવા માટે બાઈબલ વાંચવું પડે અને સાહિત્યરસ પામવા માટે શેક્સપિયરનાં નાટકો વાંચવા પડે પરંતુ બન્ને બાબતોને એકસાથે માણવી હોય તો રામચરિતમાનસ વાંચવું પડે.*
***- વિનોબાજી***

મારી પત્ની નહીં, ગુરુ પણ છે. હવે હું આ ખંડમાં ત્યારે જ આવીશ જ્યારે રામ, ભરત અને લક્ષ્મણ પોતપોતાના ખંડમાં સીતા, માંડવી અને ઊર્મિલાની સાથે હશે.'' આટલું કહીને શત્રુઘ્ન શ્રુતકીર્તિને નમન કરી તરત જ બહાર ચાલ્યા ગયા. આ પ્રસંગ પછી શત્રુઘ્ન અને શ્રુતિકીર્તિએ રાજસી વસ્ત્રોનો ત્યાગ કર્યો. બંનેએ રાજપ્રસાદમાં રહેવા છતાં પણ વલ્કલ ધારણ કર્યાં. પરિવાર-ધર્મનો આ એક ઉદાત્ત અપૂર્વ પ્રસંગ છે.

સામાન્ય રીતે વિવિધ રામકથાઓમાં લક્ષ્મણને ઉદ્ધત વર્ણવેલ છે. આંધ્રની રામકથામાં પહેલીવાર લક્ષ્મણ અત્યંત સુકોમળ, સૌમ્ય રૂપે જોવા મળે છે.

પૂર્ણિમાની મધરાતનો સમય છે. ચંદ્રિકાનો ધવલ પ્રકાશ સમગ્ર વાતાવરણને અત્યંત મોહક રૂપ અર્પી રહ્યો છે. પર્ણકુટિમાં રામ અને સીતા વિશ્રામ કરી રહ્યાં છે અને બહાર દ્વાર પર વીરાસન મુદ્રામાં લક્ષ્મણ પહેરો ભરતા બેઠા છે. ઈન્દ્રજિત મેઘનાદને એવું વરદાન મળ્યું હતું કે જે વ્યક્તિ બાર વર્ષ સુધી નારી, નિદ્રા અને આહારનો પરિત્યાગ કરશે, એ જ એના પર વિજય મેળવી શકશે. લક્ષ્મણે નારી, નિદ્રા અને આહારના ત્યાગનું વ્રત લીધું હતું. એક દિવસ એકાએક એક અપરૂપ સુંદરી લક્ષ્મણની સામે પ્રકટ થઈ. એ વારંવાર વિવિધ પ્રકારના ઉત્તેજક હાવભાવ પ્રદર્શિત કરતી હતી પણ લક્ષ્મણ અવિચલિત રહ્યા. ધીમે ધીમે એ આગળ વધવા લાગી. લક્ષ્મણે હાથ જોડીને એની અભ્યર્થના કરી.

''દેવી, તમે કોણ છો ? શા કારણે પધારવાની કૃપા કરી, મારે માટે શું આજ્ઞા છે ?'' લક્ષ્મણે અત્યંત વિનમ્ર સ્વરે પૂછ્યું.

''માત્ર હું તમારે માટે છું. તમારા માટે આવી છું. મારો સ્વીકાર કરો. હું કૃતાર્થ થઈશ.'' પ્રગલ્ભાએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

''દેવી, આપે બહુ કૃપા કરી-હું આપનો આભારી છું. જ્યાં તમે મારા પર આટલી કૃપા કરી છે, એક કૃપા વધુ કરો તો હું બહુ મોટો ઉપકાર માનીશ.'' લક્ષ્મણે સવિનય નિવેદન કર્યું.

''સૌમ્ય ! તમે એટલા મૃદુભાષી છો કે હું તમારા પર અતિ પ્રસન્ન છું. તમે કહો કે હું તમારા માટે શું કરું ?'' પ્રેમ-વિહ્વળા સુંદરીએ કહ્યું.

''દેવી ! સાકેતમાં એક દુખિયારીને છોડીને આવ્યો છું, એને તમારા સહયોગની જરૂર છે. તમે એની પાસે જશો તો મારા પર મોટો ઉપકાર થશે.'' લક્ષ્મણનું કથન સાંભળીને એ તેમને આશીર્વાદ આપતી સાકેત તરફ ગઈ. અંતમાં અત્યંત નાટયાત્મક રીતે એક અતિ સુકુમાર કાવ્યાત્મક તથ્ય ઉદ્‌ઘાટિત થાય છે કે સુંદરી બીજી કોઈ નહીં પરંતુ સૌમિત્રની નિદ્રા જ હતી, જે આટલા મોહક રૂપે એની સામે ઉપસ્થિત થઈ હતી. લક્ષ્મણ પોતાની નિદ્રા પોતાના વિરહથી પીડિત પ્રિય ઊર્મિલાને મોકલે છે. જેને પ્રિય-વિયોગને કારણે નિદ્રા આવતી નથી. વનવાસ સમયે પણ લક્ષ્મણના મનમાં ઊર્મિલાનો આટલો ખ્યાલ હતો. આ પરથી એમનો સૌમ્યતાનો ચિતાર મળે છે.

દુર્ગા સપ્તશતીના રચનાકારના શબ્દોમાં સર્વ જીવોમાં સ્થિત નિદ્રારૂપી દેવી જ વસ્તુતઃ લક્ષ્મણની પરીક્ષા લેવા માટે આવી હતી અને લક્ષ્મણ એ કસોટીમાં ઉર્તીણ થયા.

શબરી ૬ વર્ષની છે. એના પિતા પોતાની જાતિના પ્રમુખ છે. શબરીનાં લગ્ન થવાનાં હતાં.

બલિ આપવા માટે અનેક પશુ લાવવામાં આવે છે. શબરી મસ્તીમાં મગન છે. લગ્નની ધૂમધામ બાલિકા માટે મેળાનો આનંદ આપે છે. કુતૂહલવશ શબરીએ પૂછયું, ''પિતાજી આટલાં બધાં પશુ કેમ લાવ્યા છો ?'' ''તારા લગ્ન છે ને, એટલે આ બધાંની બલિ અપાશે.'' પિતાનો ઉત્તર સાંભળીને બાલિકાનું કોમળ મન ચિત્કાર કરી ઊઠયુંઃ લગ્ન શું કોઈ એવી દુર્ઘટના છે જેને માટે આટલાં બધાં નિર્દોષ પ્રાણીઓનો ભોગ લેવાશે ? એક ચિત્કાર એના મનને ઘેરી વળ્યો અને એ ઘર છોડીને ભાગી નીકળી, મહર્ષિ અગત્સ્યના ભાઇ મહર્ષિ સુતીક્ષણના આશ્રમમાં એને શરણ મળ્યું. બાલિકા પાસેથી બધી વાત સાંભળ્યા પછી સુતીક્ષણે કહ્યું, ''તું અહીં જ રહે, રામાવતાર થશે ત્યારે રામ અહીં આવશે, તને એનાં દર્શનનો લાભ મળશે !'' બાલિકા તો ખુશ થઈ ગઇ, ''રામ અહીં આવશે ! એમના દર્શનનો લાભ મળશે.'' એ જ દિવસથી એ રામની પ્રતીક્ષા કરવા લાગી. એ જ ક્ષણથી એની એકનિષ્ઠ પ્રતીક્ષાની તપસ્યાનો શુભારંભ થાય છે. એ અરણ્યમાં ઘૂમતી, રમતી અને જે પણ ફળ મળે એને ચાખતી. જો એ મીઠાં, સ્વાદિષ્ટ હોય તો એને પોતાના રામ માટે રાખી લેતી. કડવાં કાચાં, ફિક્કાં ફળ પોતે ખાતી. એક-બે દિવસ નહીં અનેક વર્ષો સુધી અથાક, અવિરત પ્રતીક્ષા કરતી શબરી વૃદ્ધાવસ્થાએ પહોંચી.

આંખ, કાન સમગ્ર કાયા નિર્બળ બની ગઈ. પરંતુ શબરીની ધીરજ ખૂટી નહિ. અંતમાં રામ પધાર્યા. પ્રતીક્ષા સાર્થક થઈ. તપસ્યા પુરસ્કૃત થઈ. વર્ષો પહેલાં ભેગાં કરેલા એઠાં ફળ એ રામને અર્પિત કરે છે. ફળ સડી ગયાં છે, પરંતુ રામ એના સ્વાદના વખાણ કરતાં ફળો આરોગતા જાય છે.

મહર્ષિ સુતીક્ષણ રામને એક સુંદર સરોવર બતાવીને કહે છેઃ આટલું સુંદર સરોવર હોવા છતાં પણ કીડા પડી જવાને કારણે એનું જળ કશા ય કામમાં નથી આવતું. રામે પ્રશ્ન કર્યો : ''શું એમાં શબરીને સ્નાન કરવા માટે મનાઈ કરવામાં આવી હતી ?'' ''શબરી શુદ્ર છે માટે એને સરોવરમાં સ્નાન કરવાની મનાઈ હતી.'' મહર્ષિ અગત્સ્યના બંધુ મહર્ષિ સુતીક્ષણે પ્રશ્નનો ઉત્તર આપ્યો.



''શબરીને આ સરોવરનું જળ વાપરવાની છૂટ આપો. એનાં ચરણસ્પર્શ કરતાં જ જળ નિર્મળ સ્વચ્છ થઈ જશે.'' રામે સમાધાન પ્રસ્તુત કર્યું અને થયું પણ એમ જ ! શબરીએ જેવો સરોવરમાં પગ મૂક્યો, સરોવર નિર્મળ અને સ્વચ્છ થઈ ગયું !

રામાયણકાર અનુસાર રામનો શાસનકાળ દસ હજાર વર્ષનો છે. રામને શાસન કરતાં બે હજાર વર્ષ વીતી ગયાં છે. સર્વત્ર શાંતિનો વાસ છે.

દરરોજ સવારે ઊઠીને રામ સર્વ પ્રથમ માતા કૈકેયીના ચરણસ્પર્શ કરવા જતા, પછી બીજી બે માતાઓના ચરણસ્પર્શ કરતા. તે પછી ગુરુ બ્રહ્મર્ષિ વશિષ્ઠના ચરણસ્પર્શ કરે; સુમંત વગેરે ગુરુજનોનું અભિવાદન કરતા. આ બધું કર્યા પછી જ તેઓ પોતાના નિત્ય-કર્મમાં પરોવાતા. રાત્રે સૂતાં પહેલાં પણ આ જ ક્રમ રહેતો.

એક દિવસ રાત્રે સૂતાં પહેલાં જ્યારે રામ માતા કૈકેયીના ચરણ સ્પર્શ કરવા ગયા ત્યારે કહ્યું, ''માતા ! શી વાત છે ? જ્યારે પણ હું તમારી પાસે આવું છું ત્યારે તમારી આંખો છલકાતી હોય છે. મારાથી એવો કયો અપરાધ થયો છે ?''

''તારાથી અપરાધ થયો હોય એવી કલ્પના તો સ્વપ્નેય ન થઈ શકે !'' એક લાંબો નિઃશ્વાસ છોડીને કૈકેયીએ ટૂંકો ઉત્તર આપ્યો. એમના આવા ઉત્તરથી એક વાત સ્પષ્ટ થતી હતી કે એક દર્દ કૈકેયીના હૃદયમાં ઘૂંટાઈ રહ્યું છે, જેને એ પ્રગટ કરી શકતી નથી.

''તો પછી શી વાત છે, મા ?'' રામ આર્દ્ર થઈ ગયા.

''દીકરા, તને વનવાસ આપ્યે બે હજારથી વધુ વર્ષો થઈ ગયાં. ઘટના એકદમ જૂની થઈ ગઈ, તો પણ રોગ જેટલો જૂનો થતો જાય છે એટલો વધુ કષ્ટપ્રદ થતો જાય છે.'' કૈકેયી રડવા જેવી થઈ ગઈ.

''માતા ! આ કષ્ટનો કેવી રીતે પ્રતિકાર પરિહાર કે શમન સંભવે છે ? કોઈ ઉપાય હોય તો આજ્ઞા કરો.''

''જે ઘડીએ તને વનવાસ આપ્યો છે તે ઘડીથી આજ સુધી ભરતે મને 'મા' કહી બોલાવી નથી.'' નિરુપાય અસહાય બનતી કૈકેયીના સ્વરમાં યાચના છલકાઈ ઊઠી.

''અરે ! એમાં શું મોટી વાત છે ? મા ! તમે નિશ્ચિંત રહો, હું ભરતને કહીશ. મને વિશ્વાસ છે કે ભરત મારી અવજ્ઞા નહીં કરે.''

ભરત પ્રત્યે આશ્વસ્ત રામે વિશ્વાસપૂર્વક માતા કૈકેયીને આશ્વાસન આપ્યું.

બીજી સવારે રામે ભરતને કહ્યું, ''ભાઈ ભરત ! હું આજે તારી પાસે કંઈ માગવા આવ્યો છું.'' ભરત અને રામનું હૃદય તો એક છે, અભિન્ન છે. એ તથ્યને રામાયણકાર ફરી દોહરાવે છે.

''મોટાભાઈ ! તમે આજ્ઞા આપો, આપનાં ચરણોમાં પ્રાણ પણ અર્પિત કરવામાં હું કૃતાર્થ અનુભવીશ. પરંતુ આપ કૈકેયીને માતા કહેવા માટે ન કહેશો.'' હાથ જોડીને ભરતે રામની ધારણાને મૂળમાંથી જ ઉચ્છેદી નાખી. રામ હતપ્રભ બની ગયા. પછી બીજી જ ક્ષણે ભરત બોલ્યોઃ ''ખરેખર મારી મા કૈકેયી બહુ અભાગણ છે. સ્વયં પરાત્પર પ્રભુરામ જેના ચરણસ્પર્શ કરીને રોજ સવાર-સાંજ માતા કહીને સંબોધન કરતા હોય છતાં એનામાં હજુ એ વાસના બાકી રહી છે કે મારા જેવી ક્ષુદ્ર વ્યક્તિ એને મા કહે ! સાચે જ એનો ઉદ્ધાર શક્ય નથી.'' કૈકેયી પાછળ ઊભી ઊભી બે ભાઈઓનો સંવાદ સાંભળતી હતી. એ બહાર આવી-એની આંખો છલકાય છે. હોઠો પર હાસ્ય છે અને પોતાનો કાંપતો એક હાથ રામના મસ્તક પર અને એક ભરતના મસ્તક પર રાખી આશીર્વાદ આપે છે કે ''મને જોઈતું હતું એ મળી ગયું. રામ તમે ધન્ય છો. ભરત ! તમે ધન્ય છો. અને તમને બંનેને મેળવીને હું ધન્ય બની ગઈ છું.''

✸✸✸

# નિર્મલ હૃદયની પ્રાર્થના

**દિનેશ પંડિત**

જેમ સાગરના અનેકાનેક તરંગો ઊઠે છે, તેમ માનવીના મનમાં પણ અનેકાનેક કામ, ક્રોધ, મોહ, ઈર્ષા, મત્સર વગેરે વગેરે નામના તરંગો ઉત્પન્ન થાય છે અને સમય સમયે બદલાતા રહે છે. અને આ તરંગો એવા વમળો પેદા કરે છે જેના કારણે માનવીનું હૃદય કલુષિત બન્યા કરે છે. ક્યારેક એકાદ મહાગજાનો માનવી આવા તરંગોમાંથી તદ્દન મુક્ત બને છે. તેનું મન બિલકુલ અ-મનની અવસ્થામાં આવી જાય છે અને શુદ્ધ ચૈતન્ય પ્રકટ થાય છે. વાંસની પોલી ભૂંગળી જેવા માનવીના હૃદયમાં પરમ સત્તા, પરમ જ્ઞાન અને પરમ આનંદ વાસ કરે છે. આવી વ્યક્તિનું બોલવું, ચાલવું, ખાવું, પીવું, સૂવું, જાગવું બધું જ બ્રહ્મમય બને છે અને આ સર્વ આચરણોને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. બ્રહ્મ જેવી ચર્યા, આવી નિર્દોષ વ્યક્તિ પરમ સત્તાનું માધ્યમ બને છે અને તેના થકી જે જ્ઞાન અવતરિત થાય છે તે બ્રહ્મજ્ઞાન. કૃપાપાત્ર વ્યક્તિ ગમે તે જ્ઞાતિ, સમાજ, દેશ કે પરંપરાનો હોય, તેને કોઈ પ્રકારની સીમા નડતી નથી અને એટલે જ સ્તો હિન્દુ, મુસ્લિમ, ઈસાઈ, પારસી, જૈન, બૌદ્ધ સમાજમાં આવા પુરુષો ઊંચનીચના



ભેદભાવ સિવાય અવતર્યા છે.

કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, જરથુષ્ટ અને હિંદુ સમાજના અનેકો ઋષિ-મુનિઓ, વેદવ્યાસ અને અન્ય અવતારોના હૃદયમાં પરમસત્તા બિરાજમાન થઈ અને તે સત્તા દ્વારા પરમજ્ઞાન, બ્રહ્મજ્ઞાન અવતરિત થયું, જે હજારો માનવીઓના હૃદયને હજારો વર્ષોથી નિર્મળ બનાવી રહ્યું છે. પરમસત્તાને કુરાનમાં નુરજમાલ અને હિંદુઓના શાસ્ત્રોમાં સચ્ચિદાનંદ કહેવામાં આવે છે. આપણે પરિવર્તનશીલ જગતની ભૌતિક અને ક્ષણિક વસ્તુઓના સુખ માટે જીવન વેડફી રહ્યા છીએ. આ અજ્ઞાનતા છોડી જે અખંડ છે તેને યાદ કરીએ. બુદ્ધ પુરુષો સમજાવતાં કહે છે કે તમે તે પરમ શક્તિને એક વખત યાદ કરો તો તે તમને દશ વખત જી જી કરીને જવાબ આપશે. જેમ પહાડો યા ગુફાઓમાં આપણે એક અવાજ કરીએ તો તે અનેક વખત પરિવર્તિત થઈ પરત આવે છે તેમ સાચા અને પવિત્ર હૃદયથી એક વખત પરમાત્માને યાદ કરીએ તો તે આપણને અનેક વખત યાદ કરે છે. પણ આપણે આપણા સંસારમાં એટલા ગળાડૂબ હોઈએ છીએ કે તેને ખરા હૃદયથી યાદ કરવાનો સમય જ મળતો નથી. આમ તો આપણે નિયમ પ્રમાણે ઔપચારિકતાથી, રીતરિવાજો અને સંસ્કારોના કારણે સવાર-સાંજ યાદ કરીએ છીએ. પણ હૃદયના ઉમળકાથી નહીં. ચાલો તો આજથી આપણે વધારે પ્રેમપૂર્ણ બનીએ. હૃદયમાંથી કામ, ક્રોધ, મોહના કચરાને કાઢી નિર્મળ હૃદયથી દિવસમાં કમ સે કમ એકવાર તેને યાદ કરીએ.

✸✸✸

---

ગંભીર બીમારીઓની સારવાર કરનાર એક ડૉક્ટર હતા. બહુ જ હોંશિયાર. ડૉક્ટર વિશે એવું કહેવાતું કે, એ તો મોતની નજીક પહોંચી ગયેલા માણસોને પાછા લઈ આવે છે. ડૉક્ટર પાસે જે દર્દી આવે તેની પાસે એક ફોર્મ ભરાવે. દર્દીને પૂછે કે, તમે આ ફોર્મમાં લખો કે,

'જો તમે બચી જશો તો તમે કેવી રીતે જીવશો જિંદગીમાં જે બાકી રહી ગયું છે, એ શું છે?'

દરેક દર્દી પોતાના દિલની વાત લખતો. હું બચી જઈશ તો, મારા પરિવાર સાથે પૂરતો સમય વિતાવીશ. મારા દીકરા અને દીકરીનાં સંતાનો સાથે પેટ ભરીને રમીશ. કોઈએ પોતાનો ફરવા જવાનો શોખ પૂરો કરવાની વાત કરી તો કોઈએ એમ પણ કહ્યું કે, મારાથી જે લોકોને હર્ટ થયું છે; એની પાસે જઈને



માફી માગી લઈશ.

એક દર્દીએ કહ્યું કે, હસવાનું થોડુંક વધારી દઈશ. જાતજાતની વાતો જાણવા મળી. જિંદગી સામે કોઈ ફરિયાદ નહીં કરું. ગિલ્ટ ન થાય એવું કામ કરીશ. ડૉક્ટર ઓપરેશન કરે. દર્દી રજા લઈને જાય ત્યારે ડૉક્ટર એ જ ફોર્મ દર્દીને પાછું આપે.

દર્દીને કહે કે, પાછા બતાવવા આવો ત્યારે આ ફોર્મમાં તમે જે લખ્યું છે એના પર ટિક માર્ક કરતાં આવજો અને કહેજો કે તમે લખ્યું હતું એ રીતે કેટલું જીવ્યા?

ડૉક્ટરે કહ્યું કે, એકેય માણસે એવું નહોતું લખ્યું કે, જો હું બચી જઈશ તો મારે જે વેર વાળવું છે એ વેર વાળી લઈશ. મારા દુશ્મનને ખતમ કરી નાખીશ. હું રૂપિયા વધારે કમાઈશ. મારી જાતને વધુ બિઝી રાખીશ. દરેકનો જીવવાનો નજારિયો જુદો જ હતો.

ડૉક્ટરે સવાલ કર્યો કે, 'તમે સાજા હતા ત્યારે તમને આ રીતે જીવતા કોણ રોકતું હતું?' હજુ ક્યાં મોડું થયું છે??

બે ઘડી વિચાર કરો કે, તમારી જિંદગીમાં એવું જીવવાનું કેટલું બાકી છે, જેવું જીવવાનું તમે ઇચ્છો છો?

'બસ, એ રીતે જીવવાનું શરૂ કરી દો.' સાચી જિંદગી એ જ છે કે જ્યારે જીવન પૂરું થવાનું હોય ત્યારે કોઈ અફસોસ ન હોય!

એવું ન લાગે કે, હું મારી જિંદગી મને ગમે એમ જીવ્યો નથી!

# કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્ય

■ રજની વ્યાસ ■

**આ**ચાર્ય હેમચંદ્રની કથા પુરાણકથા જેવી જુગ જૂની નથી. હજી તો કાળની કેડીએ પડખું ફેરવેલા ઈતિહાસના પૃષ્ઠો પર નજર નાખી શકાય એટલી જ પુરાણી છે. માત્ર ૯૦૦ વર્ષ પુરાણી, છતાં જાણે ગઈ કાલે જ બનેલી વાત કોઈ પૌરાણિક કથા જેવી જ રોમાંચક છે.

**ધંધુકાની એ ધન્ય ધરા**

ધંધુકામાં વિહારે પધારેલા દેવચંદ્રસૂરિના દર્શને આવેલી પાહિણી સાથે તેનો પાંચ વર્ષનો પુત્ર ચાંગદેવ પણ છે. દિવ્ય દૃષ્ટિવાળા આચાર્યે બાળક પર નજર નાખતાં જ બાળકનું હીર પારખી લીધું. આખો મીંચી દીધી. ઊંડા વિચારમાં ઊતરી ગયા. તેમણે પાહિણીને કહ્યુંઃ ‘માતા, તારો પુત્ર એક અદ્‌ભુત પુરુષ થવા સર્જાયો છે. એને તું માત્ર તારો પુત્ર ન સમજતાં એને મહાન સરસ્વતીપુત્ર-ધર્મપુત્ર બનાવ. તારા પુત્રને તું મને સોંપી દે. ગૌતમનો એ બીજો અવતાર થશે.’ તીવ્ર મનોમંથન બાદ, ગુરુના શબ્દોમાં શ્રદ્ધા રાખીને માતાએ પુત્રને જગત્કલ્યાણાર્થે આચાર્યને સોંપી દીધો. આચાર્ય એને ખંભાત લઈ ગયા.

બાળક ચાંગદેવ ગુરુ પાસે ધર્મના પાઠ ભણી રહ્યો હતો. હવે તે નવ વર્ષનો થયો હતો. સૂરિની ઈચ્છા મુજબ ખંભાતના સુબા ઉદયન મંત્રીએ ચાંગદેવની ઠાઠમાઠથી દીક્ષા અપાવી. સંવત ૧૧૫૪, મહા સુદ ૧૪ અને શનિવારનો એ દિવસ હતો. દીક્ષિત ચાંગદેવ હવે ‘સોમચંદ્ર’ બન્યા. દીક્ષા લીધા પછી સોમચંદ્ર કઠોર સાધના અને પરિશીલનમાં એકાગ્ર થઈ. આચારપાલન, ઉચ્ચ વિચાર અને વિદ્યાભ્યાસમાં તેમનું બ્રહ્મતેજ ખીલી નીકળ્યું. તેમણે જૈન શાસ્ત્રો અને જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો. આ ઉપરાંત અન્ય ધર્મોનો પણ અભ્યાસ કર્યો.

સોમચંદ્રમાં અદ્‌ભુત ગુણો ખીલી રહ્યા હતા. વિશાળ વાંચન અને મનન, વ્યવહારચાતુર્ય, નવા નવા ઉપયોગી સાહિત્ય-નિર્માણ કરવાની સૂઝ અને તત્પરતા, તત્કાલીન પ્રજાની



**જન્મ :** સંવત ૧૧૪૫, કારતક સુદ૧૫,
**મૃત્યુ :** સંવત ૧૨૨૯,
**જન્મસ્થળ :** ધંધુકા.
**વિશિષ્ટ કૃતિઓઃ** શબ્દાનુશાસન - સિદ્ધહૈમ (વયાકરણ), અભિધાન ચિંતામણી (કોશ), કાવ્યાનુશાસન (અલંકારશાસ્ત્ર), છંદોનું શાસન (છંદાશાસ્ત્ર), પ્રમાણમીમાંસા (ન્યાયશાસ્ત્ર), દ્વયાશ્રય (સંસ્કૃત અને પ્રાકૃત).

પરિસ્થિતિનો સ્પષ્ટ પરિચય વગેરે તેમના વ્યક્તિત્વનાં ઝળહળતાં પાસાં હતાં. જાહેર જીવનનો પડછાયો પણ ન પડી જાય એવી મુનિ સોમચંદ્રની સોળ સોળ વર્ષની એકધારી સાધના પછી ગુરુને સોમચંદ્રમાં પોતાનો પદભાર વહન કરવાની યોગ્યતા જણાઈ. પોતાનું પદ તેમણે સોમચંદ્રને ઉત્સાહપૂર્વક આપવાની તૈયારી કરી. સંવત ૧૧૬૬, વૈશાખ સુદ ત્રીજ અક્ષયતૃતીયાને દિવસે મધ્યાહ્‌ન સમયે દેવચંદ્રસૂરિએ મુનિ સોમચંદ્રને પોતાની કંથા ઓઢાડી દીધી. પોતાનું આચાર્યપદ તેમને સોંપી દીધું. ત્યારથી સોમચંદ્ર ‘હેમચંદ્રસૂરિ’ બન્યા. માતા પાહિણી આ પ્રસંગે હાજર હતાં. આનંદથી પુલકિત થયેલી માતાના માનસપટ પર ૨૧વર્ષ પહેલાંનો દિવસ તાદૃશ થયો.

પાટ ઉપરથી પ્રૌઢ અને જ્ઞાની દેવચંદ્રસૂરિએ મધ્યમાં ચાંદીના સિંહાસન ઉપર બિરાજમાન ભગવાન જિનેશ્વરદેવની ચતુર્ભુજ મૂર્તિ સન્મુખે બિરાજમાન યુવાન-તેજસ્વી હેમચંદ્રને આચાર્ય જાહેર કર્યા બાદ માતા પાહિણી હેમચંદ્ર પાસે ગઈ. તેમને પ્રણામ કરીને, પોતાને પણ સાધ્વી સંઘમાં પ્રવેશ આપવા વિનંતી કરી. પાહિણીના અંતરના ઉમળકાને પારખીને માતાને પુત્રએ જ સાધ્વીપદ આપ્યું. સર્વત્ર જયજયકાર થઈ રહ્યો.

આચાર્ય હેમચંદ્રે ખંભાતમાં જ્ઞાનની મોટી પરખ ઉઘાડી. અનેક જ્ઞાનપિપાસુ અને વિદ્યાવ્યાસંગીઓની જિજ્ઞાસાને તૃપ્ત કરી. નવા વિકાસમાર્ગો બતાવીને સાધકોને ઉતેજિત કર્યા. આખા ખંભાતને જાગતું કરીને પછી સૂરિએ તે સમયની ગુજરાતની રાજધાની પાટણ તરફ જવાની પોતાની ધારણા પોતાના ગુરુ દેવચંદ્રસૂરિને અને મંત્રી ઉદયનને જણાવી. બંનેએ હેમચંદ્રને આ માટે સંમતિ આપી.

ગુર્જર નરેશ સિદ્ધરાજ જયસિંહ મહાપ્રતાપી હતો. રસિક હતો, વિદ્વાન હતો અને પ્રજાપરાયણ હતો. તેની રાજસભામાં અનેક ધર્મના પંડિતો, કવિઓ અને બુદ્ધિશાળીઓના આસનો પડ્યાં પાથર્યા રહેતાં. આચાર્ય હેમચંદ્ર પાટણ પધારવાથી સિદ્ધરાજના આનંદનો પાર ન રહ્યો. ખૂબ જ સ્નેહથી અને આદરપૂર્વક સિદ્ધરાજે હેમચંદ્રાચાર્યને પાટણમાં આવકાર આપ્યો. ‘મુનિવર, ભલું પાટણને શોભાવ્યું. દર્શન કરી કૃતાર્થ થયો.’ સિદ્ધરાજની રાજ્યસભામાં આચાર્ય હેમચંદ્રનું સ્થાન સર્વોચ્ચ બની રહ્યું. વિદ્યાપ્રીતિ ધરાવતા રાજન અને પ્રખર જ્ઞાની આચાર્ય વચ્ચેનો પરિચય ગાઢ મૈત્રીમાં પરિણમ્યો.

માલવદેશ જીતીને સિદ્ધરાજે આણ વર્તાવી હતી. ત્યાંનો પુસ્તકભંડાર રાજાની નજરે ચડતાં તેમાં શું શું છે ? તે જાણવા પોતાની જિજ્ઞાસાને તે રોકી શકયો નહિ. ગ્રંથપાલે કહ્યું, ‘મહારાજ આ ભંડારમાં રાજા ભોજે બનાવેલું એક અદ્‌ભુત વ્યાકરણ છે. દેશભરની પાઠશાળામાં તેનો અભ્યાસ થાય છે. પાટણમાં પણ તેનો જ અભ્યાસ થાય. છે.’ રાજાએ આ આખોય ભંડાર પાટણ લઈ જઈને આચાર્ય હેમચંદ્રને સોંપવા આજ્ઞા કરી.

થોડા સમય બાદ સિદ્ધરાજ પાટણ આવતાં આચાર્યએ રાજાને કહ્યું: 'મહારાજ, આપણી પાઠશાળાઓમાં આપણું પોતાનું અલંકારશાસ્ત્ર ન હોવાથી આપણા વિદ્યાર્થીઓને પરાયું વ્યાકરણ અને પરાયું અલંકારશાસ્ત્ર ભણવું પડે છે.' જવાબમાં સિદ્ધરાજે આચાર્યશ્રીને એક સર્વાંગસુંદર વ્યાકરણ, અલંકારશાસ્ત્ર, છંદશાસ્ત્ર અને શબ્દકોશ તૈયાર કરવા વિનંતી કરી.

હેમચંદ્રનો મઠ માત્ર જૈન મઠ ન હતો પણ આખા ગુજરાતનો સર્વધર્મનો મઠ હતો. ત્યાં અનેક લહિયાઓ લખ્યા કરતા. આચાર્ય લહિયાઓ વચ્ચે બેસીને નવું નવું સાહિત્ય લખાવ્યે જતા. આચાર્યએ નવું વ્યાકરણ તૈયાર કરી નાખ્યું. ગુજરાતના ધરણીધર સિદ્ધરાજને 'સિદ્ધહેમ' વ્યાકરણની પૂર્ણ રચનાના સમાચાર મળતાં તે હરખાયો. તે વ્યાકરણની ત્રણસો નકલો તેણે લહિયાઓ પાસે કરાવી. વિદ્યાનો મહિમા જાણનાર એ દીર્ઘદૃષ્ટા રાજાએ સિદ્ધહેમની પ્રતને હાથી ઉપર પધરાવી વાજતેગાજતે પાટણમાં શોભાયાત્રા કાઢી. આચાર્ય સાથે રાજા પોતે તે શોભાયાત્રામાં પગપાળા ફર્યા.

આ વ્યાકરણ ઉપરાંત તેમણે એક 'શબ્દકોશ', 'વૈદક નિઘંટુ', 'ધાતુપરાયણ', 'કાવ્યાનુશાસન', 'છંદોનું શાસન', 'દ્વયાશ્રય મહાકાવ્ય' વગેરે અનેક ગ્રથોની રચના કરી. સાધ્વીશ્રી પાહિણી સંવત ૧૨૧૧માં સ્વર્ગવાસી થતાં તેમના સ્મરણાર્થે હેમચંદ્રાચાર્યે સાડાત્રણ લાખ નવા શ્લોકો રચીને માતાને ભવ્ય અંજલિ આપી હતી.

આજે નવસો વર્ષ પછી પણ આચાર્યશ્રીનું 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' વ્યાકરણ એવું જ અપૂર્વ રહ્યું છે. હેમચંદ્રચાર્યે પોતાના પુરોગામીઓએ રચેલાં વ્યાકરણોની ત્રુટિઓ દૂર કરી, એમાંની કિલષ્ટતા દૂર કરી અને સરળ રજૂઆત કરી. સળંગ સૂત્રરૂપે તેમણે આખીય રચનાને અવતારી છે. પ્રથમ સાત અધ્યાયોમાં સંસ્કૃત વ્યાકરણનું અને આઠમા અધ્યાયમાં સમુચિત નિરૂપણ જોવા મળે છે.

'દ્વયાશ્રય', મહાકાવ્ય એમનું બીજું મહત્ત્વનું પ્રદાન છે. વ્યાકરણના સૂત્રોને સ્પષ્ટ કરી આપે તેવાં દૃષ્ટાંતો અને સાથે સાથે ચૌલુક્ય વંશના રાજાઓનાં જીવનચરિત્રો પણ તેમાં છે. આ રીતે બે આશયને આ કાવ્ય સિદ્ધ કરે છે. તેમાં પ્રથમ વીસ સર્ગ સંસ્કૃતમાં લખાયેલા છે. જ્યારે આઠ પ્રાકૃતમાં છે. આ ગ્રંથનું સાહિત્યિક તેમ જ ઐતિહાસિક બંને મૂલ્યો છે.

'કાવ્યાનુશાસન અને છંદાનુંશાસન' તેમના બીજા બે મહત્ત્વના ગ્રથો છે. હેમચંદ્રાચાર્યના પુરોગામીઓની વિચારણાનો લાભ લેવા ઉપરાંત તેમાં તેમણે પોતાની ટિપ્પણી ઉમેરી છે જે મહત્ત્વની છે. સમયનું સાંપ્રત તેમાંથી ઊઠે છે. અને કાર્યસંગ્રહ અને 'અભિધાન ચિંતામણિ' જેવા સંસ્કૃત કોશો પણ તેમણે આપ્યા છે. શબ્દજ્ઞો, શબ્દશાસ્ત્રીઓ માટે આ ગ્રથો મહામૂલા બન્યા છે. 'છંદોનું શાસન' 'દેશીનામમાલા' અને તેમણે 'દશ્યશબ્દકોશ' પણ આપ્યો છે. ત્રણ હજાર નવસો ઈકોતેર શબ્દોનો આ કોશ ગુજરાતી ભાષાના વિદ્વાનોને કીમતી સામગ્રી પૂરી પાડે તેવી સમૃદ્ધિ દાખવે છે.



તેમના અનેક સ્તોત્રોમાં 'મહાદેવસ્તોત્ર'નો પણ સમાવેશ થાય છે, કુમારપાળે આચાર્યશ્રીની આજ્ઞાથી સોમનાથ મહાદેવ મંદિરની પ્રતિષ્ઠા કરી હતી. હેમચંદ્રાચાર્યે તેમના જીવનકાળમાં સોમનાથની યાત્રા પણ કરી હતી.

આચાર્ય હેમચંદ્ર પોતાના લોકહિતકર ઉપદેશ દ્વારા ગુજરાતનાં ગામે ગામને જગાડવાનો સતત પ્રયાસ કરતા કરતા ખંભાત પહોચ્યા. થોડા જ સમયમાં ખંભાતની મોટી પૌષધશાળા એક મોટા વિદ્યાલયના રૂપમાં ફેરવાઈ ગઈ.

ગુજરાતનો ભાવિ રાજવી કુમારપાળ સિદ્ધરાજના કોપથી ડરતો. શરણં શોધતો ખંભાતમાં આચાર્ય પાસે આવી ચડ્યો. સામુદ્રિક શાસ્ત્રના જાણકાર આચાર્યે તેને આશ્રય આપીને અગમવાણી ઉચ્ચારી 'આજથી સાત વર્ષે તું ગુજરાતનો રાજા થઈશ.' સિદ્ધરાજનું અવસાન થતાં આચાર્યની વાણી મુજબ કુમારપાળ ગાદીએ આવ્યો. કુમારપાળે પણ પોતાની રાજસભામાં હેમચંદ્રાચાર્યને એવા જ સન્માનપૂર્વક રાખ્યા. આચાર્યના માર્ગદર્શનથી કુમારપાળે પણ ગુજરાતમાં સુરાજ્યની સ્થાપના કરી.

ગુજરાત એના આ વીર્યવંત પૂર્વસૂરિને કયા સ્વરૂપે યાદ કરશે ? સિદ્ધરાજ-કુમારપાળના દરબારમાં અગ્રીમપદે આરૂઢતા એક આચાર્ય તરીકે ? પ્રખર સંસ્કાર પુરુષ તરીકે ? ભાષા-સાહિત્યના એક અઠંગ અભ્યાસી તરીકે ? જૈન ધર્મના એક જ્ઞાતા તરીકે ? કે પછી સર્વધર્મ સમન્વયકારી આચાર્ય તરીકે ?

હેમચંદ્રાચાર્ય ગુજરાતની પ્રજાને તેની 'અસ્મિતા' પ્રત્યે સૌ પહેલી આંગળી ચીંધનાર, સર્વધર્મ સમભાવી અને ગુજરાતી ભાષા-સાહિત્યના ઉદ્‌ભવ વિકાસના બીજ રૂપ હતા. ચોર્યાસી વર્ષના દીર્ઘ આયુષ્યમાં વિપુલ પ્રદાન કરનાર આ કલિકાલ સર્વજ્ઞ આચાર્યનું ગુજરાત પર મોટું ઋણ છે.

✸✸✸

# ભર્યું ભર્યું ઘર

ગિરાબહેનની ઉદાસીનતા જુએ છે ને એમની પુત્રવધૂ ચહકનું હૈયું વલોવાઈ જાય છે. ગિરાબહેનના પિતાનું એક મહિના પહેલાં જ મૃત્યુ થયું છે; એમને પિયરમાં મા નથી, બહેન નથી, માત્ર એક ભાઈ છે. તેય પરદેશ વસ્યો છે. પિતાના છેલ્લા દિવસોમાં આવ્યો હતો. ઉત્તરક્રિયા પતાવીને તે પાછો પરદેશ જતો રહ્યો છે. હવે પિયરમાં કોઈ ના રહ્યું તેથી દુઃખ તો થાય જ, પણ બોલે નહિ. વાત ન કરે તો મન ક્યાંથી હળવું થાય ? એમને પિયરથી આવ્યે ત્રણ દિવસ થઈ ગયા, પણ એકે વાર જાણે મોં જ નથી ખોલ્યું.

ચહકને સાસુ સાથે પોતાની મા જેટલી, કદાચ મા કરતાંય વધારે આત્મીયતા થઈ ગઈ હતી. એ એના પતિ મિતુલને કહેતી, 'મારી મમ્મીને તો મારે કહેવું પડે, માગવું પડે; પણ અહીં આ મમ્મી તો વગર કહ્યે મારા મનની વાત જાણી લે છે.'

એ પરણીને આવી ને બીજે દિવસે જ એ વાળ ઓળતી હતી. ખૂબ લાંબા વાળ, પિયરમાં તો જાતે વાળ ઓળતી નહિ, એની મમ્મી ઓળી આપતી. ચીડથી જાણે બોરડી ઝૂડતી હોય એમ વાળમાં એ ઉડઝૂડ કાંસકો મારતી હતી. ત્યાં ગિરાબહેન આવ્યાં.

એના હાથમાંથી કાંસકો લઈ લેતાં હસીને બોલ્યાં : 'લાવ, હું ઓળી આપું.'

'ના, ના, મમ્મી; વાળ ગૂંચાયેલા છે. તમને કંટાળો આવશે.' ચહક બોલી.

'અરે બેટા, આવા સુંદર વાળનો કદી કંટાળો આવે !' કહીને ગિરાબહેને હાથથી એક એક વાળ છૂટો પાડીને ગૂંચ ઉકેલી વાળ ઓળી આપ્યાં હતાં. વાળ તણાય નહિ કે તૂટે નહિ તેની કેવી કાળજી લીધી હતી ! બસ, ત્યારથી ચહકના વાળ ગિરાબહેન જ ઓળતાં. અઠવાડિયામાં એકાદ-બે વાર હળવે હાથે ઘસીને તેલ નાખી આપતાં. ચહકના વાળ સાચવવાની જવાબદારી ગિરાબહેનની થઈ ગઈ. ગિરાબહેનમાં એવી સરળતા હતી કે સાસુ-વહુના સંબંધનો ભાર સરી પડયો. ચહક કોઈ ઔપચારિકતા વગર, ખોટા વિવેક વગર, ડર વગર સાસુ સાથે વાતો કરી શકતી. એની અને ગિરાબહેનની પસંદગી, માન્યતાઓ અલગ હતાં, પરંતુ બેઉ વચ્ચે ક્યારેય મનદુઃખ થતું નહિ.

ગિરાબહેન પોતાના દીકરા મિતુલનો જેટલો ખ્યાલ રાખતા એટલો જ ચહકનો રાખતાં. ઘરમાં બધાંને ખીર બહુ ભાવે. છાશવારે ઘરમાં ખીર



થતી પણ ચહકને ખીર નહિ, શીરો બહુ ભાવે છે તેવી ગિરાબહેનને ખબર પડી ત્યારથી ખીર બનાવે ત્યારે શીરો બનાવે જ, બદામ અને એલચીથી મઘમઘતો. ચહક ઘણીય ના પાડે પણ ગિરાબહેન માને જ નહિ. ઘરમાં બધાંને કારેલાનું શાક ગોળવાળું ને કૂણું ભાવે, પરંતુ ચહકને કડક ભાવે, તો ચહકને ભાવતું થોડું જુદું બનાવે જ. એ ચહકને કદી એવુંય ના કહે કે તને ભાવતું તારી મેળે બનાવી લે એ પોતે જ બનાવી આપે.

મિતુલ હસીને કહેતો, 'મમ્મી, તું ખૂબ ખોટાં લાડ કરે છે.'

ગિરાબહેન મલકાતાં : 'ભાઈ, હું તો મા છું. માનો સ્વભાવ જ લાડ કરવાનો હોય.'

આવી પ્રેમાળ સાસુ આમ સૂનમૂન રહે તે ચહકથી કેમ સહન થાય ?

એણે ખૂબ ભાવથી કહ્યું, 'મમ્મી, કંઈક તો બોલો.'

'શું બોલું ?' આટલું કહીને ગિરાબહેન ચૂપ થઈ ગયાં. એમનું ગળું રૂંધાઈ આવ્યું.

થોડી વારે સ્વસ્થ થઈને કહે, 'ઉંમર થઈ ને બાપુજી ગયા, પણ મને ચિંતા....'

'ચિંતા, કોની ચિંતા ?'

'લહેરીબાની.'

લહેરીબા ગિરાબહેનના પિયરમાં રસોઈ કરનાર બાઈ હતાં.

'એમનું કોઈ નથી ?' ચહકે પૂછયું.

'એ વિધવા છે ને સંતાન નથી. છેલ્લાં પચાસ વરસથી એ અમારી સાથે છે. અત્યારે લગભગ એંસી વરસનાં છે. શરીર નબળું પડી ગયું છે. એ અમારા ઘરમાં જ રહે છે. એનું કામ કરવા એક કામવાળી બાઈની વ્યવસ્થા કરી છે. ખાવા-પીવા-રહેવાની કોઈ ચિંતા નથી. પણ એ એકલાં, સાવ એકલાં પડી ગયાં.' કહેતાં કહેતાં ગિરાબહેન રડી પડ્યાં.

પછી ધીરે ધીરે કહેવા લાગ્યાં : 'લહેરીબા ત્રીસેક વરસની ઉંમરે વિધવા થયેલાં. એમના પતિ ત્રણ-ચાર વરસ કૅન્સરથી રિબાઈને મૃત્યુ પામ્યા હતા. પતિની સારવારમાં પોતાની પાસે હતું તે બધું તો ખરચી કાઢ્યું હતું. પણ ઉપરથી દેવું થઈ ગયું હતું. વિધવા થયાં ત્યારે રહેવા ઘરનું ઘર ન'તું. સગાંય બધાં સામાન્ય સ્થિતિનાં. આખી જિંદગી બાકી, કોનાં ઓશિયાળાં રહેવું, એમ વિચારીને એમને કોઈને ઘેર રસોઈ કરવાનું નક્કી કર્યું ને સૌથી પહેલાં અમારે ઘેર આવ્યાં. ત્યારે મારી બાને હૃદયની બીમારી. સંપૂર્ણ આરામ લેવાનો. લહેરીબા દુખિયારાં હતાં તેથી અમારી તકલીફ-દુઃખ સમજી શક્યાં. તે રસોઈ કરવા રહ્યાં હતાં. પરંતુ મને ને મારા ભાઈને સાચવતાં ને મારી બાની ચાકરી તો પોતાની સગી માય ના કરે એટલા હેતથી કરી. મારી બા મરતા પહેલાં કહેતી ગયેલી, 'હું તો જાઉં છું. મારાં છોકરાં તમને સોંપ્યાં.' લહેરીબા ત્યારથી

અમારે ત્યાં જ છે. કદીય એમણે માની ખોટ સાલવા નથી દીધી. હું ને ભાઈ તો એમને લહેરીબા કહેવા માંડયા. એ અમારાં ત્રણેનાં વડીલ બની ગયાં. અમને એમની ખૂબ હૂંફ લાગતી. એ જૈન હતાં તેથી કંદમૂળ, લસણ, કાંદા ના ખાય, તો અમેય એ ખાવાનું છોડી દીધું. એ કહે : અમારા ધર્મમાં ના કહી તેથી હું ભલે ના ખાઉં, પણ તમે તો ખાઓ છો, તો પછી ખાઓ ને !'

'માને જે ના ખપે તે છોકરાંઓને ના ખપે ! મારા બાપુજી કહેતા. લહેરીબા સંધ્યાકાળ પછી વાળુ ના કરે તો અમેય સંધ્યાકાળ પછી ખાવાનું છોડી દીધું. હું રોજ એમની સાથે દેરાસર ને ઉપાશ્રયે જતી. એ અમને નિશાળે મૂકવા ને તેડવા આવે. સહેજ માંદાં પડીએ તો બધાં કામ પડતાં મેલી ખાધાપીધા વગર અમારી બાજુમાં બેસી રહે ને નવકાર ગણ્યા કરે. એમને ભગવાનમાં અણનમ આસ્થા. કદી કોઈ વાતનો બહુ ક્લેશ ના કરે. કોઈનો અવગુણ લક્ષમાં ના લે. અમને પણ એ જ વારસો મળ્યો છે. ભાઈ અને મારું ઘડતર એમણે જ કર્યું છે. જેમ જેમ હું મોટી થતી ગઈ, એમ એમ મને ભણવાની સાથે ભરત, ગૂંથણ, રસોઈ બધું શીખવતાં ગયાં. બહારના કોઈ ના જાણે કે એ મારી મા નથી. મારે મન તો એ જ મારી મા છે. હવે બાપુજી ગયા, ને એ સાવ એકલાં પડી ગયાં. એ કહે, 'હું વિધવા થઈ ને બે મહિનામાં જ અહીં આવી ગઈ હતી. મને ભર્યુંભાદર્યું કુટુંબ મળ્યું'તું ને હું મારું દુઃખ ભૂલી ગઈ હતી. હું રસોઈ કરવા રહી'તી એય ભૂલી ગઈ'તી, પણ આજ બહુ ખાલી ખાલી લાગે છે. હવે જીવવામાં રસ નથી. જોકે હું નીકળી ત્યારે તો મને હિંમત આપતાં કહે, 'મારી ચિંતા ના કરીશ. હું ધર્મધ્યાન કર્યા કરીશ.' પરંતુ મને એમની બહુ ચિંતા થાય છે. એકલતા એ નહિ સહી શકે. ચહક, લહેરીબા માટે હું કંઈ કરી શકતી નથી.' ગિરાબહેને મનની મથામણ કહી.

'કેમ નથી કરી શકતાં ? આપણે એમને અહીં લઈ આવીએ.' ચહકે કહ્યું.

'પણ એ તો સાવ અશક્ત છે.' ગિરાબહેને કહ્યું.

'તો તો અહીં લઈ આવવાની ખાસ જરૂર છે.' ચહકે ભારપૂર્વક કહ્યું.

'એ કંઈ કામ નહિ કરી શકે.'

'મમ્મી, આ ઉંમરે એમણે શું કામ કરવાનું ? ને પોતાની દીકરીને ઘેર કામ કરવાનું હોય ખરું ?' ચહકે સ્નિગ્ધ સ્વરે કહ્યું.

'આ બે-ચાર દિવસનો કે મહિના-બે-મહિનાનો સવાલ નથી, એ જીવે ત્યાં સુધી રાખવા પડે.'

'રાખવાનાં જ.'

'સાજેમાંદે દવાદારૂ કરવા પડે. ઘડપણમાં તો અનેક રોગ થાય. ત્યારે ચાકરી કરવી પડે.'

'મમ્મી, એ તો આપણી ફરજ છે.'

ગિરાબહેનના પતિએ આ વાત જાણી ત્યારે કહ્યું, 'ઉતાવળમાં આવીને કોઈ નિર્ણય ના કરશો. લહેરીબાને ઘરમાં વડીલની જેમ સાચવી શકો તો જ લાવજો. એ ખૂબ સ્વમાની બાઈ છે. એનું ઘડપણ ના બગડે તે જોજો.'

ગિરાબહેન મૂંઝાયાં. શું કરવું ? પતિનું સૂચન ખોટું તો નથી. પોતે લહેરીબાને સાચવે, ખોટું તો નથી. પોતે તો લહેરીબાને સાચવે, પણ ચહક આજે ઉત્સાહમાં આવીને કહે છે, એક વડીલને સતત સાચવવામાં એને વેઠ તો નહિ લાગે ને ! આજકાલ તો વડીલની હાજરી જ ઘણાને ગમતી નથી, ને લહેરીબા સાથે લોહીની સગાઈ તો છે નહિ. કોઈ ચડાવે ને એ કદી અપમાન કરી બેસે તો લહેરીબા એકલાં રહી શકશે પણ અપમાન, અવગણના નહિ સહી શકે. શું કરું ?'

ચહક વગર કહ્યે સાસુની વાત સમજી ગઈ. એ બોલી, 'મમ્મી, શું વિચાર કરો છો ? મારા પિયરમાં તો એક નહિ, ત્રણ ત્રણ ઘરડાં વડીલ છે, એ તો તમે જાણો છો. રોજ સવારે ત્રણેને બહાર ઓટલા પર બેસાડીએ, ત્યાં દાતણપાણી કરે, પછી ત્યાં જ ચાપાણી કરે. મમ્મી રોજ એમને દર્શન કરવા લઈ જાય. કંઈ વાંચી સંભળાવે. દરેકનું ખાવાપીવાનું સાચવે. આ જવાબદારીને લીધે મમ્મી કયાંય બહારગામે નથી જઈ શકતી. અરે, પિયરે નથી જઈ શકતી. એ પિયર જવાનું નામ લે ને દાદાજીનું બ્લડપ્રેશર વધી જાય. ડોક્ટરની દવાથી ફરક ના પડે, ને મમ્મી જવાનું માંડી વાળે કે તરત દાદાજી સાજા થઈ જાય.

બે વરસ પર મારા પપ્પાજીને એમની કંપની તરફથી જાપાન જવાનું હતું. સાથે મમ્મીને જવાનીય વાતો શરૂ થઈ. દસબાર દિવસ માટે જવાનું હતું. વાત સાંભળીને દાદાજી માંદા પડી ગયા. પપ્પાજી સમજાવે, 'આ શું' એ કાયમ ઘરમાં જ રહે. એને કયાંય બહાર નહિ જવાનું ?' પણ દાદાજી તો એક શબ્દેય બોલે નહિ.

મારાં ફઈબા આવીને કહે, 'બાપુજી, ભાભીને જવા દો. હું અહીં રહીશ.' રાતદિવસ તમારી પાસે બેસી રહીશ. પણ દાદાજી તો જવાબ જ ના આપે. એમનું બ્લડપ્રેશર વધેલું જ રહ્યું. મમ્મીએ જવાનું માંડી વાળ્યું. ફઈબા આગ્રહ કરવા લાગ્યાં કે, 'ભાભી, તમે જાઓ.' તો મમ્મી કહે, 'ના બહેન, દાદાજીને કંઈ થઈ જાય તો !' ને મારા પપ્પા એકલા જ જાપાન ગયા. મારા પપ્પા દાદાજીના સ્વભાવ પર બે શબ્દ કહે તો દાદાજીને ખોટું લાગી જાય, રિસાઈ જાય, ખાય નહિ, ત્યારે મમ્મી એમને સમજાવે ને કોળિયા ભરી ખવડાવે.

મમ્મીનું હેત જોઈને દાદાજી રડી પડે. કહે, 'ગયા ભવમાં તું મારી મા હોઈશ. એ વખતનાં અધૂરાં લેણદેણ આ ભવે પૂરાં થાય છે.'

મારા બાપુજીના ફોઈ પણ ખૂબ ગુસ્સાવાળાં. સો વાર એમને સાચવો, પણ એકાદ વાર ના સચવાય તો મોટેમોટેથી રડે ને બોલે, ફજેતી કરી મૂકે. આ જોઈ આડોશીપાડોશી ટીકા કરે તો મમ્મી કહે, 'એ એમના દુઃખથી કાયર થઈને આવું કરે છે. મારી મમ્મીએ કાયમ બીજાનું દુઃખ જાણ્યું છે, એમની સેવા કરી છે. સેવા કરવાની અમને નાનપણથી તાલીમ મળી છે. ઘરડાં અમને ગમે છે. અહીં એવા કોઈ ઘરડા નથી તો ઘર સૂનું સૂનું લાગે છે. લહેરીબાને લઈ આવો, આપણું ઘર ભર્યું ભર્યું થઈ જાય.'

ગિરાબહેનના મનમાં હવે કોઈ શંકા કે આનાકાની ના રહ્યાં.

લહેરીબાને લેવા ઊપડી ગયાં.

ચહક લહેરીબાના સ્વાગત માટે ઉમંગથી તૈયારી કરવા લાગી.

✱✱✱



# બિચારી

■ હેમાંગિની રાનડે ■

પાર્ટીને દિવસે જ એનો ફોન આવ્યો. એના અવાજમાં સદા સંભળાતો રણકો ન હતો. મારું હૃદય દ્રવી ઊઠ્યું. અરેરે ! બિચારી ! કેટલી નાની ઉંમરે વિધવા થઈ ગઈ ! આ મારી બહેનપણી મારા કરતાં બે-ત્રણ વરસ જ નાની હશે. એનાં લગ્નને હજી માંડ દસ વરસ પણ નહીં થયાં હોય.

ખબરઅંતર પછી મેં પૂછ્યું, ''બોલ શુભદા, મારી પાસે ક્યારે આવે છે ?''

''ત્રણ-ચાર દિવસો માટે આવી છું, ભાઈ-ભાભી જોડે. તું કહે, ક્યારે મળીશ ? ઉષા, બહેન, તને મળ્યા વગર મારાથી નહીં જવાય હોં !'' એનો સાદ ગળગળો હતો.

મારો સ્વર પણ ધ્રૂજી ઊઠ્યો.

''મળ્યા વગર શું કામ જઈશ ગાંડી ? તને મળવા મારુંય મન તલસે છે શુભા !''

''હવે હું સાવ એકલી પડી ગઈ ઉષા...'' અને એ રોઈ પડી.

મારા ગળામાં કશુંક ભરાઈ આવ્યું. આહ ! બિચારી !

''આમ હિમ્મત શું હારી જાય છે ? તું ગમે ત્યારે આવને, હું તો ઘેર જ છું.''

શુભદા કદાચ આજે જ આવે... મને યાદ આવ્યું, ''માફ કરજે શુભા, આજે સાંજે મારે કશે બહાર જવું છે, પણ વાંધો નહીં, તું આવ, હું પાર્ટીમાં નહીં જાઉં.''

''ના, ના, તું જા, હું આવતી કાલે આવી જઈશ.''

મને થયું કે હું ન જ જાઉં સાંજે પાર્ટીમાં. 'એમને' કહી દઉં કે બાળપણની મારી બહેનપણી આવવાની છે, દરિયા જેવડું દુઃખ લઈને, હું નહીં આવું તમારી જોડે... પણ, એમને ખાસ આમંત્રણ હતું અને સૂચના પણ કે પત્નીને સાથે લેતા આવજો. એમના એ મિત્ર સાથે મારી હજી ઓળખાણ નહોતી થઈ, હું જો નહીં જાઉં તો બધાને ખોટું લાગશે.

''સારું શુભા, તું કાલે આવ. આજે મારે એક જગ્યાએ જરૂરી કામે જવાનું છે, એમની સાથે. એમના કોઈ મિત્ર છે. નહીં જાઉં તો એ નારાજ થશે.''

મેં જીભ કચરી. આ હું શું બોલી ગઈ ? પતિનો ઉલ્લેખ કેમ કર્યો ? એને બિચારીને તો હવે...મારી વાત એને આકરી તો લાગી જ હશે. અરેરે...

એનો અવાજ ફિક્કો હતો. ''બરાબર છે. તારો પ્રોગ્રામ નહીં બગાડતી. તું તારે જા. હું કાલે પાછો ફોન કરીશ, બરાબર !''

''ભાઈ-ભાભી જોડે જરી ફરી આવજે શુભા. ઘરમાં એકલી ગોંધાઈ ન રહેતી.''

''હવે તો એકલા જ જીવવાનું છેને બહેન, પણ જવા દે. તું ચિંતા નહીં કરતી. ભાઈના ઓળખીતા કોઈક છે, તેમને ત્યાં આજે પાર્ટી છે. અમને બધાંને બોલાવ્યાં પણ છે. કદાચ ત્યાં જાઉં કે પછી...''

હું રાજી થઈ ગઈ, ''જરૂર જજે શુભા. સાંજ આનંદમાં પસાર થશે.''

''કંઈ સારું નથી લાગતું ઉષા, કંઈ પણ નથી ગમતું. મન પરોવવાનો યત્ન કરું છું, તો વધારે ત્રાસ થાય છે.''

''એવું ન બોલ શુભા. તું તો સમજુ છો. જરૂર જજે સાંજે પાર્ટીમાં, હોં કે,'' પછી વાત બદલવા ખાતર પૂછ્યું, ''કોણ છે એ લોકો ?''

''કોઈ મોટા ઉદ્યોગપતિ છે. એક વાર વડોદરા આવેલા ત્યારે અમારે ત્યાં આવ્યા હતા. બહુ સારા માણસો છે. મહારાષ્ટ્રીયન છે. કંઈ 'કર' જેવું નામ છે.''

''અરે ! પાટણકર તો નહીં ?''

''હા, હા, એ જ. બરાબર. મુંબઈમાં એમની કપડાંની મિલ છે ને !''

''વાહ ! હું પણ ત્યાં જ જવાની છું. એમનાં પત્ની મારા એમની જોડે કૉલેજમાં હતાં. સુમંગલાબહેન...''

''હા, એ બહેન પણ આવ્યા'તાં પાટણકર સાથે વડોદરા, ટુર પર.''

''સરસ ! ત્યારે આપણે આજે જ મળીશું. ક્યારે પહોંચશો તમે ?''

''જોઉં, ભાઈ શું કહે છે...''

''ના, ના. હવે ભાઈ ગમે તે કહે. તારે આવવાનું છે. હું રાહ જોઈશ અને હા, જો, કપડાં જરા સારાં પહેરજે હોં બહેન.''

''સારાં કપડાં પહેરવાનું મન નથી કરતું ઉષા.''

''એ કંઈ નહીં. સરસ ડ્રેસ-અપ થઈને આવજે શુભા. હું રાહ જોઈશ.''

અને એ વધારે આનાકાની કરે તે પહેલાં મેં ગુડબાય કરીને ફોન મૂકી દીધો.

એ આખો દિવસ મારું મન બહુ ઉદાસ રહ્યું. વિનોદને મેં શુભાની ઘણી બધી વાતો કરી. શુભા અને હું સ્કૂલ-કૉલેજમાં સાથે ભણ્યાં. હું જરીક ગંભીર, પુસ્તકોમાં જે માથું ઘાલીને બેસતી, તે સવારની સાંજ ક્યારે થતી, મને ખબરેય ન પડતી અને શુભા ! એનું હાસ્ય ચારેકોર રણકતું. મશ્કરી અને ટુચકા એના હોઠો પર નાચતાં. તે જમાનામાં, જ્યારે છોકરાઓ જોડે વાત કરવી એ પાપથી સહેજ જ ઓછું ગણાતું, તે વખતે શુભાની આજુબાજુ છોકરાઓ ગણગણતા. શુભા બધા સાથે ઉન્મુક્તતાથી હળતી-મળતી. એનું કુટુંબ બ્રોડ-માઈન્ડેડ હતું. પિતા નહોતા. મમ્મીએ બહુ છૂટ આપી હતી. શુભાની આંગળીઓમાં ચોવીસે કલાક કારની ચાવીઓ રમતી. હરવું, ફરવું, ફિલ્મ, પિકનિક ! કોઈ વાતની ઊણપ નહોતી.

હું સાઈકલ પર બેસવાવાળી, ક્યારેક મને આશ્ચર્ય થતું. શુભાની અને મારી દોસ્તી કેમ કરીને થઈ હશે ? માનસશાસ્ત્રીઓનું કથન કે વિપરીત માનસિક વિચારવાળા લોકોને એકબીજા સાથે વધારે ફાવે છે, અમારી બાબતમાં સો ટકા સાચું હતું. શુભા ગોરી, ગુલાબી ગાલોવાળી, હસમુખ, હું શામળી, બે શબ્દો કહેતા જ પરસેવે રેબ-ઝેબ થઈ જતી, અજાણ્યા લોકો જોડે બોલવામાં ખૂબ સંકોચ થતો.

શુભા એક વાર મમ્મી જોડે ઇંગ્લેંડ ફરવા ગયેલી. ત્યાંથી લખેલા એના પત્રો કેટલા જીવંત હતા. પાછી આવી ત્યારે કેટલી તો સુંદર દેખાતી હતી, જાણે પૂર્ણ વિકસિત ફૂલ, જેની પાંખડીઓ જીવનની ઉષ્માથી થનગનતી રહેતી !

મિત્રમંડળી વિચાર કરતી, શુભા કોની ઉપર પોતાની પસંદગી ઉતારશે ? એને પ્રેમ કરનારાઓનું લિસ્ટ લંબાતું ગયું અને સારું-નરસું બોલનારાઓની જીભ પણ ખૂલતી ગઈ. હું ત્યારે એમ.એ.માં હતી. શુભાએ તો ગ્રેજ્યુએટ થયા પછી લખવા-વાંચવા-ભણવાને તિલાંજલિ આપી દીધી હતી. મને ક્યારેક એની અદેખાઈ આવતી. ક્યારેક મારી જાત પર આછો ગર્વ થતો. અમે મળતાં, પણ હવે અવસરો ઓછા હતા. એની પાસે સમય નહોતો.

-અને પછી, શુભાને પ્રેમ થઈ ગયો. પ્રેમપાત્ર હતો-જ્વાલા. બધા ચકિત થયા. સાદો, સરળ જ્વાલા, અને શુભાએ કેમ કરીને પસંદ કર્યો ? અને એક દિવસે જ્વાલાના કુટુંબની જાણબહાર બન્ને મુંબઈ નાસી ગયાં. પાછાં ફર્યાં, ત્યારે લગ્ન થઈ ચૂક્યા હતાં.

હવે શુભા પોતાના નવા જીવનમાં મસ્ત હતી. હું મારી નોકરીમાં મશગૂલ, અમે ક્યારેક મળતાં, પણ શુભા-એ જ શુભા હતી. હસતું, ખીલતું ફૂલ, શણગારેલું...

અને હવે... આહ ! બિચારી ! એના પતિના અવસાનના ખબર સાંભળીને હું ડઘાઈ ગઈ હતી. હાસ્ય અને આનંદ જેનાં ચરણ ચૂમતાં, એવી શુભા પર દુઃખનો આ પહાડ ? અને કારણ પણ કેટલું નજીવું ! જ્વાલાને એક દિવસે તાવ આવ્યો, ત્યારે તેણે બિછાનામાં જે શરીર લંબાવ્યું, તે ત્રણ દિવસ પછી લોકોએ નીચે ઉતાર્યું. બધા કહે, શુભા ગાંડી થઈ ગઈ છે. ચૂપ, ઉદાસ, અબોલ. વાદળ સમા ઘનેરા કેશ કાપીને એણે જ્વાલા જોડે ચિતામાં અર્પણ કરી દીધા, ઘરેણાં-કપડાં ફગાવી દીધાં. એક વાર જ્યારે એ મુંબઈ આવી હતી, ત્યારે એનું સૂનું કપાળ, સુક્કા વાળ, સ્તબ્ધ આંખો અને કંઈક શોધતી આંગળીઓ... આહ ! એનું એ રૂપ કાળજા સોંસરવું ઊતરી ગર્યું હતું.

આખો દિવસ હું એના વિચારોમાં ખોવાયેલી રહી. ચાલો, સારું થયું. આજે શુભા પાર્ટીમાં આવશે. હવે અમે બન્ને નિરાંતે મળીશું. હું તો આમેય સંકોચશીલ છું. અમે બન્ને ખૂણામાં બેસીને જૂની વાતો તાજી કરીશું. હું શુભાને કહીશ, આટલો શોક ન કર ગાંડી. જે થવાનું હતું તે થઈ ગયું. હવે તું તારી જાતને સંભાળ. આ જોગણનો વેશ, આ ઉદાસી તજી દે ઘેલી. જિન્દગી હજી બાકી છે, એની તરફથી આમ મોઢું ફેરવી ન લે.

આજે સાંજે અમો બન્ને હઈશું. બાળપણ, યૌવનની સખીઓ. હું એને આગ્રહ કરીને કહીશ કે એ થોડા દિવસો માટે મારી પાસે રહે, એનું મન વેરાશે. બાળકોની વચ્ચે એનું દુઃખ ભુલાશે. હા, જરૂર કહીશ હું એને...

નીકળતી વખતે મેં એમને પૂછ્યું, ''સાંભળો ! શું કહો છો ? હું શુભાને થોડા દિવસો માટે અહીં રાખી લઉં ?''

હમદર્દીથી મારી તરફ જોઈ, એમણે કહ્યું, ''સાહેલી બાબતે તું બહુ જ ઉદાસ થઈ ગઈ છોને ? જો એ રહે તો બેલાશક કહેજે.''

''રહેશે કેમ નહીં ? મારી વાત કેમ કરીને ટાળશે ? બહેનપણી છે મારી !''

''સાહેલીના દુઃખમાં સહભાગી થવા માટે તેં આ સાદી સાડી પહેરી છેને ?''

''શણગાર સજવાવાળીએ જ્યારે શણગાર તજી દીધા...'' મેં નિઃશ્વાસ નાખીને કહ્યું. ''અને હું તો સદા આમ જ તૈયાર થાઉં છું.''

ટેક્સીમાંથી ઊતરતાં મેં જોયું કે પાર્ટી પાટણકરના વિશાળ બગીચામાં ગોઠવાઈ હતી. બહાર ગાડીઓની લાંબી કતાર જોઈને મારું મન બેસી ગયું. આટલા બધા લોકો ! મારી જીભ પર તાળું લાગી જશે. ભીની હથેળીથી તેમને હાથ ઝાલીને મેં કહ્યું, ''સાંભળો ! આટલો મોટો સમારંભ ! તમે નહોતું કહ્યું કે...''

''મોટા માણસો છે, એમની બધી વાતો શાનદાર જ હોયને !''

પણ હવે મારું શું થશે ?

ત્યારે મને શુભા યાદ આવી અને મારા ધ્રૂજતા પગોમાં કંઈક તાકાત આવી. કંઈ વાંધો નહીં. હું શુભા જોડે વાતો કરીશ. એ પણ આ અજાણ્યા લોકોમાં આઉટ ઑફ પ્લેસ ફીલ કરતી હશેને ! બિચારી !

ગેટમાં દાખલ થતાંવેંત સુમંગલાબહેને અમને જોયાં. હાથ લંબાવીને સામે આવ્યાં, ''અરે વાહ વિનોદ, આવી પહોંચ્યો ?'' અને પછી મારી તરફ ફરીને કહે, ''તારાં પત્નીને ? જુઓ, વિનોદે આપણને આજ દિવસ સુધી મળવાય ન દીધાં.''

જવાબમાં હું ફિક્કું હસી. મારી સૌથી મોટી કુશંકા આ સ્ત્રીએ ખરી કરી દીધી હતી. સુન્દર, સોફિસ્ટિકેટેડ અને અતિ આધુનિક. જરીક વારમાં અમો વિનોદના મિત્રોથી ઘેરાઈ ગયાં.

જૂના મિત્રો, જૂની વાતો, જૂની યાદોને લઈને હાસ્યના મોજાં બધાંને તરબોળ કરી ગયાં. બધાની વચ્ચે ઘેરાયેલી હું માત્ર સુક્કી જ રહી. એ લોકોની સાથે, જડવતું, જરીક પાછળ ઘસડાતી, અંતમાં મેં મારી જાતને એક મોટા ટેબલ પાસે ઊભી રહેલી જોઈ. ટેબલ ભાતભાતની વાનગીઓથી સજાવેલું હતું. કોઈકે મારા હાથમાં પ્લેટ પકડાવી. કોઈકે પ્લેટ ભરી દીધી અને હું આવતા જતા લોકોના ધક્કાથી છલોછલ ભરેલી એ પ્લેટને સંભાળતી, સંકોચાઈને બાઘાની જેમ ધરતી પર નજર ચોંટાડી, એક બાજુએ જઈને ઊભી રહી. મારી આસપાસ ઊડતા હાસ્યના ફુવારાઓ મને અડીને નીકળી જતા, મને પલાળી ન શકતા. વિનોદ મિત્રોની ટોળી વચ્ચે ક્યારેક બગીચાના એક ખૂણામાં, ક્યારેક વૃક્ષોની ગીચ ઝાડીમાં, ક્યારેક અજવાળામાં ચમકતાં છોડવાં પાસે દેખાઈ જતા.

એમના, દૂરથી સંભળાતા અવાજના તાંતણા જોડે બંધાઈને હું બહારના જગત સાથે સંબંધ જાળવી રાખવાનો મિથ્યા પ્રયાસ કરતી રહી. અરેરે, શું કામ આવી હું અહીં? મારાથી આ લોકો જોડે બોલાતું નથી. એમના ઉપચાર પૂરતા પુછાયેલા પ્રશ્નોના જવાબ મારી પાસે નથી. મારે અહીં નહોતું આવવું જોઈતું.

પણ મારે શુભાને મળવું છે. જ્યારે મારી આ હાલત છે, તો બિચારી શુભાની શી દશા હશે? એ ક્યાંક એકલી બેઠી હશે, મેં આગ્રહ કરીને એને બોલાવી, એટલે એ આવી હશે અને એક હું છું કે મારી જ હેરાનગતિની જાળમાં સપડાઈ ગઈ છું. મારે શુભાને શોધવી જોઈએ. મેં ભોજનની ભરેલી પ્લેટ પાછી ટેબલ પર મૂકી અને લોકોના ધસારાની વચ્ચેથી રસ્તો બનાવતી, અહી તહીં નજર ફેરવતી એને શોધવા લાગી.

શું શુભા નહીં આવી હોય? પણ એ કેમ કરીને આવે. મેં નાહક એની પર દબાણ નાખ્યું. મારે એવું નહોતું કરવું જોઈતું. આ રંગભર્યા વાતાવરણમાં એનો જીવ ગૂંગળાતો હશે. મારે એને ઘેર બોલાવવી જોઈતી'તી. ત્યાં અમે નિરાંતે બેસીને વાતો કરત. અપરાધ ભાવનાથી ગ્રસ્ત હું બોબાકળી બની ગઈ. બિચારી! નકામી મેં એને આ સજા આપી.

અને ત્યાં જ મારી નજર એના ઉપર પડી. એ કોઈ સ્ત્રી સાથે વાતો કરતી હતી. મને રાહત થઈ. ચાલો, શુભા આવી તો પહોંચી છે. મને એક આધાર મળી ગયો છે. હું એની પાસે ગઈ. કેટલી સુંદર દેખાતી હતી શુભા! કાપેલા વાળ સેટ કરાવીને ચહેરાની આજુબાજુ ફેલાવી રાખ્યા હતા. આ હેર સ્ટાઈલ એને ખૂબ શોભતી હતી. નાજુક શરીર પર ફાલસા રંગની ઝીણી સાડી એના ગોરા રંગને ઉઠાવ આપતી હતી. ઉજાસમાં ઝલમલ કરતું સાડી પરનું ઝરીનું બારીક કામ એના શરીરને વધારે માદક બનાવતું હતું. મારું મન આનંદ અને અભિમાનથી ખીલી ઊઠ્યું. મારી વાત બહેનપણીએ રાખી ખરી! જો એ સાદાં કપડાં પહેરીને આવત, હાથ-કાન અડવા રાખીને, તો? કેટલી સુંદર દેખાય છે શુભા! હું એને કહીશ, જો! આજે જેમ તેં મારું કહ્યું માન્યું છે તેમ ભવિષ્યમાં પણ માનતી રહેજે. આમ જ સજતી રહેજે. તૈયાર થઈ હોય ત્યારે કેટલી આકર્ષક લાગે છે તું!

હું જરીક વધારે નજીક ગઈ. એની જોડે વાત કરવાવાળાઓની સંખ્યા હવે વધી ગઈ હતી. બધા સાથે હળી-મળી, સ્મિત કરતી, એ વાતોમાં મશગૂલ હતી. ''શુભા!'' મેં એને બોલાવી. ધીમે-ધીમે થતી વાતોમાં મારો અવાજ જરીક મોટો અને આવેશથી ભીંજાયેલો તો નહોતોને? બીજી પળે હું થંભી ગઈ. શુભાએ એક ભમ્મર ચઢાવીને મારી ભણી જોયું. હું શરમથી પાણી-પાણી થઈ ગઈ. આંખના પલકારામાં હાથ દબાવીને શુભા મારી તરફ વધી. ''હેલો ઉષા! કેમ છે?'' મારી કમરમાં હાથ નાખી એણે મને બધાની વચ્ચે ઊભી કરી, ''ધિસ ઈઝ માઈ ચાઈલ્ડહૂડ ફ્રેન્ડ, ઉષા!''

કંઈક ગભરામણથી અને કંઈક એની કૃપાપૂર્વક કરેલી આ અદાથી હું ફરી પાછી સંકોચાઈ ગઈ.

શુભા વાતો કરતી રહી, હસતી રહી અને હું ચૂપચાપ એના પડછાયામાં ઊભી, હોઠો પર સ્મિત ચોંટાડી, સાંભળતી રહી. કેટલું બધું જાણે છે શુભા! ફિલ્મો વિશે, નાટકો વિશે, ચિત્રકળા, ફોટોગ્રાફી વિશે. કોઈ વિષય નથી છૂટ્યો. આસપાસનો ઘેરાવો ફેલાતો રહ્યો. મેં એની કોણીને અડકીને કહેવાનો પ્રયત્ન કર્યો કે શુભા, આપણે ત્યાં જઈને બેસીએ... ખિજાઈને એણે મારી તરફ જોયું અને કોઈ બીજાની વાત સાંભળવા આંખો ફેરવી લીધી.

- અને ત્યારે એક સારા મેજબાનની હેસિયતથી સુમંગલાબહેન બગીચાના ખૂણામાં મહેમાનોની દેખરેખ કરતાં અમારી પાસે આવી પહોંચ્યાં. વાતોના તડાકામાં જાણે ભરતી આવી. મારા માથા ઉપરથી, બાજુએથી અવાજો વેરાતા રહ્યા. લડાઈના મેદાનમાં ગોળી મારી તરફ ક્યારે આવી પહોંચશે, એવા પ્રતીક્ષા મિશ્રિત ભય સાથે સૈનિક જેમ ટટ્ટાર થઈ, ગભરાઈને રાહ જુએ છે, તેમ હું પણ વાતોની દિશા ક્યારે મારી તરફ ફરશે એની રાહ જોતી ઊભી રહી. એ રાહમાં આતુરતા હતી, ગભરામણ હતી. પણ બધા હલ્લા ખાલી ગયા. મારી તરફ કોઈ વાત ન પહોંચી

હાસ્યનું એક મોજું ફરી વળ્યું. સુમંગલાબહેને જાણે મને નવેસરથી જોઈ, એક પ્રશ્નભરી નજર શુભા પર નાખી.

''અરે, તમે નથી ઓળખતાં મંગળ? સોરી! મારે પહેલાં ઓળખાણ કરાવવી જોઈતી'તી. આ છે ઉષા! મારી બાળપણની સાહેલી. અમે ઘણા દિવસો પછી મળ્યા છીએ.''

''નમસ્તે!'' સુમંગલાબહેને શિષ્ટાચારવશ હાથ જોડ્યા. પછી સારા યજમાનની જેમ કહ્યું, ''અરે! તમે હજી કંઈ લીધું નથી? એ નહીં ચાલે? મારો હાથ ઝાલીને એ મને ટેબલ પાસે લઈ ગયાં અને હું હાથમાં પકડાવેલી ભરેલી પ્લેટ સંભાળતી, શુભાને બીજા ખૂણામાં જતી જોઈ રહી. ✸✸✸

## ૪ વર્ષના બાળકના નામે ૨ મિનિટ ૧૬ સેકન્ડમાં વિવિધ પાટનગરોનાં નામ બોલવાનો રેકૉર્ડ



સુરેન્દ્રનગર બેંક ઓફ બરોડામાંથી નિવૃત્ત થયેલા પાટડીના ગિરીશભાઈ ભાવસારના ચાર વર્ષના માસૂમ પૌત્ર હિયાન વિરલભાઈ ભાવસારે એશિયા, યુરોપ સહિત બધા જ દેશોની રાજધાનીનાં નામ માત્ર ૨ મિનિટ અને ૧૬ સેકન્ડમાં સડસડાટ બોલીને રેકૉર્ડ બનાવ્યો છે. આ રેકૉર્ડના લીધે આ બાળકનું નામ ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડમાં સામેલ કરવામાં આવ્યું છે. પાટડીના ચાર વર્ષના માસૂમ હિયાનના પિતા જામનગર રિલાયન્સ કંપનીમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે અને માતા શ્રેયાબેન ભાવસાર પોતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. આ ઉપરાંત હિયાન જૈન ધર્મના ૨૪ તિર્થકરના નામ અને સામાયિક સૂત્ર પણ ખૂબ ઝડપથી સેકન્ડોમાં બોલી શકે છે.




# पुस्तकांचं गाँव

**સંધ્યા શાહ**




કોરોના મહામારીના કારણે આ વર્ષમાં છએક મહિના તો બિલકુલ ઘરમાં જ રહેવું પડ્યું. દિવાળી વખત લોકડાઉન થોડું હળવું થયું હતું. વિચાર્યું, પંચગીની જઈએ. ઝાલાવાડી સેનેટોરિયમમાં જ જવાનું એટલે ઘર જ કહી શકાય. વળી તે વિસ્તારમાં કોરોનાનો કોઈ ઉપદ્રવ પણ નહોતો.

પંચગીની મારી પસંદગીનું સ્થળ છે. અવારનવાર ત્યાં જવું ગમે. આ વખતે ત્રણ વર્ષે જઈ રહ્યાં હતાં. ઘરની કેદમાંથી છૂટવાનો પણ ઉલ્લાસ હતો.

સહ્યાદ્રિ પર્વતમાળાનું આ નયનરમ્ય સ્થળ સામાન્ય રીતે પર્યટકોથી ઉભરાતું હોય છે. આ વખતે પહેલીવાર એવું લાગ્યું, જાણે આ ડુંગરાઓ, વૃક્ષો, વેલીઓ, ફૂલો ને ઝરણાંઓ કેવળ અમારે માટે જ હતાં. પહાડો પર દૂર સુધી ફેલાયેલી વનરાજી, ખીણને અજવાળતો રમ્ય તડકો, માટીની સુગંધ... ઊંડા ઊંડા શ્વાસ લઈ નિતાંતપણે પ્રકૃતિના એ અભિરામ સૌંદર્યનું પાન કર્યું. એકરોના વિસ્તારમાં ફેલાયેલા ટેબલલેન્ડ પર ઢળતી સંધ્યાના સોનેરી પ્રકાશમાં અમે પણ ઝળહળી રહ્યાં. તમે કલ્પી શકો છો. એટલા મોટા પરિસરમાં માત્ર ૨૦ વ્યક્તિઓ હતી. આખા વિસ્તારને ખૂંદી વળવાની મજા આવી, ખુશનુમા મોસમમાં આખો દિવસ અનેક સૌંદર્યસ્થાનો પર ઘૂમતાં રહ્યાં.

પંચગીનીથી મહાબળેશ્વર જતી વેળાએ સાતેક કિમી દૂર પહોંચ્યા ત્યાં રસ્તાની ધાર પર એક નાનકડું બોર્ડ વાંચ્યું. પુસ્તકાંચં ગાઁવ. મને કુતૂહલ થયું. ગાડી ઊભી રાખી. સ્થાનિક લોકોને પૂછ્યું, તેઓ કહે, હા, ભિલાર,,, અમે ગાડીને રસ્તાની ધાર પરથી નીચે ઉતારી. થોડા જ અંતરે આવ્યું એક સાફ સુથરું નાનકડું સુખી ગામ. એ જ ભિલાર.. વાચકોના સ્વર્ગ સમાન આ ગામમાં ૨૫ સુંદર સ્થાનોને પસંદ કરવામાં આવ્યાં છે.












ભારતભરના ૭૫ કલાકારોએ આ ૨૫ સ્થળોને સુશોભિત કર્યાં છે. ભિલારનું એક મંદિર, બે શાળાઓ તથા કેટલાંક સુંદર ઘર આ પ્રયાસમાં આવરી લેવાયાં છે. અમે આ વિવિધ સ્થળોએ સાહિત્યની સમૃદ્ધિ જોવા ગયાં. રસ્તા પરનાં બોર્ડ સાહિત્યપ્રેમીઓનું સ્વાગત કરી દિશાસૂચન કરતાં હતાં. સંતસાહિત્ય, કવિતા, ઈતિહાસ, કથા, વિજ્ઞાન, નિસર્ગ-પર્યટન-પર્યાવરણ, સ્ત્રી, આત્મકથા રાષ્ટ્રભક્તિ જેવા અલગ-અલગ વિષયોને અલગ-અલગ જગ્યાએ સંચિત કરવામાં આવ્યા છે. આંગણામાં રંગોળી, સુસ્વાગતમ્‌થી શોભતાં પ્રવેશદ્વાર, અંદર સરસ્વતીદેવીની મનોહર મૂર્તિ, આજુબાજુમાં પુસ્તકોનાં સ્ટેન્ડ તથા કબાટો, બેસવાની આરામદાયક વ્યવસ્થા, પાણી તથા ચાની સુવિધા. વાંચનભૂખ્યા સાહિત્યપ્રેમીને જે જોઈતું હોય તે કલ્પવૃક્ષની જેમ એક જ પરિસરમાં ઉપલબ્ધ કેટલું સુંદર આયોજન! મંદિરના રળિયામણા, પવિત્ર ને સાત્ત્વિક સ્થળે સંતસાહિત્યનો સ્પર્શ કેટલો મધુર રહેતો હશે!

સિદ્ધહસ્ત મરાઠી સર્જકો, વીરપુરુષોના જીવન - કવન, પર્યાવરણ, રાષ્ટ્રભક્તિ ને સ્ત્રીશક્તિની મહત્તા દર્શાવતાં લગભગ ૨૫ હજાર પુસ્તકો અને તમામ મરાઠી વૃત્તપત્રો ચાના ઘૂંટ સાથે નિરાંતે વાંચવા મળે. કેટલી સુખદ અનુભૂતિ થાય!

મહારાષ્ટ્રના સાંસ્કૃતિક ખાતાના પૂર્વપ્રધાન શ્રી વિનોદ તાવડેની પ્રેરણાથી ત્રણ વર્ષે સંપન્ન થયેલો આ પ્રકલ્પ બ્રિટનના 'Hay on Way' વેલ્સટાઉનથી પ્રેરિત છે. પુસ્તકોના સ્વર્ગસમા એ સ્થળે ૨૪ પુસ્તકોની દુકાનો છે. ૧૯૬૨માં પુસ્તકની પ્રથમ દુકાનની શરૂઆત થઈ હતી. ૧૯૭૦માં તેને આ નામ આપવામાં આવ્યું હતું. ૧૯૮૮થી તો વાર્ષિક સાહિત્ય સંમેલનો પણ પુસ્તકોના આ મેળાના સ્થળે જ યોજાઈ રહ્યાં છે.

૪ મે, ૨૦૧૭ના પૂર્વમુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે ભિલારના આ પ્રકલ્પનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ નાનકડું વિચારસમૃદ્ધ ગામ રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામ્યું છે.

કોઈપણ ભાષામાં લખાયેલું પુસ્તક તે સમયના સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક, ધાર્મિક ને યાંત્રિક વિચારધારાનો પટારો કહી શકાય. વ્યક્તિ કે સમષ્ટિનું પ્રતિબિંબ આપણને પુસ્તકમાં જોવા મળે છે. અતીતને, ઈતિહાસને સાંપ્રત સાથે જોડી, વ્યક્તિને તે અનાગત માટે તૈયાર કરે છે. જ્ઞાનના ખજાનાસમાં પુસ્તકો આપણા જીવનની દિશા બદલી નાખતાં હોય છે. વાંચનવ્યાપ વધે તો વિચારસમૃદ્ધિ વધે. અત્યારે કેવળ વૉટ્સએપના સંદેશા વાંચતા સમાજને વાંચન પ્રત્યે અભિમુખ કરવાનો કેટલો સ્તુત્ય પ્રયાસ!

સાહિત્યના પ્રસાર માટે ભેખ લેનારા ભિક્ષુ અખંડાનંદજી, ઝવેરચંદ મેઘાણી અને તેમના વારસદારોનું સ્મરણ થઈ આવ્યું. મહારાષ્ટ્રની સંસ્કૃતિનું અભિમાન અને ગૌરવ બનેલા આ સ્થળને જોઈ મને થયું : આપણે ગુજરાતમાં ‘વાંચે ગુજરાત’ સાહિત્યકારો સાથેની ગોષ્ઠિ, પરિસંવાદ, લોકસાહિત્યના કાર્યક્રમો યોજી શકીએ તો આવું કામ કેમ ન કરી શકીએ? વડોદરા, ભાવનગર, અમદાવાદ અરે, સુરેન્દ્રનગરમાં આવાં ૨૫ સ્થળોએ પુસ્તકસમૃદ્ધિ ગોઠવવી ક્યાં મુશ્કેલ છે? આપણી ભાવિપેઢીને વાંચન પ્રત્યે અભિમુખ કરવા માટે, આપણી સાંસ્કૃતિક વિરાસત જાળવવા માટે ને સાહિત્યની અમરવેલ સદાય મહેકતી રાખવા આપણે આવો પ્રકલ્પ હાથ ધરવો જોઈએ.

## ને તમે યાદ આવ્યા

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝિલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા.

ક્યાંક પંખી ટહુકયું ને તમે યાદ આવ્યાં,
જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો રામ,
એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યાં.

જરા ગાગર ઝલકી ને તમે યાદ આવ્યાં,
જાણે કાંઠા તોડે છે કોઈ મહેરામણ રામ,
સહેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યાં.

કોઈ ઠાલું મલક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે કાનુડાના મુખમાં બ્રહ્માન્ડ દીઠું રામ,
કોઈ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યાં.

કોઈ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ,
એક પગલું ઊપડયું ને તમે યાદ આવ્યાં.

## જાણીબૂઝીને

જાણીબૂઝીને અમે અળગાં ચાલ્યાં
ને છતાં પાલવ અડક્યાંનો મને વ્હેમ છે,

સાવ રે સફાળા તમે ચોંકી ઊઠયા
ને પછી ઠીક થઈ પૂછયું કે કેમ છે!

આટલા અબોલા પછી આવો સવાલ
કહો કેમ કરી ઊતરવું પાનું,

મૂગાં રહીએ તો તમે કારણ માનો, ને
હોઠ ખોલીએ તો બોલવાનું બ્હાનું,

હું તો બોલીશ, છતાં માનશો તમે, કે
હજી દુનિયા આ મારી હેમખેમ છે!

## મઝધારે મુલાકાત

રૂપલે મઢી છે સારી રાત રે, સજન,
એનું ઢૂંકડું ન હોજો પ્રભાત,
સૂરજને કોઈ ઓલી મેર રોકી રાખો,
હજી આદરી અધૂરી મારી વાત.

## કવિશ્રી હરીન્દ્ર દવે



***'કોઈનો સ્નેહ ક્યારેય ઓછો હોતો નથી***
***આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે'***

હરીન્દ્ર દવેની આ શાશ્વત પંક્તિઓ વર્ષો સુધી મારા દિવાનખંડમાં કોતરી રાખી હતી. પ્રિયજનોથી આહત થયેલા હૈયાને આ પંક્તિઓએ શાતા પહોંચાડી છે.

પ્રેમ અને મૃત્યુ જેમના કવનના મુખ્ય વિષયો રહ્યા છે તેવા અત્યંત ઋજુ, સંવેદનશીલ કવિ, ગીતકાર, ગઝલકાર, નવલકથાકાર, નિબંધકાર, પત્રકાર અને વિવેચક હરીન્દ્ર દવે ગુજરાતી ભાષાના અનુપમ સર્જક છે – આર્જવથી છલકાતી મૃદુ હૈયાની સંવેદના અને વિષાદ એમનાં કાવ્યોનો પ્રધાનસૂર રહ્યો છે. હરીન્દ્ર દવેની અનેક કાવ્યકૃતિઓ સાહિત્યપ્રેમીઓના હૈયે અંકાયેલી છે – સળંગ કૃતિઓ માટે સ્થળ સંકોચ નડે એટલે કેટલીક પંક્તિઓનું સ્મરણ કરીએ... સંધ્યા શાહ

## શું કહેશે !

આ ક્ષણે શ્વાસ સમેટું તો જગત શું કહેશે ?
એક સુખદ ઊંઘમાં લેટું તો જગત શું કહેશે ?
જેની મનમાં જ ભરી રાખી'તી તડપન એને
આ નગરચોકમાં ભેટું તો જગત શું કહેશે ?
મારા અવશેષ તરીકે તો ફક્ત શબ્દો છે,
એને સ્મરણોથી લપેટું તો જગત શું કહેશે ?
એક મહોબ્બત છે જગતમાં, જે ટકી રહેવાની,
બાકીનું સર્વ ઉશેટું તો જગત શું કહેશે ?
જિંદગીમાંય જ્યાં અંતર હતું એ લોકોને,
મોતથી પણ પડે છેટું તો જગત-શું કહેશે ?

## રજકણ

રજકણ સૂરજ થવાને શમણે,
ઊગમણે જઈ ઊડે, પલકમાં ઢળી પડે આથમણે
જળને તપ્ત નજરથી શોષી
ચડી રહે ઘન રચવા,
ઝંખે કોઈ દિન બિંબ બનીને
સાગરને મન વસવા,
વમળવહીં ચકરાઈ રહે એ કોઈ અકલ મૂંઝવણે
જ્યોત કને જઈ જાચી દીપ્તિ
જ્વાળ કને જઈ લ્હાય
ગતિ જાચી ઝંઝાનલથી
એ રૂપ ગગનથી ચ્હાય;
ચક્તિ થઈ સૌ ઝાંખે એને ટળવળતી નિજ ચરણે.

## નજરું લાગી

સોળ સજી શણગાર
ગયાં જ્યાં જરીક ઘરની બ્હાર,
અમોને નજરું લાગી !
બે પાંપણની વચ્ચેથી
એક સરકી આવી સાપણ
ડંખી ગઈ વરણાગી.
કાંસા કેરે વાટકડે નજરુંનો ટુચકો કીધો,
હવે ન ઊખાડયો જાય,
થાળીને વળગી બેઠો સીધો,
આવા ન્હોય ઉતાર
નજરના આમ ન તૂટે તાર.
અમોને નજરું લાગી.

## માધવ ક્યાંય નથી મધુવનમાં

ફૂલ કહે ભમરાને,
ભમરો વાત વહે ગુંજનમાં
માધવ ક્યાંય નથી મધુવનમાં.
કાલિન્દીના જલ પર ઝૂકી
પૂછે કદંબડાળી,
યાદ તને બેસી અહીં વેણુ
વાતા'તા વનમાળી?
લહર વમળને કહે,
વમળ એ વાત સ્મરે સ્પંદનમાં;
માધવ ક્યાંય નથી મધુવનમાં.

# શ્રી સી. યુ. શાહ અતિથિભવન -સુરેન્દ્રનગર



શ્રી સી.યુ. શાહ



શ્રી સી. યુ. શાહ અતિથિભવન



મીનળબેન રોહિતભાઈ શાહ

ઉદાર દિલ દાતા શ્રી સી.યુ. શાહની ઝાલાવાડ પર સદાય અમીદ્દષ્ટિ રહી. શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે મહત્તમ સંસ્થાઓનું સર્જન કરી ઝાલાવાડની જનતાને સુખાકારી બક્ષી.

સદ્‌ગત પિતાને પંથે પુત્રી મીનળબેને એ જ સિલસિલો નિભાવ્યો છે. સી.યુ.શાહની પુણ્યસ્મૃતિમાં પુત્રી મીનળબેને સુરેન્દ્રનગરમાં સેનેટોરિયમ બનાવવા કાજે ઝાલાવાડી સભા–મુંબઈને ૭૫ લાખ રૂા. નું અનુદાન આપ્યુ. 'ઘર હો તો ઐસા'ના પ્લોટમાં મહાવીરાલય માં ઉપાશ્રયથી સંલગ્ન રહીને આ નિર્માણ કાર્ય સંપન્ન થયુ છે.

અંધેરી–ઝાલાવાડનગર ખાતે સી.યુ. શાહ ભવન બનાવવા માટે મીનળબેને પાંચ કરોડ રૂા. નું અનુદાન જાહેર કર્યુ હતુ. આ પ્રોજેક્ટ થઈ શક્યો નહી. દિલેર દાતાની દિલેર પુત્રીએ ઝાલાવાડી સભાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં પિતાના નામથી જ દોઢ કરોડ રૂા. નું અનુદાન આપ્યુ છે. તેમનો ઝાલાવાડી સભા પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ એ સભાની મોંઘી મૂડી છે. મીનળબેન રોહિતભાઈ શાહને આ સેનેટોરિયમના મંગલ પ્રારંભે અંતરના અભિનંદન.

–સંધ્યા શાહ

આપણા ઝાલાવાડની ભૂમિ ઉપર શ્રી ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન (મુંબઈ) સંચાલિત એક અદ્યતન નવ રૂમનું સેનિટોરિયમ તા. ૩૦–૦૩–૨૦૨૧ના મંગળ દિવસે ચાલુ થઈ રહ્યું છે. આપણા દરેક સેનિટોરિયમ પ્રમાણે આપણા સુરેન્દ્રનગર સેનિટોરિયમ ખાતે દરેક પ્રકારની અદ્યતન સુવિધા જેમકે એક ડબલ બેડ, એક સિંગલ બેડ, રાઈટીંગ ટેબલ, સ્ટોરેજ કબાટ, આધુનિક ટોઈલેટ બાથરૂમ, અલગથી ડ્રેસીંગ એરિયા, સાથે સાથે સુરેન્દ્રનગરની ગરમીને અનુરૂપ Mitsubishiનું એરકન્ડિશન દરેક રૂમમાં મુકવામાં આવેલ છે.

ફક્ત રૂા. ૭૫૦/- પ્રતિ રૂમ પ્રતિદિવસનો ચાર્જ રાખવામાં આવેલ છે. Minimum ૧ દિવસ અને Maximum ૮ દિવસ સુધી આપવામાં આવશે. આપણા ઝાલાવાડના ચારેય ફિરકાના જૈન સમાજના મિત્રો આનો સમાન ધોરણે ઉપયોગ કરી શકશે. એટલે દરેક જૈન માટે સમાન Price રહેશે. શ્રી ઝાલાવાડી સભા મુંબઈ અને શ્રી ઝાલાવાડી સભા સુરેન્દ્રનગર ને Preference પ્રથમ રહેશે. આપણું સેનિટોરિયમ જૂના રેલવે સ્ટેશ નજીક, કમળ મંદિરની બાજુમાં 'ઘર હોતો ઐસા' ના પ્રાંગણમાં 'મહાવીરાયલય'ના બીજા માળે છે. લિફ્ટની સુવિધા છે. ગ્રાઉન્ડ ફ્લોરમાં ઉપાશ્રય હોવાથી દરેકને પૂજ્ય મહારાજસાહેબ, મહાસતીજીના દર્શનનો લાભ મળી શકશે. આનું બુકિંગ સુરેન્દ્રનગર અને મુંબઈ બન્ને જગ્યાએથી થશે જેની નોંધ લેવા વિનંતી.

**કન્વીનર : અતુલભાઈ શાહ**

**સંપર્ક : સુરેન્દ્રનગર : કેતનભાઈ શાહ | +91 90993 50644 | +91 94267 56100**

**મુંબઈ : મિલનભાઈ તુરખિયા | +91 98601 25136 | +91 72084 72884**

**શ્રી સી. યુ. શાહ અતિથિભવન**

**મહાવીરાલય, કમળ મંદિર પાસે, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨**

# શ્રી ઝાલાવાડી સભાની વેબસાઈટ "zalawad.com"

શ્રી ઝાલાવાડી સભાનો ઈતિહાસ રસપ્રદ રહ્યો છે. આજે ૧૧૫ વર્ષથી સભા સતત અને સતત નવા નવા મુકામોને સર કરતી, સફળતાના શિખરો પર બિરાજી રહી છે.

આપ સહુ જાણો છો કે "zalawad.com" આ વેબસાઈટની શરૂઆત કરીને સભાએ Digitalisation ની દુનિયામાં પગપેસારો કરી દીધો છે. અને આ વેબસાઈટ પર આપ સહુ ઝાલાવાડનો ગૌરવસભર ઈતિહાસ, ઝાલાવાડમાં થતી વિવિધ ક્ષેત્રોની પ્રવૃત્તિઓ, કમિટીમાં થતી મિટિંગોના વિવરણો, મુંબઈનાં પરાઓમાં થતી વિવિધતા અને સમાજની હાલની સમસ્યા એટલે ઉંમરલાયક દીકરા-દીકરીઓનાં વિવાહ... જેમણે માટે આ વેબસાઈટ પર ''મેટ્રીમોનિઅલ'' પેજની શરૂઆત કરી છે જેનો લાભ આજે આપણા સભ્યો લઈ રહ્યા છે. અને હજુ પણ શ્રી સભા તેમના માનીતા સભ્યો માટે બિઝનેસ, ડિસ્કાઉન્ટ એન્ડ ડિલ્સ, સાધર્મિક સહાય, education, મેડિક્લેઈમ આદિ અનેક ક્ષેત્રે હરણફાળ ભરતી નવી સ્કીમો લઈને સજ્જ થઈ રહી છે.

ઝાલાવાડી સભાના ચાર સેનેટોરિયમ... લોનાવલા, પંચગીની, દેવલાલી અને માથેરાન... અત્યાર સુધી આ સેનેટોરિયમના બુકિંગ માટે સભાની ઓફિસમાં જવું, ફોર્મ ભરવા, રૂમ્સ છે કે નહીં, આદી ઘણી બધી પ્રોસેસમાંથી પસાર થવું પડતું હતું.

પણ આ સમસ્યાનો હલ શ્રી સભા દ્વારા હવે આંગળીના ટેરવા પર જ કરી દીધો છે. બધું જ 'ઓનલાઈન' ''મોબાઈલ પર આંગળીઓ દબાવો અને સેનેટોરિયમમાં બુકિંગ કરાવો.''

**ઓનલાઈન બુકિંગ કરવા માટેની માહિતી** : www.zalawadi.com પર જઈને Book a Sanotorium પર ક્લીક કરો. આ પેજ પર જશો એટલે તરત જ તમને ચાર સેનેટોરિયમ દેવલાલી, લોનાવલા, પંચગીની ને માથેરાન દેખાશે. ત્યારબાદ તમારે કયો રૂમ જોઈએ છે તે નક્કી કરો, એકવાર રૂમ સિલેક્ટ થઈ જાય પછી "Book Now" પર જઈને રૂમનું બુકિંગ ચાલુ થાય છે. સહુ પ્રથમ

(૧) કેટલા દિવસ માટે રૂમ જોઈએ છે ? આપણા પોલિસી પ્રમાણે તમે ૩/૪/૬/૭ દિવસ માટે બુકિંગ કરાવી શકો છો.

(૨) ત્યારબાદ કયા દિવસે ચેક ઈન કરવું છે.

(૩) ત્યારપછી તમારું E-mail ID અને મોબાઈલ નંબર નાખવાનો રહેશે. (તમારો E-mail અને મોબાઈલ નં. બરોબર તપાસીને નાખશો કારણકે confirmation તેમાં જ આવશે).

(૪) રૂમની માહિતી ભરવાની રહેશે. એક કાર્ડ પર તમે બે રૂમ બુક કરાવી શકો છો, એક તમારા માટે અને બીજો રૂમ તમારા જ ભાઈ જેઓ જુદા (વિભક્ત) રહેતાં હોય. જો તમે તે જ કાર્ડ પર બે કરતાં વધારે રૂમ બુક કરશો તો તે રૂમો પર નોન-મેમ્બરના ભાવ લગાવવામાં આવશે.

(૫) જો તમે મેમ્બર છો. તો Are you a member? તેનાં પર ક્લીક કરો.

(૬) L.M (લાઈફ મેમ્બર) Y.M (યરલી મેમ્બર) પર ક્લીક કરો.

(૭) ત્યારબાદ તમારો મેમ્બરશિપ નંબર લખવો. (મેમ્બરશિપ નંબર પ્રોપર નહીં હોય તો તે valid નહીં ગણાય).

(૮) ત્યારબાદ તમે કેટલા જણા છો, ક્યા ફ્લોર પર રૂમ જોઈએ છે અને કયા નંબરની રૂમ જોઈએ છે તે ફીલ અપ કરો.

(૯) ફીલઅપ કરતાંની સાથે જ મેમ્બરનું ફર્સ્ટ નામ અને લાસ્ટ નામ એટલે કે નામ અને અટક દેખાશે. આનું કારણ એ છે કે, તમે જે મેમ્બરશિપ નંબર Enter કર્યો છે તે ડેટાબેઝમાં જતાં વેબસાઈટ લખીને આપે છે કે આ નંબર બરાબર છે. (જો તમારું નામ અને અટક ખોટી દેખાતી હોય તો ઓફિસમાં આ બાબત સંપર્ક કરવો.)

(૧૦) જો તમે Non-Member છો, તો તમારે Are you a member? પર "No" ટાઈપ કરવાનું રહેશે. અને કોઈપણ જાણીતા ઝાલાવાડ સભ્યનું નામ, મેમ્બરશિપ નં. અને ટાઈપ ઓફ મેમ્બરશિપ આ માહિતી ભરવાની રહેશે. ફરી પાછું તમે કેટલા જણા છો ? કયા ફ્લોર પર રૂમ જોઈએ છે ? અને કયો રૂમ જોઈએ છે ? તે લખવાનું રહેશે. અહીંયા તમારે તમારું નામ અને અટક સ્વયં લખવાની રહેશે.

(૧૧) હવે આપ જોઈ શકશો કે તમારે ટોટલ કેટલી રકમ ભરવાની છે.

(૧૨) એકવાર "Book Now" પર ક્લિક કરશો એટલે આગામી ૪૮ કલાક સુધી તમારું બુકિંગ confirmed રહેશે. જેની માહિતી તમારા E-mail પર આવી જશે અને Payment detail મળી જશે. જો ૪૮ કલાક સુધી તમે Payment નથી કરતાં તો ફરી cancelled થઈને દરેક સભ્ય માટે open રહેશે.

(૧૩) જો તમે મેમ્બર છો, તો ૪૮ કલાકમાં પેમેન્ટ કરી, ઓફિસમાં તેની માહિતી આપો.

(૧૪) જો તમે નોન-મેમ્બર છો, તો તમે આપેલા ઝા. મેમ્બરને ફોન કરી કન્ફર્મ કરવામાં આવશે કે તેઓ તમને ઓળખે છે. ત્યારબાદ તમારું બુકિંગ પણ ૪૮ કલાક સુધી બ્લોક રહેશે અને ૪૮ કલાકમાં પેમેન્ટ કરવું પડશે.

(૧૫) એકવાર સેનેટોરિયમ પર જાવ, ત્યારે જો તમે મેમ્બર છો તો તમારું મેમ્બરશિપ કાર્ડ બતાવવાનું રહેશે અને જો તમે નોન-મેમ્બર છો તો તમારું ગવર્મેન્ટ ID કાર્ડ ત્યાં ફરજિયાત બતાવવાનું રહેશે.

✱✱✱

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ
# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ

છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સ્વ. ચંદનબેન નાનાલાલ ખંધારની સ્મૃતિમાં હસ્તે રમણીકલાલ મનસુખલાલ શાહના પરિવાર તરફથી ચૂડા નિવાસી (હાલ - મલાડ)
- એક ભાઈ તરફથી મળેલ છે. (ઘાટકોપર)
- સ્વ. બિન્દુબેન હર્ષદભાઈ શાહની પ્રથમ પુણ્યતિથિ (૧૪-૦૪-૨૦૨૧) નિમિત્તે હર્ષદભાઈ વ્ર. શાહ પરિવાર હસ્તે કૌશલ, નીધી, અ સૌ વિધી, ચી. માનંશ તરફથી બોટાદ નિવાસી (હાલ - થાણા)
- જયશ્રીબેન તથા રમેશભાઈ મંગળદાસ શેઠના લગ્નજીવનનાં ૫૪ વર્ષ પૂરાં થયાં તેની ખુશાલીમાં સુરેન્દ્રનગર નિવાસી (હાલ - અંધેરી)
- ઈન્દુમતીબેન મુલચંદભાઈ ગોસલિયા વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી)
- મુગટભાઈ જી. દોશી હસ્તે ઉપેનભાઈ એમ. દોશી (હાલ - ઘાટકોપર)

# સાભાર સ્વીકાર

વઢવાણ નિવાસી (હાલ - ગોરેગાવ) સ્વ. રસીલાબેન નવીનચંદ્ર શાહ તારીખ ૧૭-૩-૨૧ ના રોજ અરિહંતશરણ પામ્યા છે ના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી ભાવનાબેન આશીષભાઈ શાહ તરફથી હાલ-ગોરેગાવ - આધાર સ્તંભ યોજના ૧૧૦૦૦/-

લખતર નિવાસી (હાલ - ચિંચપોકલી) સ્વ. લીલાવંતીબેન મનસુખલાલ શેઠ પરિવાર તરફથી શ્રી સી.યુ. શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ ૫૦૦૦/-

શ્રી સી.યુ.શાહ તબીબી રાહત ફંડ ૫૦૦૦/-

શ્રી પાણી પરબ ફંડ ૫૦૦૦/-

શ્રી રાહત ફંડ ૫૦૦૦/-

સ્વ. શ્રી ચંદ્રકાન્તભાઈ ચંદુલાલ શાહ ધાંગધ્રાવાળા (હાલ-સાન્તાક્રુઝ) હસ્તે પીનાબેન ચંદ્રકાન્તભાઈ શાહ - પાણી પરબ ફંડ ૫૦૦૦/-

સ્વ. શ્રી વિનોદભાઈ ગુલાબચંદ શાહ તરફથી હાલ - બોરીવલી

સ્વધર્મી સહાય ફંડ ૨૫૦૦/-

પાણી પરબ ફંડ ૨૫૦૦/-

શ્રીમતી પારૂલબેન દિપકભાઈ ગાંધી (ભીવંડી) પાણી પરબ ફંડ ૫૦૦૦/-

શ્રીમતી કલ્પનાબેન મહેન્દ્રભાઈ શાહ (વિરાર) પાણી પરબ ફંડ ૧૧૦૦/-

શ્રીમતી અમીતાબેન હેમન્તભાઈ શાહ (હૈદ્રાબાદ) પાણી પરબ ફંડ ૧૦૦૦/-

શ્રીમતી પ્રભાબેન પોપટલાલ શાહ (અંધેરી) પાણી પરબ ફંડ ૩૦૦૦/-

હસ્તે લીનાબેન વિરેન્દ્રભાઈ શાહ **કુલ રકમ : ૫૧,૧૦૦/-**

વઢવાણ નિવાસી (હાલ - અંધેરી) સ્વ. અનોપચંદ છોટાલાલ શાહ (નાથાભવનવાળા)ના સ્મરણાર્થે હસ્તે લતાબેન નગીનભાઈ શાહ પાણી પરબ ફંડ ૩૦૦૦/-

# વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **દર્શિલ** | **કુર્ષા** | | |
| શ્રી રાજેન્દ્રભાઈ વૃજલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી લલિતભાઈ ધરશીભાઈ ડેઢીયાની સુપુત્રી રાયણમોટી કચ્છ માંડવી નિવાસી (હાલ - ચેમ્બુર) | | ૫૦૦/- | ૫૦૦/- |
| **દર્શિત** | **વિધી** | | |
| શ્રી વિલેશભાઈ રમણીકલાલ શાહના સુપુત્ર ભડલી જસદણ નિવાસી (હાલ - ચેમ્બુર) શ્રી રાજેશભાઈ નટવરલાલ શાહની સુપુત્રી અંકેવાળિયા નિવાસી (હાલ - ચેમ્બુર) | | ૨૫૧/- | ૨૫૧/- |
| **કિંજલ** | **અનુશ્રી** | | |
| શ્રી યોગેશભાઈ ભગવાનલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - વસઈ)શ્રી વસંતભાઈ પવારની સુપુત્રી (હાલ -નાલાસોપારા) | | ૫૦૧/- | ૫૦૧/- |
| **પાર્થ** | **નિશ** | | |
| શ્રી હિતેશભાઈ શાંતિલાલ કામદારના સુપુત્ર ચારણીયા નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી અનિલભાઈ ગાંડાલાલ ગોસલિયાની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી) | | ૧૫૦૧/- | ૧૫૦૧/- |
| **આકાશ** | **જેની** | | |
| શ્રી કિશોરભાઈ ચંદુલાલ શાહના સુપુત્ર રામપરા નિવાસી (હાલ - દહીંસર) શ્રી રાજેન્દ્રભાઈ ચંદ્રકાંતભાઈ દોશીની સુપુત્રી વાંકાનેર નિવાસી (હાલ - દહીંસર) | | ૫૧૦/- | ૫૧૦/- |
| **ક્રિષ્ણા** | **કૌશા** | | |
| શ્રી નિલેશભાઈ જસવંતલાલ પારેખના સુપુત્ર સાવરકુંડલા નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી સંજીવભાઈ સુરેશભાઈ શાહની સુપુત્રી લખતર નિવાસી (હાલ - ચેમ્બુર) | | ૧૦૦૧/- | ૧૦૦૧/- |
| **હર્ષિત** | **મિતિ** | | |
| શ્રીમતી હિનાબેન તથા શ્રી બીરેનભાઈ પ્રવીણચંદ્ર ગાંધીના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) શ્રીમતી પ્રિતીબેન તથા શ્રી નિલેશભાઈ રસીકલાલ શાહની સુપુત્રી પાટણ નિવાસી (હાલ - તારદેવ) | | ૧૫૦૧/- | ૧૫૦૧/- |

# પ્રભુતામાં પગલાં

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **મુંજાલ - પ્રેક્ષા** | | | |
| શ્રીમતી દિપ્તીબેન ભરતભાઈ પડીયાના સુપુત્ર જામનગર નિવાસી (હાલ - કાંદિવલી) શ્રીમતી હીનાબેન સુનીલકુમાર સંઘવીની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - કાંદિવલી) | | ૧૦૦૦/- | ૧૦૦૦/- |

**મુદ્રણ દોષ માટે ક્ષમા**



**સ્વ. દક્ષાબેન ભરતકુમાર ધોળકિયા**

માર્ચ - ૨૦૨૧ ની પત્રિકામાં છેલ્લા પૃષ્ઠ ઉપર પ્રગટ થયેલ સ્વ. દક્ષાબેન ભરતકુમાર ધોળકિયાની શ્રદ્ધાંજલિમાં સરતચૂકથી પુત્રવધૂ નિકિતા હાર્દિકભાઈ તથા પુત્રી શ્રેયાનું નામ રહી ગયું હતું જે સુધારીને વાંચવા વિનંતિ.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલું થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે.** **પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશન ના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશન માં મોકલવા જેથી કર રાહત નો લાભ મળી શકે.**

**જે પણ રકમ જાહેરાતની કે દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

| | | |
|---|---|---|
| પંચગીની તથા લોનાવલા : મિલનભાઈ **9860125136** | માથેરાન બુકિંગ તથા સંસ્થાના કોઈપણ પ્રકારના કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવા વિનંતિ. **9867748120** | દેવલાલી : આશાબેન **9819956529** |

**તા. ૪-૧-૨૦૨૧ થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપરજ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

**શ્રી ઝાલાવાડી સભાના આજીવન સભ્યપદ ના રૂા. ૫૧૦૦/- છે. ઝાલાવાડી સભાની માસિક પત્રિકાના ત્રણ વર્ષના લવાજમના રૂા. ૪૦૦/- છે. આ ફોર્મ zalawadi.com ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા મુંબઈના Bank A/c માં રકમ જમા કરાવી અને I.D. Receipt તથા આપની પુરી વિગત મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાને તુરંત મોકલાવી.**

**મુંબઈ ઑફિસ**

## Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

# ક્રોધ ઉપર નિયંત્રણ કરવાનું એક સુંદર ઉદાહરણ...

એક વકીલે કહેલો હૃદયસ્પર્શી કિસ્સો.

'રોજ મુજબ ઓફિસમાં બેઠો હતો. ત્યાં એક ખડતલ શરીર, ખૂબ જ શારીરિક શ્રમદાર ચહેરો. વધેલી દાઢી,મેલા કપડા, ઉંમર લગભગ ૫૦-૫૫ સુધીની. હાથમાં ડોક્યુમેન્ટ્સ ભરેલી થેલી લઈને એક વડીલ કહો કે પક્ષકાર અથવા વકીલી ભાષામાં (મુવક્કીલ) આવીને કહેવા લાગ્યા, આ લ્યો બધા પેપર્સ' બધી જ જમીનો ઉપર સ્ટે લાવવો છે. હજુ કોઈ પેપર્સ વગેરે જોઈતા હોય તો કહો, અને ખર્ચો કેટલો થશે તે પણ કહીદો. મેં તેમને બેસવાનું કહ્યું, તેઓ ખુરશી ઉપર બેઠા, તેમના બધા જ પેપર્સ તપાસ્યા. તેમની પાસેથી ઘણી માહિતી પણ લીધી. સમય કલાક-સવા કલાક જેવો થઈ ગયો.

મેં તેમને કહ્યું, વડીલ મારે હજુ પણ પેપર્સની સ્ટડી કરવી પડશે માટે તમે એક કામ કરો, તમે હવે ૪ દિવસ પછી આવો. ત્યારે તમને કહીશ. ૪ દિવસ બાદ તે ભાઈ ફરી આવ્યા.. પહેલા જ જેવો અવતાર. ભાઈ બદ્દલ તેમનો ગુસ્સો હજુ સમાયો ન હતો. મે તેમને બેસવાનો ઈશારો કર્યો. પછી મેં બોલવાની શરૂઆત કરી. 'મેં તમારા બધા જ પેપર્સ જોયા વાંચ્યા, તમે બે ભાઈઓ અને એક બહેન, માં-બાપની છત્રછાયા તમે નાનપણમાંજ ગુમાવી.

તમારું શિક્ષણ ૯ મું પાસ, નાનો ભાઈ M.A. B.ed. તમે ભાઈના શિક્ષણ માટે શાળા છોડી દીધી. વનમાં પોતડી પહેરીને ઘણો પરિશ્રમ કર્યો. કૂવાઓ ગાળવામાં પથ્થરો તોડ્યા. બાપુઓના ખેતરોમાં કાંઈક એકરો શેરડીઓ વાઢી પણ ભાઈના શિક્ષણ માટે રૂપિયાની કમી પડવા ના દીધી.

એક વાર બેન ખેતરમાં ઢોર ચરાવતી હતી. તમારો ભાઈ શાળામાંથી આવ્યો હતો અને કેમ કરીને તે ભેંશની પાસેથી પસાર થયો ને ભેશે શીંગડું મારી દીધું હતું અને તે સંપૂર્ણ શરીરે લોહી-લુહાણ થઈ ગયો ત્યારે તમે તેને બીજા ગામડે ખભા ઉપર નાખીને દવાખાને લઇ ગયા હતા. ત્યારે તમારી ઉંમર દેખાતી ન હતી. ફક્ત માયા જ દેખાતી હતી. હા, સાહેબ મા-બાપ પછી



હું જ આમની મા અને હું જ આમનો બાપ આવી જ મારી ભાવના હતી. તમારો ભાઈ B.A માં ગયો, તમારું હૃદય ભરી આવ્યું હતું અને ફરી તમે તનતોડ ઉત્સાહથી રાત દિવસ મહેનત કરવા લાગ્યા, પણ અચાનક તેને કિડનીનો દુખાવો શરૂ થઈ ગયો.

દવાખાનામા દવાઓ કરી બહારનું જે કાંઈ કરવાનું હતું તે કર્યું. જે કોઈ કહે તે કર્યું, ઘણી માનતાઓ રાખી પણ કોઈ ફરક ના પડ્યો. કિડની માં ઇન્ફેકશન થઈ ગયું હતું. અંતે ડોક્ટરે કિડની કઢાવી નાખવાનું કીધું, તમે તેને કિડની દાન કરીને કહ્યું તને ઓફિસર બનીને ખૂબ ફરવું છે, નોકરી કરવાની છે. આપણા મા-બાપનું નામ ઊંચું કરવાનું છે ભાઈ તને અમારી કરતાં વધારે કિડનીની જરૂર છે, અમે તો વનવાસી, વનમાં રહેનારા માણસો, અમને એક કિડની હોય તો પણ ચાલી જાય.

વકીલ સાહેબઃ- તમે તમારી ઘરવાળીનું પણ ન સાંભળીને કિડની દાન કરી. ભાઈ M.A માં આવ્યો. હોસ્ટેલમાં રહેવા ગયો. વાર-તહેવારે ફરાળ, પકવાન વગેરે ટિફિન લઈને દેવા જતા. ખેતરમાં થતા શીંગુના ઓળા, શેરડી અને કેસર કેરી વગેરે ઘરથી ૨૫ કિ.મી. દૂર સાઇકલથી દેવા જતા. પોતાના મોઢાનો કોળિયો પણ કાઢીને આપી દીધો.

જ્યારે ભાઈને નોકરી લાગી ત્યારે આખા ગામમાં હોંશે-હોંશે સાકર વહેંચી, ૩ વર્ષ પહેલાં ભાઈના લગ્ન થયા એટલે એણે જ ગોતીને કર્યા. તમે ફક્ત ત્યાં હાજર હતા. તો પણ 'અભિમાનથી ગજ-ગજ છાતી ફુલાતી સમાતી નહતી.......હાશ....!!! 'ભાઈને નોકરી મળી... ભાઈના લગ્ન થઈ ગયા.' હવે તમને અને બાયડી છોકરાવને સુખ ભોગવવા ના દિવસો આવશે... 'પણ......પણ.....બધુ ઊંધું થઈ ગયું.........., 'લગ્ન થયા તે દિવસથી ભાઈ એકેય વાર મોટા ભાઈના ઘરે ન આવ્યો...' 'ઘરે બોલાવીએ તો કહેતો આજે બાયડીને જબાન આપી છે. બહાર જવાનું છે.' 'ઘરમાં કોઈ દિવસ રૂપિયા પણ દેતો નહીં,' 'પૈસાનું પૂછીયે કે ભાઈ આજે છોકરાને ફી ભરવાની છે તો કહેતો કે હમણાં હું પોતે જ કરજામાં ડૂબેલો છું.'

'ગયા વર્ષે અમદાવાદમાં ફ્લેટ લીધો.' ફ્લેટ વિશે પૂછ્યું તો કહેતો કે લોનથી લીધો છે....!!!! 'બધું કીધા પછી હું થોડીવાર થોભ્યો....' 'પછી બોલ્યો. ...' 'હવે તમારું કહેવુ એ છે કે તેણે લીધેલી મિલકતો ઉપર સ્ટે લેવાનો..?' 'તે ભાઈ તરત જ બોલ્યો'

'હા..બરાબર' મેં એક ઉંડો શ્વાસ લઈને ધીરેથી કહેવા લાગ્યો. 'સ્ટે લેવાશે' 'ભાઈ એ ખરીદી કરેલી મિલકતોમાં પણ હિસ્સો મળશે...' 'પણ....' 'તમે દીધેલી કિડની પાછી મળવાની નથી....' 'તમે ભાઈ માટે' 'લોહી-પાણી એક કરી નાખ્યા તે પાછા મળવાના નથી....' 'તમે એની માટે તમારું આયુષ્ય ખર્ચી નાખ્યું ઈ મળવાનું નથી' 'અને મને લાગે છે કે આવા મોટા બલિદાનની સામે ફ્લેટની કિંમત જીરો છે...' એની નીતિ બદલાઈ ગઈ એ એના રસ્તા ઉપર ગયો. તમે શા-માટે એના રસ્તે જવાની તૈયારી કરો છો... પ્લીઝ તમે એ રસ્તે ના જાવ......ભાઈ.. અરે ઇ ભિખારી નીકળ્યો.. 'તમે દિલ-દાર હતા..અને દિલદાર જ રહો....'. 'તમને કાંઈ પણ ઓછું પડશે નહીં.....!!!!' 'ઉલટાનું હું તમને કહું છું કે બાપ-દાદાની મિલકતમાંથી તમારો હિસ્સામાં ખેતી કરો' .. 'અને એનો જે હિસ્સો છે તે એમ જ પડતર રહેવા દો....' 'કોર્ટ-કચેરી કરવા કરતાં છોકરાવને ભણાવો.....', 'ભણી-ગણીને તમારો ભાઈ બગડી ગયો.....' 'એનો અર્થ એ નથી કે છોકરાવ પણ બગડી જાશે..., છોકરાવ નહીં બગડે.....!' 'એમણે ૧૦-મિનિટ વિચાર કર્યો......' 'અંતે બધા પેપર્સ ડોક્યુમેન્ટ પાછા થેલીમાં નાખ્યા......,''આંખમાં આવેલા આંસુ' 'લૂછતાં- લૂછતા...કહ્યું..' 'જાવ છું સાહેબ.....!!!!'

'આ વાતને ૫ વર્ષ વીતી ગયા......પરમ દિવસે એ જ માણસ અચાનક મારી ઓફિસે આવ્યો..' 'સાથે ગોરો અને ટામેટા જેવી લાલી ધરાવતો છોકરો હતો...' 'હાથમાં કાંઈ થેલી હતી' 'મેં આવકાર આપીને કહ્યું બેસો......' તરત જ તેમણે કહ્યું...

'બેસવા નથી આવ્યો સાહેબ', 'પેંડા દેવા આવ્યો છું...' 'આ મારો છોકરો' 'ન્યુઝીલેન્ડમાં છે' 'ગઈ કાલે જ આવ્યો છે' 'હવે ગામમાં જ ત્રણ' 'માળનું ઘર છે..' '૮-૯ એકર જમીન લીધી છે' 'સાહેબ તમે જ કીધું હતું ને કોર્ટ-કચેરીના માર્ગમાં ન જતા.'

'મેં છોકરાના શિક્ષણનો માર્ગ પકડ્યો.' 'મારી બંને આંખો છલકાઇ ગઈ...' 'ને હાથમાંનો પેંડો' 'હાથમાં જ રહી ગયો.'

'ક્રોધને યોગ્ય દિશા આપો તો ફરી ક્રોધિત થવાનો સમય આવતો નથી....' 'ગમે તેટલું કમાજો પણ ગર્વ કદી ના કરતા...' કારણ શતરંજની રમત પૂરી થયા પછી...' 'રાજા અને સિપાહી' 'છેલ્લે એક જ ડબા માં મૂકવામાં આવે છે.,' જીવન ખૂબ સુંદર છે' 'એકબીજાને સમજીને લગાવ રાખો....'

✸✸✸

શબ્દ એક શોધો ત્યાં સંહિતા નીકળે.
કૂવો એક ખોદો તો આખી સરિતા નીકળે.

જનક જેવા આવી હજુ જો હળ હાંકે,
તો આ ધરતીમાંથી હજુ પણ સીતા નીકળે.

હજુ ધબકે છે ક્યાંક લક્ષ્મણ રેખા,
કે રાવણ જેવા ત્યાંથી બીતા નીકળે.

છે કાલીદાસ અને ભોજનાં ખંડેર,
જો જરીક ખોતરો તો કવિતા નીકળે.

છે કૃષ્ણની વાંસળીના એ કટકા,
કે હોઠે જો માંડો તો સૂર સજીતા નીકળે.

સાવ અલગ છે તાસીર આ ભૂમિની.
કે મહાભારત વાવો ને ગીતા નીકળે.

દત્ત જેવા જોગીની જો ફૂંક લાગે તો,
હજુ ધૂણા તપના તપીતા નીકળે.

'દાદલ' આમ તો નગર છે સાવ અજાણ્યું,
તોય કોક ખૂણે અચૂક ઓળખીતા નીકળે.



જીવનમાં શીખવાનો પહેલો પાઠ આ છે : કોઈને શીખ ન દેવાનો અને કોઈ પણ વ્યક્તિ પર દોષારોપણ ન કરવાનો દૃઢ સંકલ્પ કરો. ખરા મનુષ્ય બનો. ઊઠો. દોષનો ટોપલો જાતે જ વહન કરો. હમેશાં એ જ સાચું છે તેવો તમને અનુભવ થશે.

**- સ્વામી વિવેકાનંદ**

## 'આવનારી કાલ કોઈ સોનેરી સ્વપ્નથી ઓછી નથી'



*વિશ્વભરમાં ખ્યાતિ મેળવનારા ખલીલ જિબ્રાન અરબી, અંગ્રેજી, ફારસીના જાણકાર, ચિંતક અને ચિત્રકાર પણ હતા.*

- મિત્રતા એક સુંદર જવાબદારી છે. તે કોઈ તક નથી.
- જે વીતી ચૂક્યું છે તે આજે એક સુંદર યાદ છે પણ આવનારી કાલ આજ માટે કોઈ સોનેરી સ્વપ્નથી ઓછી નથી.
- આપણે સુખ-દુઃખ અનુભવીએ તેના ઘણાં સમય પહેલાં જાતે જ તેમને પસંદ કરી ચૂક્યા હોઈએ છીએ.
- પ્રેમ અને શંકા વચ્ચે ક્યારેય વાતચીત નથી રહી.
- સાચા માણસો લોકોના હૃદયની નજીક હોય છે પણ દયાળુ લોકો ઈશ્વરના હૃદયની નજીક હોય છે.
- જો તમે કોઈને પ્રેમ કરતા હો તો તેને જવા દો, કેમ કે જો તે પરત ફરે તો કાયમ તમારા હતા પણ જો પરત ન ફરે તો તેઓ ક્યારેય તમારા હતા જ નહીં.
- કામમાં આવે તેવું થોડું અમથું જ્ઞાન બેકાર પડેલા અઢળક જ્ઞાનથી ક્યાંય વધારે મૂલ્યવાન હોય છે.
- જો કોઈ તમને દુઃખ પહોંચાડે તો તમે તે ભૂલી જાઓ તેવું બની શકે પણ જો તમે તેને દુઃખ પહોંચાડ્યું હશે તો એ તમને કાયમ યાદ રહેશે.

# બદામડી



■ દક્ષા પટેલ ■

પાનખરમાં ખરેલાં પાંદડાંઓની પથારી દરેક ઝાડ નીચે જોવા મળે છે. એમાંય પવન આવે કે તરત બાળમંદિર છૂટ્યું હોય તેમ આખા રસ્તે ફેલાઈ જાય છે. હું સોસાયટીમાં ચાલી રહી છું. ને દૂરથી ઘેરા મરુન રંગનાં મોટાં પાંદડા ઓળખી લઉં તેમ ઓળખી લીધાં. વર્ષોથી ખોવાયેલી, ભુલાયેલી વસ્તુ સાવ અચાનક સામે દેખાઈ જાય અને તેને દોડીને પકડી લઈએ એમ ચારપાંચ પાંદડાં લઈ લીધા. બદામડીનાં પાન છે. બાળપણની મારી પાકી ભેરુ.

બદામડી બહુ ઓછા લોકો ઉછેરતા. જેવી બદામો લાગે, પાકી થાય કે ઘરના ને બહારનાં છોકરાઓ અને વાંદરા, પોપટનો ઉત્પાત ચાલુ થઈ જતો.

અમારા ઘરઆંગણે કુંટુંબના વડવાઓ જેવા ઊભેલા ઘટાદાર લીમડા, લીલાછમ આસોપાલવ ને ઘાટીલી ગોળાકાર ઘટાવાળી બોરસલ્લીની વચમાં બદામડી સાવ જુદી જ તરી આવતી. લીમડાનાં પાન ખાંચાવાળાં સાવ ટચૂકડાં, આંગળી જેવાં; આસોપાલવનાં સાંકડાં, લાંબા, ઝાલર જેવી કિનારીવાળાં, આગળથી અણીવાળાં, બોરસલ્લીનાં હથેળી જેવાં ને બદામનાં પાન ખોબો ભરીને પાકી લીંબોળી અને બોરસલ્લી સમાય તેવાં મોટાં, લંબગોળ ને લીલાંછમ. મોટાંમોટાં પાનથી ભરેલી લાંબી લાંબી ડાળીઓ દૂરથી જ પોતાની ઓળખ આપી દેતી. ત્રણ લીમડા, પાંચ આસોપાલવ, બે બોરસલ્લીની સાથે બદામડી એક જ હતી અને બાળકોને સૌથી વધુ વહાલી.

તેનું થડ લીમડા, આસોપાલવ ને બોરસલ્લી કરતાં વનમાં ઊઘડતું, સાધારણ બરછટ ને બે હાથે વળગી શકાય તેટલું પાતળું હતું. તેને પણ અમારા ઘરની જેમ ત્રણ માળ. જમીનથી દસબાર ફૂટ ઊંચે મોટી, લાંબી, પાંદડાંથી ખીચોખીચ ભરેલી જાડી ત્રણ ડાળીઓ ત્રણ બાજુ, પાંચેક ફૂટ છોડી બીજી ત્રણ મોટી જાડી ડાળીઓ. વળી પાંચેક ફૂટ છોડી ત્રણ સાધારણ પાતળી ડાળીઓ ને છેક ઉપર ભરાવદાર છોગું હતું. છોગામાં સીધી ટટ્ટાર આભને તાકતી નાનાં પાંદડાથી ભરેલી નાની ડાળીઓ. છોગાથી એવી રૂપાળી લાગતી કે અમે ત્રીજા માળની અગાસીમાંથી જોયા કરતાં. પવન મોટી ડાળીઓમાંથી પસાર થઈ જતો પણ ટોચ સાથે મન મૂકીને ગેલ કરતો. પાંદડાંઓમાં ઘૂસી જઈ પાંદડે-પાંદડું લયબદ્ધ હલાવતો જાણે કાળીનાગ નાથીને ઊભલા બાલકૃષ્ણનું ડોલતું મોરપીંછ. જરા જોરથી પાંદડાં હલતાં તો લાગે આલાપ છેડી રહેલા કોઈ ગાયક. વા-વંટોળમાં લીમડા ને આસોપાલવ એવાં વીંઝાઈ વીંઝાઈને ધૂણે કે બિહામણાં દેખાતાં. પણ બદામડી સહેજ નમીને ટટ્ટાર થતી, ઊભી થતી નર્તકી જેવી લાગતી. અમે વિસ્મયથી, કૌતુકથી તેને જોઈ રહેતા.

નિશાળે જતાં, આવતાં ભણતાં પણ તે મનમાંથી ખસતી નહિ. પાછા આવી તેના થડને બાઝી પડતાં. લીલાંછમ પાંદડાઓની વચમાં માંજરવાળી સેરો દેખાતી. થોડાક દિવસોમાં આખું ઝાડ લાંબી સેરોથી ભરાઈ જતું. પછી લાગતાં બદામનાં ઝૂમખાં. બદામ મોટી ને પાકી થવાની સાથે સાથે અમારા મોજના મિનારાઓ ઊંચા ને ઊંચા વધતા જતા. ઝાડ નીચે ઊભા રહીને નવી નવી લૂમ શોધ્યા કરતા. સંયુક્ત પરિવારમાં અમે સાત બાળકો. દરેક જણ પોતપોતાની લૂમ નક્કી કરી લેતું. ઘણી વાર ડાળી નક્કી કરી લેતા. બદામડીના રીતસર ભાગલા પડી જતા. તે સાથે જ જમીન પર દરેકની સીમારેખાઓ દોરાઈ જતી. રોજેરોજ ઘડીક નવરાશ મળતાં જ સીમારેખાની જાત-તપાસ, નિરીક્ષણ કરતાં. કેમ કે પવનથી, સફાઈ કામદારથી, કબૂતરોનાં પગલાંની છાપથી, ખિસકોલીઓની દોડાદોડથી વિલિન થઈ જતી. શાળાએ જતાં-આવતાં રસ્તા પરના બે ઊંચકી શકાય તેવા દરેક પથરા દફ્તરમાં ભરી લાવી સીમારેખાઓને પથરાની પાળી બનાવી પાકી કરી લઈ સફાઈ કામદારને જણાવી દેતા. અગાસી પરથી જોતાં પથરાની ગોઠવણી સુંદર ચિત્ર જેવી દેખાતી.

શિયાળો જામતો જાય તેમ તેમ બદામડીનું રૂપ ખીલતું જતું. તેનાં લીલાંછમ ફુગ્ગા આકારનાં પાંદડાંઓનો રંગ લીલામાંથી પીળો, કેસરી, લાલ, ઘેરો લાલ ને છેવટે મરુન એમ ક્રમવાર બદલાઈને બાના ગવન જેવો થઈ જતો. બધામાં તેનું રૂપ નોખું તરી આવતું.

લીલી બદામો પણ પાકીને ઘેરા લાલ રંગની દેખાતી. અમે બદામની પાકી દેખરેખ રાખતા. તેની રક્ષા કરતાં છતાં પાકી

## એ તો એમ !

પલાશ કહો કે કહો ખાખરો, અમને શું ને કેમ ?
અમે ઊભા આ વનવગડામાં જે કાંઈ મળિયું જેમ.
બાવળિયો છાંયો માથે,
હાથમાં થોરનાં ફૂલ;
ગુલમોરી આ ધોધ રતુંબડા,
ગરમાળાની ઝૂલ;
કેસૂડાથી સળગી ઊઠી રાન વચાળે રહીએ કુશળીખેમ.
નામ દીધાં તે એમ ન સમજો
અમને સહુની ઓળખ,
ઝાડ ક્યાં જાણે નામ પોતાનાં,
કોણ લગાડે દખ્ખ ?
ઝાઝી વાતે ભરાય ગાડાં, એ તો ભાઈ, એમ !

**ધીરેન્દ્ર મહેતા**

બદામ સૌ પહેલાં ખાવાનો અમારો ન તો કોઈ હક્ક હતો કે ન ઈજારો. ખાય તો સૌ પહેલાં પોપટ, સૂડલા. એકસાથે પચીસત્રીસ પોપટનું ઉતરાણ થાય. બધા વહેંચાઈને ટપોટપ પાંદડાંની વચમાં એવા લપાઈ જાય કે નજરે ના પડે. બદામ ખાતાં ખાતાં તેમનો મીઠો અવાજ સંભળાય તો લાગે જાણે બદામડી અમને સાદ કરે છે. મીઠો અવાજ કાને પડતાં જ બધું પડતું મૂકી ત્રણ માળ હનુમાન કૂદકે કૂદતાં કૂદતાં ઝાડ નીચે પહોંચી જઈએ... પોપટના ઉજાણીઘરે. પોપટો શોધી શોધીને પાકી મીઠી બદામને ચાંચ મારે કે ટપ દઈને ખરી પડે. શ્રીરામે શબરીનાં એઠાં બોર ખાધેલાં અને અમે એઠી બદામ.

બદામને અને ઉધરસને વરસાદ અને માખીમચ્છર જેવો સાવ સીધો સંબંધ. ઉધરસ એટલી થતી કે મોં બંધ નહોતું થતું, છતાં બદામ છૂટતી નહીં. માટીમાં પડેલી, પોપટની ફોલી ખાધેલી, અધકચરી પાકેલી, ઉપરથી સડેલી બદામો ભેગી કરી અગાસીમાં સૂકવતા. જોતજોતમાં મોટી સાત ઢગલીઓ થઈ જતી. રવિવારે બદામો ફોડવાનો કાર્યક્રમ થતો. શરૂઆત થતી ફોડવા માટેના પથરાની પસંદગીથી. ઘણા પથરામાંથી બધાને એક જ પથરો અનુકૂળ આવતો. એટલે પહેલાં ઝઘડો, પછી મરામારી ને છેવટે વારા નક્કી થતા. બદામના ડાઘ અમારા બદામડી માટેના પ્રેમ જેવા પાક્કા. કપડું ફાટી જાય પણ ડાઘ હેમખેમ રહે. પાનખરનાં પાંદડાં જેવા ગાભામાં અમારા સાતેનો વેશપલટો કરવામાં આવતો. પછી બદામ ચપટીમાં બરાબર ગોઠવીને પથરો ઠોકીને ભાંગતા. એટલે અંદરથી કારતૂસ જેવી લાંબી આછા બદામી-પીળા રંગની દેખાવડી બદામ નીકળતી. અમારા કાબેલ હાથ ક્યારેક ભૂલ કરી બેસતા ને બદામને બદલે આંગળીનું ટેરવું છૂંદાઈ જતું. લોહીનીતરતી આંગળીને પાટાથી બાંધી પાછા બદામ ફોડવા મંડી પડતા. બદામ કાઢીને નાની ડબીમાં ભરી લેતા. યાદશક્તિ વધે તેવી પાકી સમજણથી રોજ ચારપાંચ ખાતા. રવિવારે અગાસી ગાજવા લાગતી.

પોપટ બદામડી પર અને અમે નીચે. જેવી બદામ પડે કે તરત નિયમો તોડીને બધા એકસાથે ધસી જતા. જેના હાથમાં આવે તે લઈને ભાગે અને પાછળ બાકી બધા. અમે, અમારા દોસ્તો, પાડોશીનાં બાળકો... સીમાઉલ્લંઘનની સાથે બૂમાબૂમ, ખેંચાખેંચી, મારામારી, રડારડ બધું જ થતું. આવા વાંદરાવેડાને કારણે વડીલો ચમચમતા બેચાર હાથ ગાલે ધસી દે તે જુદું. વાત એટલેથી પતે નહીં. રાત્રિસભામાં વડીલો સમક્ષ રજૂ થતી, પૂછપરછ થતી, શિક્ષા થતી, ઠપકો મળતો, સંપ-શિસ્તનાં ભાષણ સાંભળવા પડતાં ત્યારે માંડ માંડ મામલો થાળે પડતો.

પાનખર શરૂ થતાં પહેલાં જ જાણે રંગારાનો કૂચડો પાંદડાં પર ફરવા લાગતો, તેની ઈચ્છા મુજબ એક રંગ કર્યો, ન જચ્યો તો બીજો રંગ કર્યો. એમ કરતાં કરતાં છેવટે બધાં પાંદડાં ઘેરા લાલ રંગનાં થઈ જતાં. પાનખર બરાબર જામતી. પાંદડાં ઝપાટાબંધ ખરવા લાગતા. સહેજ જોરથી પવન આવતાં, માળા તૂટતાં મોતી વેરાઈ જાય તેમ પાંદડાં જમીન પર વેરાઈ જતાં. તો ઘણી વાર એકસાથે ખરતાં ઘણાં બધાં પાંદડાંને જાણે પંખીઓનું ટોળું જમીન પર ઊતરતું હોય તેમ જોઈ રહેતાં. પાનખર પૂરી થતાં બદામો ને પાંદડાં બધું પૂરું થઈ જતું. બેબાકળા થઈ તેને જોઈ રહેતાં. થોડાક દિવસમાં ડાળીએ ડાળીએ કૂંપળો ફૂટતી અને અમે એકસાથે તેનો જયજયકાર બોલાવતા. ફરી બદામડી લીલાંછમ પાંદડાં ને પોપટથી તાજીમાજી થઈ જતી. ફરી બદામો લાગે તેની રાહ જોતાં અમે તેની નીચે જ જાતભાતની રમતો રમતા.

પરિવારમાં અમે સાતને બદલે બદામ સાથે આઠ હતા. અમે સાત શહેરોમાં જઈ વસ્યા. એક પછી એક વડીલો લાંબી યાત્રાએ ચાલી નીકળ્યાં. પણ ભોંયમાં મૂળિયાં નાખેલી બદામડીને અમારી સાથે ના લઈ જઈ શક્યા. આજે પાંદડાઓની લાંબી ટપાલ મોકલી છે. તેના થડને બાઝી પડી હોઉં તેમ પાંદડાં હૈયાસરસા ચાંપી દીધાં છે, આંખો વરસી રહી છે.

ઘરે આવી પાંદડાં સાફ કરી ઊંચાપાતળા ફ્લાવરપોટમાંથી ફૂલો કાઢી પાંદડા ગોઠવી દીધાં. દૂરથી જોતાં લાગે છે બદામડી હાજરાહજૂર છે.



## 'કોઈ કહેતું નથી'

લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો
તોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
આ નગરની વચોવચ હતો એક
ગુલમહોર તે ક્યાં ગયો, કોઈ કહેતું નથી.

પૂછું છું બારને - બારીને - ભીંતને -
લાલ નળિયાં - છજાં - ને વળી ગોખને -
રાત દિ' ટોડલે બેસીને મ્હેકતો
મોર તે ક્યાં ગયો, કોઈ કહેતું નથી.

કૈં જ ખૂટ્યું નથી, કૈં ગયું પણ નથી
જરઝવેરાત સહુ એમનું એમ છે;
તે છતાં લાગતું સઘળું લૂંટી અને
ચોર તે ક્યાં ગયો, કોઈ કહેતું નથી.

સાવ સૂની બપોરે ઘડી આવીને
એક ટહુકો કરી, ફળિયું ભરચક ભરી
આંખમાં આંસુ આંજી અચાનક
શકરખોર તે ક્યાં ગયો, કહેતું નથી.

કેટલાં વર્ષથી સાવ કોરાં પડ્યાં
ઘરનાં નેવાં ચૂવાનુંય ભૂલી ગયાં
ટપકતો ખાલીપો પૂછતોઃ મેઘ
ઘનઘોર તે ક્યાં ગયો, કોઈ કહેતું નથી.

જિંદગીના રૂપાળા ચહેરા ઉપર
ઉઝરડા ઉઝરડા સેંકડો ઉઝરડા
કોણ છાના પગે આવી મારી ગયું
નહોર, તે ક્યાં ગયો, કોઈ કહેતું નથી.

# નિર્જનતા



**■ વીનેશ અંતાણી ■**

ઘણા સમય પછી સરિતા હળવાશ અનુભવતી હતી.

નીતિ અને ગટ્ટુ સરિતાના દિયર રમેશ સાથે ગામ ગયાં. આજે સવારે સરિતા એ લોકોને બસ સ્ટેશન પર મૂકી આવી, રમેશ સાથે છે એટલે એની સાથે ભળી ગયાં છે. સારું થયું. એ લોકોને પણ હવા-ફેરની જરૂર હતી. આ પરીક્ષાનું દબાણ પણ કેટલું બધું હોય છે ! નીતિ બાર વર્ષની છે તો યે બધું સમજે છે. ગટ્ટુ તો નાનકડો છે.

''મમ્મી, તું શું કરશે ?''

ગટ્ટુએ કાલ રાતે પૂછયું હતું. ગામ જવાના ઉત્સાહમાં મમ્મી અહીં એકલી થઈ જશે એ વાત અચાનક એને યાદ આવી હતી.

''હું શું કરીશ ?'' સરિતા જાણે યાદ કરવા લાગી. ''હા ગટ્ટુ, હું તો મજા કરીશ... દરરોજ નવી નવી ફિલ્મ જોવા જઈશ... ઝૂમાં જઈશ... નીતિ નહીં હોય એટલે સવારે દૂધની બોટલ લેવા જઈશ... !''

ગટ્ટુ હસવા લાગ્યો. નીતિ ગંભીરતાથી મમ્મી સામે જોઈ રહી હતી. એ કશું બોલી નહીં પણ સરિતા સમજી ગઈ. મમ્મી એકલી થઈ જશે અને એને ગમશે નહીં એવું નીતિ વિચારતી હતી.

તો પણ સરિતાને આ ફેરફાર ગમ્યો હતો. પોતે પણ થોડા સમય માટે મુક્ત રહી શકશે. ઘણા સમયથી મિત્રોને મળી નથી. એ બધાને ઘેર જઈ આવશે. ખરીદી કરવા જશે. લાઈબ્રેરીમાં જવું હશે તો જઈ શકશે. કદાચ વેકેશનમાં સંગીત ક્લાસમાં પણ જોડાઈ જાય... સમય ઘણો મળશે.

સરિતા અરીસા સામે આવીને ઊભી.

એના છૂટા વાળ ખભા પર આગળ પડયા હતા. ચહેરો એકદમ સ્વચ્છ લાગતો હતો- હમણાં જ રડી લીધું હોય તેવો ! સરિતાને ઘણી વાર પોતાના ચહેરા પર સતત હાજર રહેતી ઉદાસીની છાયાઓ ગમતી નથી. બીજા કોઈએ એને કહ્યું નથી, એણે પોતે જ એવું અનુભવ્યું છે કે એની આંખોમાં હંમેશાં વિષાદનો ભાવ રહેલો હોય છે.

ધ્યાનથી જોવા લાગી. સફેદ, લિસ્સી સુંદર ચામડી પર આંખ નીચે કાળી રેખાઓ ઊઠવા લાગી હતી. મોટું કપાળ અને ભ્રમર જરા ઘાટી થઈ ગઈ છે. જવાશે તો બ્યૂટી પાર્લરમાં જઈ આવશે.

પણ-

જવાય ? જવું જોઈએ ? ભ્રમર વધારે ઘાટી થઈ જાય, ચામડી પર રૂંવાટી વધી જાય, વાળ આડેધડ વધે, શો ફરક પડવાનો હતો ? થોડા વર્ષો સુંદરતા સાથે જીવી લીધું એ પૂરતું નથી ? છતાં એ પોતાની સ્થિતિ વિશે સભાનતા ન બતાવીને પણ વર્તમાનમાં ટકી રહેવાની કોશિશમાં તો છે જ.

એ અરીસા સામેથી ખસી ગઈ અને પલંગ પર બેઠી. અચાનક થાક કેમ લાગ્યો ? થોડીવાર પહેલાંની પેલી હળવાશ ક્યાં ગઈ ? સરિતાએ માથું ઝાટકીને અંદર ભરાતા ધુમાડાને નાખવાનો પ્રયાસ કર્યો અને ઊભી થઈ ગઈ. કશુંક કરું. ઘણા સમય પછી ઈચ્છેલી હળવાશ અને નિરાંત મળી છે. નીતિ-ગટ્ટુ નથી એટલે સમય પણ પુષ્કળ મળશે. કશી જ ઉતાવળ નહીં હોય. સાંજે દોડતી દોડતી આવીને રસોઈ બનાવવાની પણ જરૂર નહીં. એવું લાગશે તો બહાર જમી લેશે. સવારે ઊઠવાની પણ ઉતાવળ નથી. દૂધની બોટલ લાવીને પાછી સૂઈ જશે. પાણી તો બપોરે ભરી લેવાશે. આરામથી, શરીર ફેલાવીને હિલ સ્ટેશન પર ફરવા આવી હોય એમ સરિતા પોતાના આ નિરાંતના દિવસો પસાર કરશે...

ડોર બેલ વાગ્યો. વાસંતી આવી. એ પચાસ નંબરમાં રહેતી હતી.

''શું કરે છે, સરિતા ?''

''બસ...'' બે હાથ પહોળા કરીને સરિતાએ મોકળાશ વ્યક્ત કરી.

''નીતિ-ગટ્ટુ ગયાં ?''

''હા... આજે સવારે જ ગયાં....''

''રમેશ સાથે છે એટલું સારું છે....''

''હા... ત્યાં તો દાદી અને દાદાજી પણ છે એટલે એ લોકોને મજા આવશે...''

''તું શું કરીશ ?''

''હું પણ મજા કરીશ.... !''

વાસંતી કશાક વિચાર સાથે સરિતા સામે જોવા લાગી. પછી કંઈ બોલી નહીં. સરિતાને પણ લાગ્યું કે વાસંતી કોઈ વિચાર સાથે ઊભી છે. એણે વાસંતીને પૂછી લીધું.

''શું વિચારે છે, વાસંતી ?''

''કંઈ નહીં, મને તારો વિચાર આવી ગયો.''

''ઈર્ષ્યા આવે છે મારી ? હું કેવી આઝાદ લાગતી હોઈશ અત્યારે ! તારાં ઈવા-દીપ તો વેકેશનમાં દોડાદોડી કરીને તને થકવી નાખશે ! તારે બહાર નીકળવું હોય તો યે ચિંતા. મેં તો નક્કી કર્યું છે કે આરામથી રહીશ. છૂટથી હરવા-ફરવાની છું. રસોઈ બનાવવાની નથી. ઈચ્છા થશે તો તારી પાસે આવીને જમી લઈશ !''

વાસંતીએ કશો જ પ્રતિભાવ ન આપ્યો, પણ તરત જ ગંભીરતા ઓછી કરી નાખી. સરિતા આ રીતે હળવી થવા માગતી હતી અને ખરેખર એવું થઈ શકે તો બહુ સારું. એ એના મનના દબાણમાંથી જરા સમય માટે પણ છૂટી થઈ શકત તો વાસંતીને ખૂબ ગમશે. એને લાગ્યું કે સરિતા પોતે પણ એ વિશે સક્રિય હતી.

નહીં તો–ચાર વર્ષે થયાં...

વાસંતી ઊભી થઈ ગઈ.

''ચાલ... હું જાઉં અને તું તારી મજાને માણ... મારા માટે તો ત્યાં બધું તૈયાર ઊભું જ

છે.... ઓછામાં પૂરું મારાં સાસુ-સસરા પણ મુંબઈથી ફરવા આવે છે !''

''ઓહ.... કોન્સોલેશન, વાસંતી....''

બંને ખડખડાટ હસ્યાં અને વાસંતી ગઈ.

દરવાજો બંધ કરીને સરિતા દીવાનખંડમાં પાછી ફરી. વાસંતી સાથે વાત કરતી વખતે સરિતાને હંમેશાં એક વાતનો ડર લાગે છે. સરિતા સરળ, સીધી અને સાદી વાત કહેતી હોય પણ વાસંતીની આંખમાંથી વ્યક્ત થતી સમજ સરિતાને ખળભળાવી નાખે છે. વાસંતી સામે કશું જ છુપાવી નહીં શકાય એવો ભય લાગે છે. નીતિની આંખમાં પણ એ વાત આવતી જતી સરિતાએ જોઈ છે. સરિતા જેટલું બતાવવા માગતી હોય એટલું જ બીજાઓ જોઈ શકે. એથી વધારે અંદરનાં દશ્યો જોઈ લેવાની ટેવ નીતિને જો પડી ગઈ તો–

કેટલા વાગ્યા ? ચાર થયા લાગે છે....

આજે બપોરે લાંબી ઊંઘ થઈ ગઈ. સરિતાને બપોરે ઊંઘવાની ટેવ નથી. એવો સમય પણ નથી મળતો, પણ આજે વાંચતી હતી અને ઊંઘ આવી ગઈ. એથી ચોમાસાના દિવસોમાં આવે તેવી બટાઈ ગયેલી વાસ જેવી લાગણી અંદર થયા કરે છે.

તો–હવે શું કરું ?

આજથી જ બહાર નીકળવાની શરૂઆત કરું. ચન્દ્રાને ઘેર જઈ આવું. ઘણા સમયથી ગઈ નથી, પણ એ ત્યાં પહોંચે તે સમયે જ પરીખનો ઘેર આવવાનો સમય થયો હોય. કદાચ ચન્દ્રા અને પરીખનો સાથે બહાર જવાનો કાર્યક્રમ પણ હોય તો ? સુમીના કોઈ સમાચાર નથી. છેલ્લે મળી ત્યારે કહેતી હતી કે કૉલેજ સમયનો એનો ફ્રેન્ડ નિખિલ પાછો શહેરમાં આવ્યો છે અને સુમીને એણે ફોન પણ કર્યો હતો. સુમી કહેતી હતી– સારું થયું કે નીરવ અંદરના કમરામાં હતો... નહીં તો ! પછી ઉમેર્યું હતું પણ મળવા જવું પડશે, સરિતા....

સુમી કદાચ એના જૂના પ્રેમીને મળવા ગઈ હોય. નીરવને એવું કહ્યું હોય કે હું સરિતા પાસે જાઉં છું ! ને સરિતા સુમીને ઘેર પહોંચે !

સરિતાને હસવું આવી ગયું. હસતાં હસતાં જ અરીસા સામે જોવાઈ ગયું. એકલી એકલી હસતી હતી તે જોઈને મનમાં ભોંઠપ જેવું પણ થયું. ઘરમાં અરીસો હોવો જ ન જોઈએ. હસતાં કે રડતાં એ પકડી જ પાડે છે અને જરાય એકાંત નથી મળતું. જાણે સતત કોઈ ચોકી કરી રહ્યું છે !

હવે ! શું કરવું જોઈએ ?

ઊંડા વિચારમાં હોય એમ, બે હાથ પાછળ રાખીને સરિતા આંટા લગાવવા લાગી. ઘરમાં તો નથી જ રહેવું, બહાર નીકળી જવું છે. સાંજની રસોઈ પણ નથી બનાવવી. એક કમરામાંથી બીજા કમરામાં ગઈ. વરંડામાં ગઈ. ત્યાંથી પાછી દીવાનખંડમાં ગઈ. વરંડામાં ગઈ. ત્યાથી પાછી દીવાનખંડમાં આવી. ચાલવું ગમી રહ્યું હતું. પછી તો ચાલતાં ચાલતાં ઘરની વસ્તુઓ પર નજર પડવા લાગી. દીવાનખંડમાં આવી. દીવાનખંડ નાનો હતો પણ આકર્ષક રીતે સજાવ્યો હતો. દીવાલ પરનું આ ચિત્ર ક્યાંથી લીધું હતું ? હા.. ઉદયપુરથી...

સરિતાએ ઝડપથી એ વિચાર ફેંકી દીધો. બારી પાસે આવીને ઊભી. અંદર કશુંક બુઝાયું. શું થયું તે સમજાયું નહીં, પણ અંદર અંધકાર થવાની શરૂઆત થવા માંડી કે શું ? બારી બહારના નડકામાં સાડાચાર પાંચ વાગ્યા હતા અને મનમાં અંધારી સાંજ નમી આવી....

સરિતા સૂવાના કમરામાં ગઈ. ખૂણામાં સિતાર પડી હતી. અચાનક સિતાર વગાડવાની ઈચ્છા થઈ આવી. સિતાર લઈને પલંગ પર બેઠી. બધા તાર ઊતરી ગયા હતા. એ તાર મેળવવાની શરૂઆત કરે તે પહેલાં જ એને લાગ્યું કે સાંભળનારા તો ઊઠીને ચાલતા થઈ ગયા....

ઊતરેલા તાર પર આંગળી ફેરવીને સરિતાએ સિતાર પાછી મૂકી દીધી.

અચાનક એ સજાગ થઈ ગઈ.

બહુ જ ઝડપથી ઘરની બહાર નીકળી જવું જોઈએ, ઘણા સમય પછી મળેલી હળવાશ અને મુક્ત સમયનો પહેલો દિવસ હતો અને સરિતા નિષ્ક્રિયતામાં સરી પડવા માગતી નહોતી.

એણે આજનું છાપું ઉપાડયું. કોઈ જગ્યાએ સારું વ્યાખ્યાન હોય, કોઈ ગોષ્ઠિ હોય, ક્યાંક પ્રદર્શન હોય-જ્યાં માણસો અને માણસો હોય એવી કોઈ પણ જગ્યા....

કશું જ નથી. આજે જાણે શહેરમાં કોઈ જ પ્રવૃત્તિ થવાની નથી. લોકો સરિતાથી રિસાઈ બેઠા લાગે છે... તો શું થયું ? સિનેમા તો છે ને ? શહેરમાં ચાલતી ફિલ્મોનાં નામો વાંચવા લાગી. ભુલાઈ ગયેલી પરભાષા વર્ષો પછી વાંચતી હોય એવું લાગ્યું ! પણ મજા આવી. જાતજાતનાં નામો હતાં. કેટલાંક એક્ટર-એક્ટ્રેસ પણ નવાં આવી ગયાં હતાં. પણ કઈ ફિલ્મ જોવા જેવી હતી તે નક્કી ન થઈ શકયું.

આજે બહાર તો નીકળવું જ છે. પુલ પરથી પસાર થતાં 'અમૂલ'ની જાહેરાત વાંચીને મનમાં સ્મિત કરવું છે... દબાયેલા પ્રકાશમાં, એર-કન્ડિશન્ડ સુગંધમાં પ્રવેશ કરીને ધીરા આવાજે બેરાને ઓર્ડર આપવાનો છે. કદાચ બનારસી પાન પણ ખાવું છે...

સરિતા પોતે પણ હસી પડી, મજા આવી રહી હતી. આવું વિચારવું ગમતું હતું.

એક નાટકની જાહેરાત પાસે નજર અટકી. આ નાટક... અંગ્રેજીમાંથી રૂપાંતર હતું. હા... આ મૂળ અંગ્રેજી કૃતિ એણે વાંચી છે. ગમશે. આ નાટક જોવા જેવું હશે... સાંજે સાડા છનો શૉ હતો. સરિતાએ ઘડિયાળમા જોયું. પહોંચી જવાશે. ટિકિટ તો મળી જ જશે, એ ઊભી થઈ અને ટુવાલ લઈને ઝડપથી બાથરૂમમાં ઘૂસી ગઈ. નહાતાં નહાતાં તો સાવ હળવી થઈ ગઈ. બપોરની ઊંઘનો અવસાદ પણ શાવરનાં પાણીમાં વહી ગયો. એ ખૂણામાં ખસી ગઈ અને સાડીની પાટલી લેવા માંડી. પછી સાડીનો છેડો ખોસીને ડ્રેસીંગ ટેબલ સામે આવી. સ્ટૂલ પર બેઠી. ધીરે ધીરે વાળ ઓળવા લાગી. સાડા છનો શો છે. જરાક ઉતાવળ કરે તો સમયસર પહોંચી જશે. સમય નહિ હોય તો બસમાં નહીં જાય. રિક્ષામાં ચાલી જશે. વાળ પર ધીરે ધીરે દાંતિયો ફેરવવાની મજા આવતી હતી. સરિતાના વાળ સુંવાળા હતા અને લાંબા હતા. શરીરમાંથી ઊઠતી સાબુની સુગંધ પ્રસરતી હતી, જાણે આસપાસ ફૂલ ઊગી આવ્યાં હતાં, અત્યારે

આંખ નીચેનાં કાળાં કુંડાળા અદશ્ય થઈ ગયાં હતાં, ઘડિયાળમાં જોયું– છ વાગતા હતા.

બંને બારીઓના પરદાને લીધે કમરામાં આછો અંધકાર હતો. સાબુની પાઉડરની, સુંવાળા વાળની સુગંધ પ્રસરી રહી હતી.

વાળ ઓળીને દાંતિયામાંથી વાળ કાઢવા લાગી, અરીસામાં જોયું ત્યાં જ –

વરંડામાંથી અવાજ સંભળાયો :

કેટલી વાર છે, સરિતા ? જોતી નથી આપણને કેટલું મોડું થઈ ગયું ? હું અર્ધો-પોણો કલાકથી તૈયાર થઈને બહાર ઊભો છું અને તું શું કરે છે ? નાટકમાં કે કોઈ પણ કાર્યક્રમમાં મોડું પહોંચવું મને ગમતું નથી...

થોડાં વર્ષો પહેલાં સાંભળેલાં આ વાક્યો... આ રીતે જ તૈયાર થઈ રહી હતી.

બોલતાં બોલતાં એ અંદર આવ્યો હતો. સરિતા ઊભી થઈને સાડી બરાબર પહેરાઈ છે કે નહીં તે અરીસામાં જોઈ રહી હતી. કમરામાં આવીને એ બોલતો અટકી ગયો હતો અને સરિતાને જોઈ રહ્યો હતો. પહેલી વાર જોતો હોય તેમ... એ સાંજે પણ સરિતાના શરીરમાંથી નાહવાના સાબુની સુગંધ ઊઠતી હશે. કદાચ એના વાળ મહેકતા હશે. એ સાંજે નાટક જોવા નહોતાં ગયાં-એ યાદ આવ્યું. સરિતા અવાચક બનીને અરીસા સામે જોઈ રહી. આંખ નીચે કાળાં ધાબ્બાં ઉપસવા લાગ્યાં છે અને વરંડામાં તો કોઈ નહોતું.

સરિતાએ વાળ છોડી નાખ્યા અને એની આંખોમાં નિર્લજતા છવાઈ ગઈ.

✸✸✸

# ન ભૂલાય એવા..

**હરિભાઈ છો. પટેલ**




શ્રી અરવિંદના ગ્રંથમણી 'લાઈફ ડીવાઈન' દિવ્યજીવન - વિષે મેં ઘણું ઘણું સાંભળેલું. તેનો સંક્ષેપ પણ વાંચેલો. એટલે મૂળ ગ્રંથ વાંચવાની તીવ્ર ઝંખના જાગેલી. ભૂખ જેવી એ ઝંખના પણ અદમ્ય હતી.

મેં એ ગ્રંથને પૂનાની કેટલીક લાયબ્રેરીઓમાં શોધવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. આખરે એક પુસ્તક વિક્રેતાને ત્યાં જોયો.

સોળસો પાનાંનો એ મહાકાય ગ્રંથ. તેમાંય અમેરીકન આવૃત્તિ. પચાસેક રૂપિયાની કિંમત હતી. એટલે મેં બે માસ બચત કરી ખરીદવાનો નિર્ણય કર્યો. પણ ત્યાં સુધી શું ? ઝંખના મને જરાય ઝંપવા દેતી નહોતી.

પરંતુ એ દુકાન હતી. ગ્રંથાલય નહોતું કે નિરાંતે બેસી વાંચી શકાય. વાંચવાની વાત કરવા જાઉં તો કદાચ દુકાનદાર ધૂતકારી પણ નાખે. એટલે એ દિવસે ડરતાં ડરતા દશેક પાનાં વાંચ્યા.

બીજે દિવસે તો હિંમત ભેગી કરી હું મેનેજર પાસે ગયો. ને મેં ગ્રંથ વાંચવા દેવાની પરવાનગી માગી. ઉદાર મેનેજરે મને સરળતાથી મંજૂરી આપી. એટલું જ નહીં, એક ખૂણામાં ટેબલખુરશી પણ મૂકાવી આપ્યાં.

ને ચારેક દિવસથી દૂકાળિયાની જેમ એ ગ્રંથનું અમૃત ગટગટાવ્યે જતો હતો ત્યાં એક પ્રૌઢ વ્યક્તિ આવી. મને ખુબ એકાગ્રતાથી વાંચતો જોઈ તે ગ્રંથ જોવા આકર્ષાયો. તેણે પાંચ છ પાન ઉથલાવ્યાં. તેને ગ્રંથ ઘણો ગમ્યો. મારા આશ્ચર્ય વચ્ચે તે ગ્રંથ લઈ કિંમત ચૂકવવા ગયો. ત્યાં મેનેજરે કહ્યું :

''મહાશય, માફ કરો. આ ગ્રંથને પેલા બાબી વાંચી ન રહે ત્યાં સુધી વેચવાનો નથી.''

મેનેજરની વાણી તો મેં સાંભળી નહોતી. પણ ફફડતા હોઠ અને મેનેજરે મારા તરફ કરેલ ઈશારો, પેલાભાઈનું કંઈક પડી ગયેલું મોં, અને જતાં જતાં તેમણે મારા તરફ કરેલી વેધક નજરથી હું પામી ગયો કે મેનેડર તેને થોડા દિવસ પછી આપવાનો વાયદો કર્યો હશે.

હું ગભરાયો કે ગ્રંથ હાથથી જશે. તરત જ ઘેર જઈને મારી પાસે વીસેક રૂપિયા હતા તે લઈ આવ્યો. મેનેજરના હાથમાં મૂકતાં કહ્યું;

''સાહેબ ! આવતે મહીને બાકીની રકમ ચૂકવીશ ત્યારે ગ્રંથ લઈ જઈશ ત્યાં સુધી આપ કોઈને ન આપી દો ને મને વાંચવા દો તો ગણો આભાર.''

''અરે ! પૈસાની કંઈ ઉતાવળ નથી. બે-ચાર માસમાં સગવડે આપશો તો પણ ચાલશે. પૈસા તો બીજા આપે પણ તમારા જેવો સહૃદય વાંચક ક્યારે મળવાનો હતો. તમે ખુશીથી ઘેર લઈ જાવ ને નિરાંત વાંચજો.''

એમ કરી તેમણે ચમરાશીને ગ્રંથ પેક કરી આપવાનો હુકમ કર્યો.

ન કંઈ ઓળખાણ કે પિછાન. મેનેજરે એ દળદાર ગ્રંથ જરાય ખચકાયા વિના, સંપૂર્ણ વિશ્વાસથી મારા હાથમાં મૂકી દીધો. તેમની એ શ્રદ્ધા ને સહાનુભૂતિથી હું ખુબ પ્રભાવિત થયો. હું એ દિલાવર દિલને મનોમન નમી રહ્યો. અને હૃદયમાં અનહદ આનં લઈ હું ઘેર ગયો.

કેટલી બધી અવર્ણનીય શાંતિ અને સંતોષ થયાં હતાં મારા આત્માને. જાણે સાક્ષાત શાંતિ-સાગરમાં હું અવગાહન ન કરી રહ્યા હોઉં.

# વિચાર કરવાની કળા

આધુનિક મનોવિજ્ઞાને 'ટેલિપથી' એવું નામકરણ હમણાં કર્યું પણ મનોમન વિચારનું આવાગમન તો યુગોથી થતું રહ્યું છે. મનમાં જે સૂક્ષ્મ વિચાર-તરંગ જાગ્યો તે, વીજળી વેગે એના લક્ષ્યને એટલે કે સામી વ્યક્તિને સ્પર્શે છે. સૂક્ષ્મતા જેમ વધુ તેમ તેની શક્તિ વધુ. મનોગત ભાવને પ્રગટ કરવાના જે માધ્યમ છે તેમાં સૌથી વધુ સૂક્ષ્મ અને શક્તિશાળી માધ્યમ સંકલ્પ છે. સ્થૂળતાથી શરૂ કરીએ તો, પહેલા 'શબ્દ' છે, તેનાથી સૂક્ષ્મ 'સ્પર્શ' છે. સ્પર્શ દ્વારા આપણા મનોગત ભાવ સામી વ્યક્તિમાં સંક્રાંત થાય છે. કેટલાંક યોગીઓનો તો માત્ર દૃષ્ટિપાત પણ સામી વ્યક્તિમાં સોંસરો ઉતરી જાય છે.

આ બધાથી ઉપર છે 'સંકલ્પ'. સબળ સંકલ્પ મનની સમગ્ર શક્તિને કેન્દ્રિત કરીને એક જ લક્ષ તરફ એકાગ્ર કરવામાં આવે તો તે સંકલ્પ તત્ક્ષણે જ પરિણામ દર્શાવે છે. ભાવ તેવું પરિણામ. મનમાં કોઈ ભાવાત્મક વિચાર નિરંતર ચાલતા જ હોય છે. તે શુભ ભાવ સ્વરૂપ હોય અથવા અશુભ ભાવ સ્વરૂપ પણ હોય. આમ શુભ અશુભ સ્વરૂપ વિચારને સ્વાધીન હોય તો શુભભાવ સ્વરૂપ વિચાર કેમ ન કરવા ?

પણ ના, એ વિચાર સ્વાધીન થોડાં છે ? હકીકતે તો અશુભ વિચારો જ વધુ તીવ્ર વેગે આવતા રહે છે !

આપણે સત્‌ની ઈચ્છા ભલે કરતાં હઈશું, વાવેતર તો અસત્‌ના બીજનું જ કરતા રહીએ છીએ.

આ આપણામાં રહેલા નકારાત્મક અભિગમનું ફળ છે. આપણને સત્ કરતાં અસત્ પર વધુ શ્રદ્ધા છે ! જગતનું મંગળ કરનાર ભગવાનનું નામ લીધું છે માટે આપણો દિવસ સારો જશે એવી શ્રદ્ધા નથી હોતી, પણ સાયલા ગામનું નામ લીધું એટલે ખાવાનું મોડું મળશે એવી 'શ્રદ્ધા' દૃઢ હોય છે !

આવી નકારાત્મક વિચારધારા નિષ્ફળતાને નોતરે છે. વળી નકારાત્મક વિચારોની વિપુલતા અને પ્રબળતાને કારણે થોડીઘણી હકારાત્મક વિચારધારા હોય તે પણ દબાઈ જાય છે.

એ પ્રસંગ આ વાતને પ્રકાશ આપશે :

જુના જમાનાની વાત છે. એક રાજ્યમાં રાજા અને પ્રજા વચ્ચે પિતા-પુત્ર જેવા મીઠાં સંબંધો હતા. હક્ક કરતાં ફરજોનું ભાન બન્ને પક્ષે વધુ હતું. પ્રજાના દિલમાં રાજા પ્રત્યે સમર્પણ ભાવ હતો. રોજ દરબાર ભરાતો અને રાજા પ્રજાને મળતાં, એમનાં સુખ-દુઃખની કાળજી કરતા. સભામાં સહુ કોઈ પ્રજાજન આવી શકતાં.



'સભામાં શ્રીમતો, અમીર, ઉમરાવો, અનુચરો' અને આવે બીજા બહુ નગરના યોગ્ય પુરુષો'

આ બધા પ્રજાજનો આવતા તેમાં એક વણિક વેપારી પણ આવે. તે જેવો સભામંડપમાં પ્રવેશ કરે કે તેને જોતાવેંત રાજાના વિચારોમાં ફેરફાર થતાં. આંખના અમી સુકાવા લાગે અને આગ વરસવા લાગે ! બધાનું કલ્યાણ ઈચ્છનાર રાજાના મનમાં એના પ્રત્યે વિરોધી ભાવ જાગતાં. આવું રોજ થતું. રોજ એ વેપારી સભામાં પ્રવેશે કે રાજા કાળઝાળ થઈ ઊઠે !

રાજા કંટાળ્યો. આ શું ? આવું કેમ ચાલે ? આનો ઉપાય કરવો જોઈએ. કોને કહેવું ? મંત્રી સાંભર્યો. રાજાએ મંત્રીને એકાંતમાં બોલાવી પેટછૂટી વાત કહી. ઉકેલની તાકીદ કરી. મંત્રીએ છ મહિનાની અવધ માગી. રાજાનું મન કાંઈક હળવું થયું. ચિંતામાં બીજી વ્યક્તિ ભાગીદાર બને કે તરત જ થોડી રાહતનો અનુભવ થાય છે.

કોઈની નિકટ જવાનો સૌથી સરળ રસ્તો છે મૈત્રી. કોઈના હૃદયમાં પ્રવેશવાનો અધિકાર માત્ર મિત્રને મળે છે. રાજાએ અંગુલિનિર્દેશ કરી જે વ્યક્તિ બતાવી એની તરફ મંત્રીએ દોસ્તી કરવા માટે કદમ ઉપાડ્યા. મિત્ર બનવાની શરૂઆત સ્મિતથી જ થાય ને ! સ્મિત સાથે બોલાયેલા શબ્દોમાં આપોઆપ મીઠાશ આવી જાય. હૈયાની મીઠાશથી બોલાયેલા શબ્દો બધાને ગમે. મંત્રી મિત્ર બનવા માગતો હોય અને કોણ ન આવકારે ? વેપારીએ મંત્રીના હાથને પ્રેમથી સ્વીકાર્યો.

મૈત્રી પાંગરતી જાય તેમ આદાન-પ્રદાનનો દોર ચાલુ થઈ જાય. પ્રીતિના છ લક્ષણો છે : આપે, આપેલું લે, ગુપ્ત વાત કહે અને પૂછે, જમે અને જમાડે.

ઉનાળાના દિવસો હતા. મંત્રીએ વેપારીને જમવા માટે નોંતરું આપ્યું. વેપારીએ સ્વીકારતા કહ્યું : મારે માટે ધન્યભાગ્ય છે. આપ પણ મારા ઘરે જમવા આવવાનું નિમંત્રણ સ્વીકારો.

મંત્રી પણ આવું જ કંઈ ઈચ્છતા હતા. વેપારી અને એના પરિવારની ખૂબ આગતા-સ્વાગતા કરી મંત્રીએ વેપારીને ચકિત કરી દીધો. વેપારીએ ધન્યતા અનુભવી.

થોડા દિવસ પછી વેપારીએ મંત્રીને નિમંત્ર્યા. વેપારીએ વળતી મહેમાનગત કરવામાં મણા ન રાખી. જમ્યા પછી બેઉ મિત્રો બહાર વરંડામાં હિંચકે બેસી હળવી પળો માણતા હતા. એવામાં મંત્રીની નજર ફળિયામાં એક ખૂણામાં પડેલા લાકડાના મોટા ઢગલા પર પડી. એ લાકડાના ગંજમાંથી ભારે સુગંધ આવી રહી હતી.

સહજ રીતે મંત્રીએ પૂછ્યું : આ શું છે ?

વેપારી આ અચાનક પ્રશ્નથી અસાવધપણે બોલ્યો : તે ચંદન કાષ્ટનો ઢગલો છે. એકવાર હું મલબાર ગયો હતો ત્યાં ચંદન સાવ સસ્તાભાવે મળતું હતું. મને સારો નફો મળશે એ આશાએ મોટો જથ્થો ખરીદી લાવ્યો. અહીં એ પ્રમાણે વેચાયું નહીં. મારી મૂડી અટવાઈ ગઈ. આટલું ચંદન કોણ ખરીદે ? મને દિવસ-રાત આ જ ચિંતા કોરે છે ચેન પડતું નથી.

પામે જો ભૂપ મૃત્યુ તો ચિતા ચંદનની બને, તે વિના કોઈ રીતે આ માલ મોંઘો નહીં ખપે.

વણિક વેપારીને ચંદન ખપાવવાનો આ એક જ રસ્તો દેખાતો હતો. એ વિચારની ધૂનમાં બીજો કોઈ રસ્તો હોય એવી કલ્પના ક્યાંથી આવે ? મંત્રી પાસે બોલતાં બોલાઈ ગયું. મનના ખૂણે પડેલી વાત ઉછળીને બહાર આવી ગઈ. તરત ખ્યાલ આવ્યો : શું બોલાઈ ગયું ? સાવધ થયો. આ તો મિત્ર છે. કહ્યું : આ વાત અહીં જ દાટજો.

મંત્રી ઠાવકાઈથી કહે : ફિકર ન કરો.

મનમાં થયું, કારણ પકડાઈ ગયું. પછી બીજી ત્રીજી વાત કરી, વિદાય લીધી.

બેએક દિવસ પછી રાજ્યના કામે અમુક બાબતમાં સલાહ લેવી જરૂરી હતી. તે બપોરે જ મંત્રી રાજા પાસે ગયો. ઉનાળાના દિવસો હતા, બપોરનો ધોમ ધખતો હતો. શેરીઓ સાવ સૂમસામ હતી.

ચકલું ન ફરકે, જાણે ધોળે દિવસે ધાડ. એવું વાતાવરણ હતું. રાજા તાપથી આકળ વિકળ થતાં હતાં. ખસની ભીની ચટાઈઓ બારીએ અને ઝરુખે લટકતી હતી. સેવકો તેના પર થોડી થોડી વારે ગુલાબજળનો છંટકાવ કરતાં હતાં. રાજાએ મંત્રીની વાત સાંભળી ઉતાવળે સલાહ આપી. પછી કહે : આ ગરમીનો કાંઈક ઉપાય કરવો જોઈએ, મહેલમાં એકાદ ખંડ ચંદનનો હોય તો ઠંડકનો અનુભવ થાય અને શાતા વળે.

મંત્રીએ સત્વર કહ્યું : રાજન, આપની ઈચ્છા થઈ છે તો જરૂર એ બની જશે. 'પુણ્યવંતને ઈચ્છા માત્ર વિલંબ.' રાજા કહે : થઈ જશે કહો છો પણ તે તો આવતે ઉનાળે ખપમાં આવે. મંત્રી કહે : તુર્ત જ કરાવી દઉં.

વળતે દિવસે સવારમાં જ વેપારીને કહેવરાવ્યું : તમારા ફળિયામાં જેટલું ચંદન છે તે બધું જ રાજ દરબારે મોકલી આપો, સાથે તેની કિંમત પણ જણાવજો, જે કંઈ વ્યાજ ચડ્યું હોય તે પણ ઉમેરજો. વેપારી આ જાણી રાજીના રેડ થઈ ગયો. એને થયું, કોઈ માઠા સમાચાર તો નથી. તો પછી આટલા બધાં ચંદનની તે શી જરૂર પડી હશે ? પણ મારે વિચારવાનું શું કામ છે ? દામ મળે છે પછી શું ?

ચંદન રાજ દરબારે પહોંચી ગયું. સુથારે એનું કામ શરૂ કરી દીધુ. વેપારીને પૂરતા પૈસા મળી ગયા. એનું મન હળવું થઈ ગયું. ચિંતા ટળી ગઈ. મનમાંથી રાજાના મૃત્યુનો વિચાર ગયો. વાદળ વરસી જાય કે વિખરાઈ જાય પણ તે પછી તો સૂરજનો પ્રકાશ મળે છે !

પછી રાબેતા મુજબ તે વેપારી રાજસભામાં ગયો. રાજાના મનમાં સહજ પ્રસન્નતાનો અનુભવ થયો. આશ્ચર્ય થયું. સભા બરખાસ્ત થયા બાદ મંત્રીને આ પૂછ્યું : તમે કંઈક કર્યું જણાય છે ! મંત્રી કહે : આપણે પરિણામ સાથે નિસ્બત છે. આપે સોંપેલું કામ થઈ ગયું.

આ કથાનો સાર મહત્ત્વનો છે.

આપણાં ચંદન વેચવા માટે કોઈની ચિતા ખડકવાની જરૂર નથી. આપણા સુખને માટે કોઈને દુઃખ દેવાનો વિચાર ન કરવો જોઈએ. કોઈને દુઃખી કરવાનો વિચાર કરીએ છીએ ત્યારે એ આપણે વાવેલું જ દુઃખ આપણને પાછું મળે છે. આપણો જ વિચાર આપણા તરફ પાછો વળે છે. મનના વિચારોની સૂક્ષ્મ અસર થાય છે. શુભ હોય કે અશુભ, મનના વિચારોની અસર થવાની જ.

આપણને શુભ વિચારો જ જોઈએ છે, તો શુભ વિચારો જ ફેલાવવા. સર્વ દિશાએથી આવતા શુભ વિચારો ઝીલવા એ જ આપણું કર્તવ્ય.

✸✸✸

## સૌરાષ્ટ્રની રસધારમાં મેઘાણીએ લખ્યું છે કે ...

મેઘાણી એક વાર મહુવા, ભાવનગરની બજારમાંથી નીકળતા હતા અને એક ૮૦ વર્ષના માજીને મજૂરી કરતાં જોયા એટલે મેઘાણીએ પુછ્યું કે મા, તારે કોઇ દીકરો નથી ?

માની આંખમાં ઝળઝળિયા આવી ગયાં.. એણે કહ્યું કે, 'દીકરો તો હતો ભાઇ, અમે ખારવા (માછીમાર) છીએ. મારો દીકરો ભાવનગરના એક શેઠનું વહાણ ચલાવતો હતો. આજથી પંદર વર્ષ પહેલા મધદરિયે વહાણ તૂટી ગયું અને મારો દીકરો દરિયામાં ક્યાંક ખોવાઈ ગયો. એનો બાપ તો નાનપણમાં જ પરલોક ચાલ્યો ગયો હતો. એટલે મારું મોત આવે ત્યાં સુધી મજૂરી કરું છું.'

મેઘાણીએ કીધું કે તો પછી તમે શેઠ પાસેથી વળતર ન માગ્યું ??

અરે ભાઇ, કેવી રીતે માગું ? એ શેઠે એનું લાખો રૂપિયાનું વહાણ મારા દીકરાને ભરોસે મૂક્યું હતું અને મારો દીકરો એને કાંઠે ન લાવી શક્યો.. કયા મોઢે હું વળતર લેવા જાઉં.. ?

———

સમજદારીનું આના કરતાં ઊંચું આસન ના હોઈ શકે. પૃથ્વી ગોળ છે, તમે જ્યાં ઊભા છો ત્યાં જ કેન્દ્ર છે. જ્યાં છીએ ત્યાં અને તે જ ઊંચું સ્થાન છે. આપણામાં કેટલું ઉંડાણ છે એ મહત્ત્વનું છે.



## એકની પાછળ મીંડાનું મહત્ત્વ

| | | | |
|---|---|---|---|
| એક શૂન્ય | - દસ | તેર શૂન્ય | - પદ્‌મ |
| બે શૂન્ય | - સો | ચૌદ શૂન્ય | - મહા પદ્‌મ |
| ત્રણ શૂન્ય | - હજાર | પંદર શૂન્ય | - શંકુ |
| ચાર શૂન્ય | - દસ હજાર | સોળ શૂન્ય | - જલાવિશંકુ |
| પાંચ શૂન્ય | - લાખ | સત્તર શૂન્ય | - અંત્ય |
| છ શૂન્ય | - દસ લાખ | અઢાર શૂન્ય | - મંધ્ય |
| સાત શૂન્ય | - કરોડ | ઓગણીસ શૂન્ય | - પરાર્ધ |
| આઠ શૂન્ય | - દસ કરોડ | વીસ શૂન્ય | - મહા પરાર્ધ |
| નવ શૂન્ય | - અબજ | એકવીસ શૂન્ય | - ધુન |
| દસ શૂન્ય | - દસ અબજ | બાવીસ શૂન્ય | - મહાધુન |
| અગિયાર શૂન્ય | - ખર્વ | ત્રેવીસ શૂન્ય | - અક્ષોહિની |
| બાર શૂન્ય | - નિખર્વ | ચોવીસ શૂન્ય | - મહાઅક્ષોહિની |

# વારસો



■ ઈલા આરબ મહેતા ■

ચૂપચાપ ઘરમાં ઘૂસી જતા ઉંદરની જેમ રોગ બાના શરીરમાં ક્યારે ઘૂસી ગયો એનીય અમને ખબર ન પડી. એમ તો છેલ્લા વેકેશનમાં હું મળવા ગયેલો ત્યારે જ મને જરાજરા વહેમ પડેલો. બાનું શરીર જરા નંખાઈ ગયેલું, બા જરા વધારે થાકેલી, બાનો શ્વાસ ધમણની પેઠે ચાલતો. એ જોતાં મારા મનમાં એવો વિચારેય ઝબકીને રહી ગયો; બા કાં તો બીમાર હોય. પણ એ વખતે એવો ટાઈમેય નહોતો ને વળી ચંપાને તો એવું લાગેલું જ નહિ.

''તમને તો જરા જરામાં ગભરાઈ જવાની ટેવ છે. બાકી બાને કાંઈ નથી. ખાતરી કરવી હોય તો પૂછો તમારી બાને કે પેલા પૈસા-દાગીના ક્યાં સંતાડ્યા છે ? ડોસીનો થાક...''

''માજીનો થાકબાક બધોય નાસી જવાનો. મોંમાંથી જવાબ દે એ બીજા. લ્યો પૂછી જુવો,'' કહી ચંપાએ હોઠને ખૂણે આછું હસી લીધું ને વિચાર કરતાં એ વાત મનેય સાચી જણાઈ.

બા જબરી હતી. અમે બેઉ ભાઈ શે'રમાં, પણ ઘરનું કામકાજ કોઈ દિવસ જોવું નથી પડ્યું. લાવવું, મેલવું, ચીજ-વસ્તુ, વટવે'વાર બધું બા સંભાળતી. હોળી દિવાળીએ વળી અમે આંટો મારી આવતાં ને ત્યારે એકાદ બરણી ચોખ્ખું ઘી કે ચૂરમાના લાડુ બા બાંધી આપતી. ચંપા કહેતી, ''આપણે તો વેજિટેબલ ઘીનાં ફાંફાં ને માજી ચોખ્ખા ઘી વગર પાટલો માંડતા નથી.''

આવી બા માંદી પડવાનો, પથારીવશ થઈ ગયાનો કાગળ ઝીણાકાકાએ લખ્યો, ત્યારે જ અમને ખબર પડી, ચંપા બોલી ઊઠી, ''હાય, હાય, માજી તો જવાં બેઠાં ને લ્યો, આપણે તો વાસીદાભેળું સાંબેલું જવા જેવું થાશે. આજકાલમાં જ ઊપડી જાવ તમે, ને જુઓ, ઝાઝું રોકાતા નહિ. દાગીનાની પેટી તો સાચવીને લેતા જ આવજો, હા. પૈસા ક્યાં, કોને દીધા છે તે જાણતા આવજો, ને વળી બાની કોખમાં જે તુલસીની માળા છે તે તો ઉતરાવી જ લેજો. હવે એમને પે'રીને શું કામ છો ? ને હા...''

''તું આમ શ્વાસભેર બોલ્યે જાય છે પણ બા પાસે દાગીનો છે કે રોકડ છે એની તને ક્યાં ખબર છે. આપણને કોઈનેય ખબર નથી. બાપાનું એક ખેતર છે ખોબા જેવડું ને પડું પડું થતું ખોરડું છે એટલી ખબર છે.''

'લ્યો બોલો. તમે તો ભાઈબાપામાં રહી જશો ને તમારાં સરોજભાભી જોયા છે ને ? મા' પોંચેલ છે. એક કાણો ફદિયોય તમારા હાથમાં આવવા દે તો મને કે'જો. એટલે જ કહું છું કે ઊપડી જાવ.'

ચંપાની ભવિષ્યવાણી સાચી પડવાની ન હોય તેમ નીચેથી સરોજ ભાભીનો અવાજ સંભળાયો. પછી કાંદા બટેટાની ગૂણ જેવું એમનું જાડું શરીર ઘસડતાં તેઓ દાદર પર ચડી ઉપર આવ્યાં. હાફતાં હતાં. જરા વાર એમ ને એમ બેસી રહ્યાં.

મારી પત્ની ચંપા કરતાં એમનું નામ વધારે ફેશનવાળું હોવાનું ને ચંપા કરતાં મુંબઈમાં પાંચ વર્ષ વધારે ગાળ્યાનું અભિમાન સરોજભાભીના મોં પર સદા લખાયેલું રહેતું. કંઈ નહિ તો ચંપાને તો એમ જ લાગતું, ''બહુ દિવસ થઈ ગયા ચંપા, તમે તો કાંઈ દેખાતા જ નથી.'' સરોજભાભીને કહ્યું.

''ક્યા ફુરસદ જ મળે છે ! જુઓ ને ! આ રોજ કાંઈ ને કાંઈ-''

નોકરો, સાડીઓ, શાકભાજીના ભાવ-તાલની વાતો કરતાં બન્ને જણાં એકબીજાની રમત પારખવા મથી રહ્યાં.

એ તો સ્પષ્ટ જ હતું કે ઝીણાકાકાએ જેમ અમને તેમ મોટાભાઈને કાગળ લખેલો હશે જ. સરોજભાભીનું આગમન એ કાગળના અનુસંધાનમાં જ હતું. અમારી જેમ એ લોકોની એક આંખ માના દાગીનાના દાબડા પર હતી એય સ્પષ્ટ હતું.

પણ આ વિશે કોઈ પોતાનો વ્યૂહ સામને કહેવા નહોતું માગતું. મરેલો ઉંદર જોતાં કા કા કરી મૂકતા કાગડા કરતાં માણસો થોડા ચડિયાતા છે ખરા !

મારા વિચાર પર મને જ ઘૃણા ઊપજી. એક ઘડી બાનું કરચલીઓથી ભરાઈ ગયેલું મુખ મેં જોયું. એ વટાવી બાનું હસતું યુવાન સ્ફૂર્તિલું મોં પણ મનમાં તરી આવ્યું.

મારાથી બોલી પડાયું, ''બા ત્યાં બીમાર છે, એ ખબર છે ને સરોજભાભી ?''

ચંપાની નજર વીજળીની જેમ મારા પર ત્રાટકી.

સરોજભાભી બોલ્યાં, ''હા રે ભાઈ, અમનેય ખબર પડી, વળી હમણાં હમણાંનું મારું શરીરેય સાવ નંખાઈ ગયું છે. થાય છે કે થોડા દિવસ દેશમાં આંટો મારી આવું, બા પાસેય બહુ દિવસ થયા ગયાં નથી તે રહેવાશે.''

નજરમાં ઉગ્રતા જેટલી જ અવાજની મીઠાશ લાવી ચંપા બોલી: 'હા રે. તમારા દેર તો આજ સાંજની ગાડીએ જ જાય છે. તમે સરોજભાભી અઠવાડિયું રહીને જજો. એટલે બાને વારાફરતી કંપની મળશે.'

''વિજયભાઈ જવાના છે ? કાંઈ જરૂર નથી. હું જવાની છું ને ?''

''ના રે. એમને તો જવું જ પડે.''

સહેજ ઝીણી આંખ કરી સરોજભાભી મારી તરફ તાકી રહ્યાં. પછી ડોકું ધુણાવતાં બોલ્યા., ''સાંજની ગાડીમાં જ ઊપડો છો ? તોતો લ્યો ને હુંય તમારો સંગાથ કરું. મારેય વળી એકલાં વીરમગામ ગાડી બદલવી ને ઈ બધું થાતું નથી. મારીયે ટિકિટ ભેગાભેગી લઈ રાખજો.''

સરોજભાભી વિદાય થયાં ને ચંપાનો જ્વાળામુખી ફાટયો. ''તમને કોણે બોલવાનું કહ્યું'તું ? હવે કરો મજા. હું ઓળખું છું એને. ભારે ઉત્સાહ છે. તમને કાલું કાલું બોલી છેતરી ન જાય તો કે'જો.''

''પણ છેતરવાનું છે શું ચંપા ? જોઈએ તો છાપરા પરનાં નળિયાં કાઢી જાય.''

પણ મારા હાસ્યથી એ ઊલટી વધુ ધૂંધવાઈ ને કહ્યું: ''તમને એમાં ન સમજ પડે. ચાલો હુંય ભેગી આવું છું.''

ચંપાએ અમારો સામાન બાંધ્યો. અમે સ્ટેશને પહોંચ્યાં. ટિકિટ કઢાવવાની લાઈનમાં મોટાભાઈ પણ ઊભા હતા.

અમે બધાંએ એકબીજાની સામે જાયું ને સમજી ગયાં.

''આ પાડોશીઓ નવરાં પડવા દે તો માને. પુછાય કાંક ! હાલ્યા જ આવે છે. હાલ્યા જ આવે છે !''

''ગામડાંના ભોથાં ! સમજે નહિ કોઈ વાતમાં.'' સરોજભાભીએ સૂર પુરાવ્યો. વાત સાચી હતી. ગામલોક સાવ ગમાર ને ગામડિયા હતા. નંદુ ડોશી તો ખાટલો ઝાલીને બેસી રહેતી. બાને સમજાવીને કાંજી પાવી, કપડાં બદલવાં, વળી, કારભારમાં આખો દિવસ કાઢી નાખતા માસ્તર પણ એક વાર આંટો મારી જતા. પુરીબાઇ ને રતન તો ઓટલે બેસી રહેતી.

ઘડીય શાંતિ નહિ. બા પાસેથી શાંતિથી બેસી દરદાગીના કે ચીજ-વસ્તુ કઈ કયાં છે તે જાણવાની કોઈ તક જ નહિ.

ઝીણાકાકાએ મને કહ્યું, ''ભાઈ તમે શે'રવાળા એટલે માણસની અવરજવરથી કંટાળી જતા હશો નહીં ? શું કરીએ ? ગઈ સાલ કાકી માંદી હતી તંયે બાએ પંડે પૈસા ખરચી શેરથી ડૉક્ટર બોલાવ્યો હતો. એનાથી તો તારી કાકી બચી ગઈ. હવે અમે એમને કામ ન આવીએ તો એમને ભૂંડું લાગે ભાઈ !''

''સારું ને કાકા, અમને ઘણી મદદ થાય છે.'' ખોટું હંસી મેં જવાબ દીધો.

''એ તો ભાઈ રખત-રખાં છે. આખા ગામમાં એવું કોઈ ઘર નહિ હોય જ્યાં તારી બાનું ઓશિંગણ ન હોય ! ગામલોકેય એમને
બા જ કે' છે. સહુની બા.''

એ ગયાં ત્યારે ચંપા એમના ચાળા પાડતી બોલી ઊઠી, ''સહુની બા'. ડોશી પૈસા ખરચે એટલે વા'લી લાગે કાં ?''

''ચંપા !''

''ઠીક લ્યો હવેથી 'બા' જ કહીશ, બસ ! થયાં રાજી ?'' એવો છણકો કરી એ અંદર ચાલી ગઈ.

હું અંદર ગયો. બા સૂતી હતી. બાએ ચંપાના શબ્દો સાંભળ્યા હશે ? પણ એનો ચહેરો એવો જ સ્વસ્થ હતો. આંખો બંધ હતી. કરમાઈ ગયેલાં ફૂલોની માળા જેવું એ શરીર લાગતું હતું. એવું જ ગૌરવશીલ એવું જ વહાલું. મેં પાસે જઈ એના માથે હાથ ફેરવ્યો.

ત્યાં ચંપા આવી. બાએ આંખો ખોલી. આછું હસી. ચંપા બાના પગ આગળ ગોઠવાઈ ગઈ.

''બા, આ તમારી માળા તો અસલ સોનાની છે. અત્યારના દાગીના તો સાવ ફોફાં !''

''રાજકોરબાએ આપી હતી,'' બા ધીરેથી બોલ્યાં. ''તમારા સસરાને તો એ પૂજતી હતી.''

''તોતો રાજકોરબાએ તમને ઘણું ઘણું આપ્યું હશે નહિ ? ક્યાં છે ? જરા અમનેય બતાવો.''

બાએ ડોકું ધુણાવ્યું ''આપણે કોઈનું ન ખપે બેટા, કોઈનું લીધે રાજી ન રહેવું. કોઈને દીધે રાજી રહેવું.''

''એ તો બા વૈરાગીની વાતો, આજકાલ એ જમાના ગયા.''

''જમાના ભલે જાય બેટા, માણસ કે ધરમ થોડા જાય છે ?'' બા બોલી, હવે એને ખૂબ થાક લાગ્યો હતો. એ આંખો બંધ કરી પડી રહી.

બીજા બેત્રણ દિવસ વહી ગયા. રોજ કોઈ ને કોઈ ગામવાસી સવારથી હાજર થઈ જતું. કોઈને છાપરે નળિયાં બાએ નંખાવી આપેલા, તો કોઈના જમીનના ઝઘડામાં બાએ સમજાવટ કરી આપી હતી. કોઈને કાંઈ, કોઈને કાંઈ....

''ડોશીએ ઠીક આપણી ગેરહાજરીમાં સદાવ્રત ખોલેલું.'' ચંપા ચિડાઈ.

એમાંય રતનબાઈના વરને દારૂ છોડાવી અમારું ખેતર ખેડી ખાવાની બાએ રજા આપી. એ જાણતાં તો સરોજભાભી તો જાણે મારું કે મરું.

ફટાક દઈને ઘરનાં બારણાં જ બંધ કરી દીધાં. કહી દીધું કે ડૉક્ટરે બાને આરામ આપવાનું કહ્યું છે. કોઈએ આવવાનું નથી.

''બા'' ચંપાએ બા પાસે જઈ, શક્ય તેટલા સભ્ય ને મીઠા અવાજે પૂછયું, ''બા, દરદાગીના ચીજ-વસત હોય તો અમને કહી દેજો હોં ! નહિતર વળી પાછળથી એટલે કે અમે જઈએ પછી વળી તમારે ઉપાધિ...''

બાને ઉધરસ મટી હતી. એની પીઠ પર હાથ પસરાવતો હું પાસે બેઠો હતો.

ધીરે ધીરે ઉધરસ ગઈ. બા આંખો બંધ કરી પડી રહી.

બંધાએ જ પ્રશ્ન ખેવડાવ્યો. જવાબમાં બા કંઈ થોડું થોડું બોલી. નીચે ઝૂકી મેં એ સાંભળવાની કોશિશ કરી. ''શામળો ઓછું લાગું.'' એવું કંઈ સંભળાયું.

બાનો અવાજ અસ્પષ્ટ. અસ્ફુટ ઊંડે થકી જતી પાતાળ-ગંગાને કાન માંડી સાંભળી શકે તેવો.

શું બબડે છે માજી ?'' ચંપાનો ''ધડામ્'' દઈને પથરો પડે તેવું વાક્ય પછડાયું.

કાળનાં નિરંતર વહેતા પ્રવાહમાં
આપણાં થોડા વર્ષો નો હિસાબ શા માટે રાખવો !
આયુષ્ય એ ભરીભરીને આપ્યું ત્યાં
નથી મળ્યું નો હિસાબ શા માટે રાખવો !
મિત્રોનાં લખલૂટ પ્રેમ સામે
શત્રુનાં બોલવાનો હિસાબ શા માટે રાખવો !
આવનારા પ્રત્યેક દિવસ છે પ્રકાશમાન અહીં
તો રાત્રીના અંધકારનો હિસાબ શા માટે રાખવો !
આનંદની બે ક્ષણ બસ છે જીવવા માટે
તો ઉદાસીની ક્ષણોનો હિસાબ શા માટે રાખવો !
મળ્યા છે ફૂલો અહીં કેટલાક સહૃદયો કનેથી
તો કાંટાની ચુભનનો હિસાબ શામાટે રાખવો !
ચંદ્રનો પ્રકાશ જો છે આટલો આહ્લાદક
તો સૂર્યનાં ઊઠેલા છાલાંનો હિસાબ શા માટે રાખવો !
કંઈક તો નક્કી સારું છે બધામાં
તો થોડી કમી નો હિસાબ શા માટે રાખવો !.

મેં ચંપા તરફ જોયું ને પહેલી વાર મને ચંપાનો ચહેરો વિચિત્ર લાગ્યો.ગોળ સામી કરોળિયાના જાળા જેવો જણાવો.

સરોજભાભી ચંપાને અંદર બોલાવી ગયાં. બંને જણાંએ ઘર સાફસૂફ કરવા માંડયું.

માળિયું સાફ કર્યું. ભગવાનના ફોટા, બાપાજીના જૂનાં કપડાં ને અમારાં નિશાળનાં ચોપડાં જૂની તૂટેલી ટૂંકોમાં હતાં. પછી ડામચિયો ઉથલાવ્યો, ચૂલો ખોધો, પટારો ફેંધો, કુલ મળી બાનું પાનેતર, બાપાના પાનની પેટી ને ભાંગી ગયેલા હાથવાળા કૃષ્ણની હસતી મૂર્તિ હાથ લાગ્યાં.

ઘર રમણભમણ થઈ ગયું. બારણે ટકોરા પડયા.

''ખબરદાર, બારણા ખોલતા નહિ. એક વાર આનો નિવેડો લાવવા દો,'' સરોજભાભી બોલ્યાં ને બારણું ખોલવા જતાં મોટાભાઈ બેસી ગયા.

ફરી ટકોરા. રાજકોરનો અવાજ : ''વિજુભાઈ... વિજુભાઈ, બારણાં ખોલો.''

સરોજભાભી ને ચંપા રઘવાયાં બની ઘરમાં વારસો શોધતાં હતાં.

બારણે રાજકોર કહેતી હતી : ''બા મને મેલીને વયાં ગયાં છો તો યાદ રાખજો હોં ! કૂવે પડીશ. એક વાર તમે બચાવી'તી, પણ આ ફેરા....''

''ગામડાંના ભોથાં !'' ચંપા ચિડાણી. હાથ લાગેલી રામનામની ચોપડીનો એણે ઘા કર્યો.

મે. બા તરફ, બારણાં ને ચંપા તરફ જોયું.

બાના ઘરડા ચહેરા પર સૂરજનો આટલો પ્રકાશ કાં ?

ધૂળ, જાળાં ને મેલથી ભરેલી ચંપા હજુય ફાટેલી ગોદડીઓમાં શું શોધી રહી હતી ?

હું ઊઠયો બારણાં તરફ આગળ વધ્યો.

''બારણાં ખોલી નાખવા દે ચંપા. બાનો વારસો બારણાંની બહાર દાટેલો છે. ઘરમાં નથી.''

ને મેં બારણા ખોલી નાખ્યાં.

✸✸✸

## વાચકોની વિચારગોઠડી


આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

તંત્રી સ્થાનેથી...

**Sandhyaben,**

**For the editorial of march**

It was a great, meaning full article, gives the importance of women, their contribution, achivment, and importance in the life. You have covered everything in the mind blowing article. How they have been able to survive their families during corona period. Man can never be superior compared to women. I'm proud of you and your super duper cute article. May god bless you with good moral principles, power and ethics, to uplifment of the society. Thanks

**Kishor kamdar**

Andheri

**પરમ આદરણીય વિદુષીબહેન સંધ્યાબહેન શાહ**

પ્રથમ તો અખંડાનંદ માસિકનો આભાર કે જેમણે સંધ્યા શાહના પ્રવાસ વર્ણનો માણવાની, ચિંતન કરવાની તક પ્રસાદની જેમ આપી. ફોન ઉપર અભિનંદનની સામે ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા માસિક પત્રિકાની ત્રણ સોનાની લગડીથી પણ વધુ કિમતી, જ્ઞાનની સુવાસ ફેલાવતા અંકો મને મોકલી આપ્યા. સંધ્યાબહેન, બધા લેખો એટલા ભવ્ય છે કે આપ તંત્રી લેખ લખીને આ જીવનલક્ષી લેખોને મધુર બનાવીને જીવનના અનેક પ્રશ્નોને હળવાફુલ બનાવી હૃદયમાં આરૂઢ કરી દો છો. વિવિધ વિચારસરણી ધરાવતા લેખકો, અનેક સાહિત્યકારોના લેખોથી તમારા વાચકો ધન્ય બને છે અને તેવા બનવા માટેની પ્રેરણા પામે છે. અરમાનની ઉડાન, મીરા શૈલેષભાઈની યુવાન દીકરી બંસરી નાનપણનાં સપનાથી ઇન્ટરનેશનલ પાયલોટ બની. કરાટે અને પીસ્તોલની હરીફાઈમાં આ હીંમતવાન છોકરીએ પુરા ભારતના જૈનોને ધન્ય કરી દીધા છે. મારા ચિત્રોની કૃતિઓનો એક પોર્ટફોલિયો મેં તેનું બહુમાન કરવા તૈયાર રાખ્યો છે. આ મેગેઝીનના આર્ટ પેપર ઉપર છપાએલ ફોટો- શ્રદ્ધાંજલિ - મેટ્રીમોનિયલ અને જ્ઞાતિની બીજી માહિતીને સુંદર રીતે ડીઝાઇન કરીને અદ્‌ભુત રીતે પ્રિન્ટરે પ્રિન્ટ કર્યા છે તે પણ અભિનંદનીય છે આ પત્રિકા તમારા સમાજની પ્રગતિનો અરીસો છે. સમાજનું ધોરણ તેના યુવાનોની સાંસ્કૃતિક પ્રવૃતિ છે. સંધ્યા બહેન, યુવાનોના સંસ્કાર ક્લાસિકલ સંગીત જેવા બને તે માટે લેખોમાં ચિત્રકલા, લોકકલા, શિલ્પ-નૃત્ય- સંગીત - સ્થાપત્ય પ્રવાસ, પ્રકૃતિ તંદુરસ્તી વિષે પણ સજાગ રહીને આપે સ્થાન આપ્યું છે. તમે એવા લેખોને સ્થાન આપ્યું છે કે મેગેઝીન ઘરમાં આવતાં પ્રથમ વાંચવા માટે પડાપડી થતી હશે.

હું ચિત્રકાર છું જેથી પ્રકૃતિમાં જઈને ચિત્રકામ કરું છું. તેના થોડા લેખ ક્રીએટીવ ડ્રોઈંગ સાથે મોકલીશ.

છેલ્લે તમારા ઝાલાવાડી સમાજને, તમને, તમારા પરિવારને આટલા સુંદર કાર્ય માટે અભિનંદન.

આભારી.

**જયંત પરીખ- વડોદરા**

# માનો પગાર

લગભગ નવેક વરસ પહેલાં પિતા ગુજરી ગયા. અમે અનાથ બન્યા, બા વિધવા બન્યાં. જરૂરી વ્યવહારિક કાર્યો પતાવી અમે ત્રણેય ભાઈઓ ભેગા થયા. ''બા'' અંગેની વિચારણા ચાલુ થઈ. એ કોને ત્યાં રહે ? બાનો ખુદનો ખર્ચો એ ક્યાંથી કાઢે ? છેવટે એ નિર્ણય થયો કે અમારે દરેક ભાઈએ દર મહિને ત્રણ ત્રણ હજાર રૂપિયા બાને આપવા. આમ દર મહિનેકુલ નવ હજાર રૂપિયા બાને આપવાનું ચાલું થયું.



આ અંગે બાને કોઈ અસંતોષ હતો કે નહીં એની અમને ખબર નથી; કારણ કે બાપુજી જીવતા હતા ત્યારેય બાને અમે ક્યારેય કોઈ બાબતની ફરિયાદ કરતાં સાંભળ્યાં નથી. અને અમે ત્રણેય ભાઈઓ તો એમ જ સમજતા હતા કે એકલી બાને દર મહિને નવ હજાર આપણે આપીએ છીએ. એ રકમ તો બાની જરૂરિયાત કરતાં ઘણી વધારે છે. એટલે બાને નવ હજારથી સંતોષ છે કે અસંતોષ એને પૂછવાની જરૂર જ નથી. અસંતોષ હશે તો બા આપણને સામેથી કહેશે, પણ એક દિવસ બપોરે આરામ કરીને હું ઉઠ્યો અને અચાનક મારા મનમાં એક વિચાર આવી ગયો. ''જે બાએ આજ સુધીમાં મારી પાસેથી જેટલું લીધું છે એના કરતાં વધુ આપ્યું છે, બદલાની અપેક્ષા વિના આપ્યું છે, આપીને પાછું એ ભૂલી ગઈ છે. એ બાને અમે ત્રણેય ભાઈઓએ નવ હજારનો માસિક પગાર બાંધી આપ્યો ? આ નવ હજાર પણ એની જરૂરિયાત કરતાં વધુ છે એનો નિર્ણય એને ન પૂછતાં અમે પોતે જ કરી લીધો ? અમારા પરના એમના અનંત ઉપકારને અમે નવ હજારમાં બાંધી દીધો ? એ તો ધરતી જેવી છે. જે પણ તકલીફો આવશે, એને એ સહન કર્યે જ જશે, પણ અમારી કૃતજ્ઞતાનું શું ? ખાનદાનીનું શું ? બીજા બે ભાઈઓને જે કરવું હોય તે કરે, પણ મારે પોતે તો આ ગણિતમાં ફેરફાર કરવો જ જોઈએ.''

બસ આ વિચારે પથારીમાંથી ઊભો થઈ કબાટ ખોલીને રોકડા પાંચ લાખ રૂપિયા કાઢ્યા. લઈને ઉપડ્યો સીધો નાના ભાઈના ઘરે કે જ્યાં બા રહેતાં હતાં. બાના પગમાં પડીને પાંચ લાખ રૂપિયા એના ચરણોમાં મૂકી દીધા. ''પણા આટલા બધા રૂપિયા શેના ?'' બાએ પૂછ્યું. ''આટલા વખત સુધી કરેલી ભૂલના પ્રાયશ્ચિતના !''

આ રૂપિયા તારી ઈચ્છા મુજબ તારે વાપરી નાખવાના અને આ રૂપિયા ઓછા પડે તો તારે બીજા માગી લેવાના. આજથી તારો નવ હજારનો પગાર બંધ ! પૈસા કમાવવાની અમે મર્યાદા નક્કી નથી કરી, તને રકમ આપવાની અમે નક્કી કરેલી મર્યાદા પણ આજથી બંધ !''

# તમે શું કર્યું ?

હજરત ઈસાને મિસરના રાજાએ ગિરફ્તાર કર્યા હતા. કારણ એ કે જેમના પ્રત્યે લોકોને આદર હોય તેમને જેલમાં પૂરવાથી લોકો પાસેથી જોઈએ તેટલું ધન કઢાવી શકાય. હજરત સાહેબને કેદમાં પૂર્યાના સમાચાર ચારે બાજુ ફેલાતાંની સાથે જ લોકો રડી ઊઠ્યા. દેશમાં જે અમીર-ઉમરાવો ને ધનિકો હતા તેઓ પોતાની બધી માલમિલકત લઈને હજરત સાહેબને છોડાવવા દોડ્યા પરંતુ રાજાને એટલું ધન પણ ઓછું પડ્યું.

આ વાત પણ દેશભરમાં ફેલાઈ ગઈ. નાનાં-મોટાં સૌ ચોંકી ઊઠ્યાં. ઊંડાણના ગામની ભાગોળે એક ડોશી રહે. એનું એક જ કામ : ખુદાનું નામ લેવું અને રેંટિયો કાંતીને પેટ ભરવું. તેને કાને આ વાત પહોંચી. તેને થયું : ચાલ, હુંય ઊપડું.

ડોસીમા પાસે બીજી તો કાંઈ મૂડી હતી નહિ; હતી હાથે કાંતેલા સૂતરની ફક્ત ચાર-પાંચ આંટી. એ આંટીનું બચકું વાળીને માજી નીકળી પડ્યાં. લાકડીને ટેકે ચાલ્યાં જતાં હતાં. રાજમાર્ગ પરથી એ નીકળ્યાં ત્યારે જુવાનિયાઓએ ટીખળ કર્યું : ''ડોસીમા ! આટલાં ઉતાવળાં ક્યાં ચાલ્યાં ?''

ડોસીમા કહે, ''રાજાને મહેલે.''

''કેમ, કાંઈ નજરાણું ભરવા જાઓ છો ?''

''ના ભા, ના. અમારે ગરીબને વળી નજરાણું શું ?''

''અરે ભાઈ !'' એક ટીખળી બોલ્યો, ''એ તો હજરત સાહેબને રાજા પાસેથી છોડાવવા જાય છે !''

ત્યાં તો બીજાએ કહ્યું, ''ડોશીમા દેખાય છે સાદાંસીધાં, પણ બગલમાં બચકું લીધું છે તેમાં રતન હશે રતન. હજરત સાહેબને હમણાં છોડાવી લાવશે !''

''હા બેટા,'' ડોશીમા બોલ્યાં, ''જાઉં છું તો હજરત સાહેબને છોડાવવા, આજ સવારે જ મારા કાને વાત પડી ને હું ચાલી નીકળી છું.''

''લ્યો, આ ડોશીમા હજરતને છોડાવી લાવશે !.... અરે, ભલભલા અમીરોનું ધન ઓછું પડે છે, તો તમારી પાસે એવાં ક્યાં રતન છે ?''

''મારી પાસે તો શું હોય, ભઈલા ?''

''પણ બતાવો તો ખરાં !''

છોકરાઓએ બહુ આગ્રહ કર્યો, ત્યારે ડોશીએ પોતાની પોટલી છોડી. અંદરથી સૂતરની ચાર આંટી નીકળી.

''માજી ! શું આ ચાર આંટીઓથી તમે હજરતને છોડાવી લાવવાનાં હતાં ? પાછાં વળો, પાછાં !''

''ભાઈ, હજરત સાહેબ છૂટશે કે નહિ, તેનો વિચાર હું ક્યાં કરું ? પણ ખુદાના દરબારમાં જ્યારે પુછાશે કે હજરત સાહેબ કેદમાં પુરાયા હતા, ત્યારે તેમને છોડાવવા તમે શું કર્યુ ? ત્યારે હું મોં નીચું ઘાલીને ઊભી તો નહિ રહુંને ?''

## સફળતાનું રહસ્ય



ક્રેસ્ગે નામનો એક અમેરિકન.

૭૦ વર્ષની વયે ધંધામાંથી નિવૃત્ત થઈને એણે દુકાન કાઢી. એ પછી ૨૯ વર્ષમાં એણે આખા અમેરિકામાં એક હજાર રીટેલ સ્ટોર્સ શરૂ કરીને ડંકો વગાડી દીધો. એ લગભગ સો વરસનો થઈને મરણ પામેલો. એટલા ગાળામાં એ એક અબજ અને સાઠ કરોડ કરતાં વધારે રૂપિયા કમાયેલો.

એ દિલનો પાછો એવો દાનેશ્વરી કે આમાંથી મોટી રકમ એણે દાનમાં આપી દીધેલી.

એ કહેતો : 'હું કદી ઈશ્વરની મહાનતા અને માનવીના ગૌરવને ભૂલ્યો નથી. હું જન્મ્યો ત્યારે આ જગત જેવું હતું એના કરતાં એને જરાક વધારે સારું બનાવવા મેં મારાથી થાય એટલા પ્રયત્ન કર્યા છે. મને ઠીક ઠીક સંતોષ થાય છે.'

જીવનની સફળતાના રહસ્ય વિષે પૂછવામાં આવતાં એણે કહેલું : 'મારી જીવન ફિલસૂફી સાવ સાદી છે. વહેલા જાગવું. વહેલા સૂઈ જવું. સખત મહેનત કરવી. લોકોને ઉપયોગી થવું. સખત મહેનત કરવી. લોકોને ઉપયોગી થવું. કોઈ પણ ખોટપને મગજમાં રાખવી નહીં. પોતાના કામમાં મસ્ત રહેવું હંમેશાં ઉત્સાહ જાળવવો ને ભગવાનને ભૂલવા નહીં. આ બધાની સામે ગમે એવા કપરા સંજોગોના ભુક્કા બોલી જાય છે!'

– ડૉ. પ્રકાશ ગજ્જર

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M.,
C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD®
Complete Car Solutions

F-5, Nisarg Heaven CHSL, Pawandham Lane,
Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099

*Now also at Borivali*

Ahead of BPCL Petrolpump, I.C. Colony,
Link Road, opp. Metro Pillar No. 144, Borivali (W)
Mumbai- 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com www.autoworldindia.in

(Advt.)

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## 'ગુડ મોર્નિંગ – આવજો – આભાર...'

એક ફેક્ટરીમાં એક ભાઈ શનિવારે સાંજે છુટવાના સમયે તેમનું મશીન બગડ્યું આથી તેને સરખું કરવામાં મશગુલ થઈ ગયા. તેમને સમયનું ભાન ના રહ્યું. મશીન રીપેર થઈ ગયું. પછી તેમનું ધ્યાન ગયું કે બધા જ માણસો ફેક્ટરીમાંથી ચાલ્યા ગયા છે. મુખ્ય દરવાજો પણ બંધ થઈ ગયો છે. હવે કોઈ આવીને મુખ્ય દરવાજો ખોલે તેવી આશા નહિવત હતી. તેમને લાગ્યું કે સોમવાર સવારે આવીને કોઈ આ દરવજો ખોલે ત્યાં સુધી હવે અંદર જ પુરાયેલા રહેવું પડશે. તેમણે સાચા દિલથી પ્રભુને યાદ કર્યા. ત્યાં એક ચમત્કાર થયો.

બારણું ખુલવાનો અવાજ અને પ્રકાશ બારણામાં રેલાયો. ફેક્ટરીનો ચોકીદાર અંદર દાખલ થયો. તેમણે કહ્યું : 'અરે તું અંદર અને આ સમયે ક્યાંથી?' ચોકીદારે જવાબ આપ્યો : 'તમને શોધવા જ હું અંદર આવ્યો.' ભાઈને વધુ આશ્ચર્ય થયું અને ચોકીદારને પૂછ્યું : 'તને એવું કેવી રીતે લાગ્યું કે હું અંદર રહી ગયો હોઈશ?'

ચોકીદારનો જવાબ બહુ હૃદયસ્પર્શી હતો : 'સાહેબ! આ ફેક્ટરીમાં ૫૦ જણા કામ કરે છે. એમાંથી તમે એકલા જ ફેક્ટરીમાં આવો ત્યારે મને પૂછો છો... કેમ છો? જતી વખતે પણ તમે એકલા જ મને કહો છો... આવજે. તમે ક્યારેક મારા કુટુંબીજનોના પણ ખબર અંતર પૂછો છો અને નીકળતાં થોડી વાર થાય તો એકલા જ મારો આભાર માનો છો. આજે તમે આવ્યા ત્યારે તમે મને હસીને... કેમ છો પૂછ્યું હતું. પણ જતા મને 'આવજો' કહેનાર કોઈ હતું નહીં. આથી મને થયું તમે આવજો કહીને મને મળવાનું ભૂલો નહીં. નક્કી તમે તમે અંદર જ રહી ગયા છો. આથી હું શોધવા અંદર આવ્યો.'

નાની વાત આપણને કેટલું શીખવાડી જાય છે?

# BIO-DATA



**NAME** : **DEVANSHI JAYESHBHAI SHETH**
Birth Date : 04/11/1995
Birth Time : 11:56 P.M.
Birth Place : Surendranagar
Height : 5' - 4" ,
Weight : 61 Kg.
Native : Wadhwan City
Education : Computer Engineering
Working : 3D Edtech Pvt. Ltd.
Hobbies : Travelling And Music
E-mail : shethdevanshi999@gmail.com
Religion : Dasha Shrimali Sthankvasi Jain
Residence Add : 1. B-1/401 Green Acers, Opp. Auda Lake, B/H Holiday Inn, Prahladnagar, Ahmedabad.
2. Jail Road, Opp. Ajramar Upasray Surendranagar.
3. B/404 Shiv Orchid, Vimalnath Society, Surendranagar -363001.
Father : Jayesh Rajnikant Sheth (Lukhi) 9426206170 / 8849288804
Business : Ceramic Raw Materials Supplier
Address : Sheth Manekchand Kunverji Mahavir Sales Corporation, Tower Road, Surendranagar
Mother : Parasben (Priya) Jayeshbhai Sheth 9427394865
Younger Brother: Monil Jayeshbhai Sheth - 9016559901
Grand Father : Late Shri. Rajnikant Manekchand Sheth (Lukhi)
Grand Mother : Nirmalaben Rajnikant Sheth
Faiba : Jayshriben Mukeshbhai Turakhiya (Kandivali) 7021724450
Fuva : Mukeshbhai Rameshchandra Turakhiya (Kandivali) 9653224195/9224610621
Mosal : Nandlal Popatlal Barbhaya (Botad) 9428958791/9824347971 Manglaben Nandlal Barbhaya
Mama : Late. Rajeshkumar Nandlal Barbhaya
Mami : Late. Harshaben Rajeshkumar Barbhaya

(Advt.)

# BIO-DATA



**Personal Details**
Name : **ISHITA SANJAY TURAKHIA (SHAH)**
DOB : 4th January 1993
Time / Place : 5:10PM / Borivali, Mumbai
Height/Weight : 5’3" / 65kg
Caste : Zalawadi Dashashrimali Sthanakvasi Jain
Native Place : Sudamada, Surendranagar
Hobbies : Baking, Cooking and Travelling
Education : MBA (Finance) from K.J. Somaiya, Mumbai
BE (IT) from DJ Sanghvi, Mumbai
Profession : Business Analyst at Wipro Ltd., Mumbai
Previously worked for CapGemini

**Family Details**
Father : Sanjay Prataprai Turakhia (9821025601)
Father’s Business : Jai Steels (Darukhana, Mumbai- 10)
Mother : Jayshree Sanjay Turakhia(9821225601)
Elder Sister : Dr. Ruchita Smeet Gopani - (BHMS) (Borivali) (9821625601)
Brother-in-law : Smeet Harshadbhai Gopani (Founder, Street Wise Financial Services) (9820375743)
Resi. Add. : A-601, Adarsh North Avenue, Adarsh Vihar Complex, Off Marve Road, Malad (W), Mumbai – 400064. 022-28010084
E-mail Id : turakhia.sanjay65@yahoo.in

**Paternal Details**
Grand Father : Late Prataprai Amrutlal Turakhia
Grand Mother : Late Jasumati Prataprai Turakhia
Fuva : Sunilkumar Rasiklal Vora (Malad – 9920015554)
Faiba : Nisha Sunilkumar Vora

**Maternal Details**
Mosal (Nana) : Late Kalidasbhai Chaturdas Shah Native Swamina Gadhada
Nani : Sarla Gauri Kalidas Shah
Uncle (Mama) : Jayesh Kalidasbhai Shah (Goregoan – 9320258693)
Aunt (Masi) : Nayna Manishkumar Shah (Surat – 9377768585)
Harsha Yogeshkumar Doshi (Kandivali – 9867335969)

(Advt.)

# BIO-DATA



**NAME : HARSH YOGESH SANGHAVI**
Birth Date : 25th May 1993,
Birth Time : 10:02 P.M.
Place of Birth : Malad, Mumbai
Height : 5' - 7"
Qualification : Chartered Accountant
Profession : Finance Manager - SBI Life Insurance
E-mail : harsh.0525@gmail.com
Interests : Sports, Music & Reading
Caste : Zalawadi Visa Shrimali Sthanakvasi Jain
Native Place : Wadhvan City

**Family Details**
Father : Yogeshbhai Rasiklal Sanghavi (Real Estate Agent) (9664760858)
Mother : Naynaben Yogeshbhai Sanghavi (House-Maker) (9870534570)
Elder Brother : Jimit Yogeshbhai Sanghavi (CA, Working with JP Morgan Chase)
Sister-in-Law : Saloni Jimit Sanghavi (MBA, Working with TGL Co.) D/o. Chetanbhai Harjivandas Shah (Barbhaya), Wadhvan (8928098129) - Dahisar

**Paternal Family :**
Grand Parents : Late Shri Rasiklal Kanjibhai Sanghavi
Smt. Hiraben Rasiklal Sanghavi
Uncles : Anilbhai Rasiklal Sanghavi (9819932881) - Kandivali
Hiteshbhai Rasiklal Sanghavi (9004387828) - Virar
Faiba : Chhayaben Vinodkumar Shah (9920106646) - Borivali

**Maternal Family**
Grand Parents : Late Shri Amritlal Lakshmichand Gopani (Botad)
Late Smt. Shardaben Amritlal Goapani
Mama : Pareshbhai Amritlal Gopani (9322282890) - Malad
Masi : Jayshreeben Harshadkumar Shah (28070345) - Malad
Residential Add : 102, Das Bhavan CHS, Underai Road, Near Malad Police Station, Opp. R. K. Fireworks, Malad (West), Mumbai - 64.

(Advt.)

# BIO-DATA



**Personal Details**
Name : **YASH PANKAJ SANGHVI**
DOB : 14th June 1992,
Time / Place : 9:20PM / Borivali
Height : 5'6"
Caste : Zalawadi Visa Shrimali Sthanakvasi Jain
Education : 1. M.B.A (Finance) from Mumbai Educational Trust
2. B. Tech (Electronics) from NMIMS
Profession : Fixed Income Trader at LIC Mutual Fund Pvt. Ltd. (Investment Team)
Other activity : Visiting Faculty at Mumbai Education Trust - Bandra
Hobbies : Trekking, Cricket
Contact no. : +91 8976643122
ID : yashsanghvi1992@gmail.com

**Family Detail :**
Father : Pankaj Shantilal Sanghvi, (B.Com, +91 7715045034) Insurance Advisor
Mother : Jayshree Pankaj Sanghvi (B.A., + 919987038611/7977278985)
Siblings : 1. Rutuja Ravi Sanghvi +91 9892792708
2. Megha Bhadresh Barai +91 8652288896
Brother-in-Law : 1. Ravi Prakashbhai Sanghvi +92 9867309741
2. Bhadresh Mukeshbhai Baria +91 8652288895
Native Place : Limbdi
Resi. Add. : B/704, Leena Enclave, S.V. Road, Kandivali (w), Mumbai - 400067
Grand Parents : Late Shantilal Premchand Sanghvi
Late Taraben Shantilal Sanghvi
Uncle : Mukeshbhai Shantilal Sanghvi, Ghatkopar - 9892165503
Faiba & Fuva : 1. Rekhaben Rameshbhai Gosaliya, Borivali - + 91 9833153943
2. Nitaben Sunilbhai Doshi, Kandivali +91 99208 31631
Mosal : Late Himatlal Gulabchand Bavishi, Chuda

(Advt.)

# BIO-DATA



| | |
|---|---|
| **NAME** | : **SWAPNIL KISHOR DOSHI** |
| Date of Birth | : 07-01-1985 (Time : 9:50 pm, Bhavnagar) |
| Height | : 6' 2" Weight : 77kg. |
| Native Place | : Ranpur |
| Caste | : Shri Zalawadi Visha Sthanakwasi Jain |
| Education | : B.E. Electronics, from D.J. Sanghvi College of Engg. Vile Parle (Mumbai University)<br>Working as a Senior Manager at Capgemini, Mumbai since Sept.-2014. Earlier worked at Infosys Technologies |

**Family Details**

| | |
|---|---|
| Dada / Dadi | : Late Shri Vardhman Maganlal Doshi<br>Late Smt. Taraben Vardhman Doshi |
| Nana / Nani | : Babulal Leherchand Shah - Bhavnagar<br>Late Majulaben B. Shah |
| Father | : Kishor V. Doshi - Share Trading (Earlier Diamond Merchant) |
| Mother | : Meeta K. Doshi (Homemaker) |
| Brother | : Sohil K. Doshi (Younger Brother)<br>B.E. EXTC. Project Lead at BnP Paribas<br>(Mob. : 7666747500) |
| Uncle | : Anilbhai V. Doshi - Borivali, 9867387101<br>Mahendrabhai V. Doshi - Surat, 09870094970<br>Dilipbhai V. Doshi - Borivali, 9004374393<br>Mukeshbhai V. Doshi - Borivali, 9820922039 |
| Faiba/ Fua | : Raksha Jagat Doshi - Nalasopara, 7498560577<br>Swati Shailesh Sanghvi - Ghatkopar, 9619964563<br>Parul Aatish Shah - Borivali, 9699306068<br>Alpa Mahesh Shah - Kalyan, 9821132202 |
| Mama | : Vikasbhai B. Shah - Kalyan, 9822217544<br>Upendrabhai B. Shah - Bhavnagar, 7405424042, 9377100106 |
| Residence | : 36, Kesar Niketan, Carter Road No. 4, Borivali (East), Mumbai - 400066. |
| Contact Details | : Resi : 7208060604 / 9224450630<br>Whatsapp : 9503275422 / 9820410046 |
| Email Address | : swapd85@gmail.com |
| Facebook | : www.facebook.com/swapnil.doshi |

(Advt.)

## અભિનંદન



**ડૉ દીપક કાન્તિલાલ શેઠ અને ડૉ. હિના દીપક શેઠની**
**પુત્રી ચિ. ચૈતા દીપક શેઠે B.A.L.L.B. (Economics)**
**70% સ્કોર સાથે જૂન ૨૦૨૦માં ગુજરાત નેશનલ લો**
**યુનિવર્સિટીમાંથી પાસ કરેલ છે.**

**હમણાં Tri Legal Law Firm (બેંગલોર)માં અસોસીએટ ની જોબ કરે છે. ભવિષ્યમાં ખૂબ પ્રગતિ થાય એવી શુભેચ્છા.**

**ડૉ. મેઘા શેઠ દિવેકર (M.D. Psychiatry) અને**
**ડૉ. બાબાસાહેબ દિવેકર (D.M. Cardiology)**
**મિત દીપક શેઠ (આર્કિટેક)**
**શ્રીમતી રેખા ઉમેશ શેઠ અને શ્રી ઉમેશ કાન્તિલાલ શેઠ**
**શ્રીમતી પૂર્ણિમા હેમંત શેઠ અને ડૉ. હેમંત કાન્તિલાલ શેઠ**
**શ્રીમતી મૃદુલાબેન દેવેન્દ્ર દોશી અને**
**ડૉ (સ્વ) દેવેન્દ્ર એમ. દોશી**

(Advt.)

**શ્રી વિલેપાર્લે સ્થા. જૈના ઉપાશ્રય**
**માટે મેનેજર ની નિમણુંક કરવાની છે તો તે પદ માટે યોગ્ય ઉમેદવારો પાસેથી નીચે મુજબ ની યોગ્યતા ધરાવતા પુરુષ ઉમેદવારે અરજી કરવી.**

**ઉમેદવાર ની યોગ્યતા :**

- જૈન સ્થાનકવાસી સ્વસ્થ પુરુષ ની પ્રથમ પસંદગી
- ઉંમર : ૪૫ થી ૬૦વર્ષ
- વિલેપાર્લે તથા તેની બાજુમાં રહેતા ને પ્રાથમિકતા
- જૈન ધર્મ અને તેના આચરણ ની જાણકારી તેમજ તેનું આચરણ
- પૂજ્ય ગુરૂભગવંતો, સાધુ-સાધ્વીજી ની વૈયાવચ ની જાણકારી
- નિર્વ્યસની, ચોખ્ખા તેમજ સ્વભાવના સરળ સમજ દ્રષ્ટિવાળા
- એકાઉન્ટ ની જાણકારી
- ઉપાશ્રય, ઓફીસ તેમજ સ્ટાફ મેનેજમેન્ટ ની આવડત
- પગાર યોગ્યતા પ્રમાણે
- એકલા ઉમેદવાર ને ઉપાશ્રય માં રહેવાની વ્યવસ્થા

**સંપર્ક**

**શ્રી મીલનભાઈ રસિકલાલ અજમેરા - મો. ૯૩૨૨૪૦૧૩૯૮**
**શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ**
**૬૫, વલ્લભભાઇ રોડ, રેલ્વે સ્ટેશન સામે,**
**વિલેપાર્લે વેસ્ટ, મુંબઇ - ૪૦૦ ૦૫૬.**

(Advt.)

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
# અશ્રુભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. સોહીણીબેન પ્રવીણચંદ્ર ગાંધી

**મૂળ વતન-સુરેન્દ્રનગર (કટુડા),**
**હાલ કાંદિવલી, મુંબઈ**

**જન્મતારીખ : તા.૫-૧૨-૧૯૫૬**
**અરિહંતશરણ : તા. ૨૦-૦૪-૨૦૨૦**

*હંમેશાં હસાવનાર બધાને હસાવીને ચાલ્યા ગયા...*
*ભૂલી શકાય નહી તે યાદો અને સ્મરણ છોડી ગયા*
*આપની વાત્સલ્યતા, લાગણી, નિસ્વાર્થ પ્રેમ*
*સદાય હસતો ચહેરો, સર્વ પ્રત્યે પ્રેમ*
*આદર અમને પ્રેરણા આપતા રહેશે.*
*આપના દિવ્ય આત્માને શાંતિ મળે.*

**❖ આપના સદૈવ ઋણી ❖**

| | |
|---|---|
| પતિ | : પ્રવીણચંદ્ર ચંદુલાલ ગાંધી |
| પુત્રવધૂ-પુત્ર | : અવની જેકીન ગાંધી |
| પૌત્રી | : પ્રિશા જેકીન ગાંધી |
| સાસુ-સસરા | : સ્વ. શારદાબેન ચંદુલાલ મોહનલાલ ગાંધી |
| માતા-પિતા | : સ્વ. ઈન્દુબેન ચંદ્રકાંતભાઈ ચંપકલાલ શાહ (તાળાવાળા -નાથાભવન) |
| જેઠાણી-જેઠ | : સ્વ. ઈન્દુબેન રમેશભાઈ ગાંધી<br>મીનાબેન નવિનભાઈ ગાંધી |
| દેરાણી-દિયર | : ગીતાબેન નરેશભાઈ ગાંધી |
| નણંદ-નણદોઈ | : જયશ્રીબેન પ્રકાશકુમાર પારેખ<br>ભાવનાબેન કલ્પેશકુમાર દોશી |
| ભાભી-ભાઈ | : સ્વ. જાસ્મીનબેન ગિરીશભાઈ શાહ<br>પન્નાબેન નરેશભાઈ શાહ |

**સમસ્ત ગાંધી અને શાહ પરિવારના જય જિનેન્દ્ર**

Advt.

### ઝાલાવાડી સ્થા. જૈન સભા માસિક પત્રિકા
### જાહેરખબરના ભાવ તથા સાઈઝ (કદ/માપ)

● **શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા માસિક પત્રિકા** દર માસની દશ તારીખે પોસ્ટ કરવામાં આવે છે. પત્રિકામાં જાહેરખબર વહેલા તે પહેલાના ધોરણે (પાનાની મર્યાદા મુજબ સ્વીકારવામાં આવશે.)

● જાહેરખબરના ચાર્જની રકમ અગાઉથી (ઉહ્ઘટ્ત્ઠડ) સંસ્થાના કાર્યાલયને મોકલાવવાની રહેશે

● બૃહદ્ મુંબઈમાં રહેનારે જાહેરખબરની મેટર તથા જાહેરખબરના ચાર્જની રકમ રોકડા સંસ્થાના કાર્યાલયે આપવાની/મોકલવાની રહેશે. બહારગામ રહેનાર માટે જાહેરખબરના ચાર્જની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ **'SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA'** ના નામનો મોકલાવવો તથા લખાણ (મેટર) સાથે મોકલાવવા.

● આ ચાર્જ (ભાવ) એક વખતના એક પત્રિકા માટે છે.

● જાહેરખબરના ચાર્જ તથા સાઈઝ નીચે મુજબ છેઃ

| | |
|---|---|
| ૧. છેલ્લું કવર પેજ (F/C પ્રિન્ટિંગ) ૨૦x૧૭ સે.મી | રૂા.૧૦૦૦૦ |
| ૨. બીજું ને ત્રીજું કવરપેજ (F/C પ્રિન્ટિંગ)૨૧x૧૭ સે. મી. | રૂા. ૮૦૦૦ |
| ૩. આખું પાનું ૨૧x૧૭ સેન્ટિમીટર (B/W ) | રૂા. ૪૧૦૦ |
| ૪. અર્ધું પાનું (ઊભી સાઈઝ) (B/W ) ૨૧x૮ સે. મી. | રૂા. ૨૧૦૦ |
| ૫. પા પાનું (B/W) ૧૦x૮ સે. મી. | રૂા. ૧૧૦૦ |
| ૭. પેનલ (B/W) ૬x૫ સે.મી. | રૂા. ૬૦૦ |

૧. જાહેરખબરની મેટર સારા સ્પષ્ટ અક્ષરે (ફુલસ્કેપ પેપરમાં) તથા બે લાઈન વચ્ચે જગ્યા રાખી તેમ જ પેપરની એક બાજુમાં જ લખીને મોકલવું.

૨. લખાણની ઝેરોક્ષ કોપી કરાવીને સાથે મોકલાવવી જરૂરી છે.

૩. ફોટો છપાવવા માગતા હોય તો પાસપોર્ટ સાઈજનો ફોટો મોકલાવવો તથા ફોટાની પાછળ નામ લખવું જરૂરી છે. ફોટો અલગ પ્લાસ્ટિક કવર અથવા સાદા કવરમાં મૂકવો. ફોટો ઉપર સ્ટેપલ લગાડવું નહીં.

૪. જાહેરખબરની મેટર ઉપરોક્ત સાઈઝ પ્રમાણે આપવા ઈચ્છતા હોય તેમણે તે મેટરની **સીડીમાં જેપીજી ફાઈલમાં આપી શકાશે તેમણે મેટરની પ્રિન્ટઆઉટ આપવાની રહેશે.**

૫. ઓછામાં ઓછી પેનલની સાઈઝનો ભાવ (ચાર્જ) ભરવાનો રહેશે. તેમ જ પેનલથી વધારે લખાણ હશે ૧/૪ (પા) પાનાની જાહેરખબરનો ચાર્જ ભરવાનો રહેશે.

૬. કોઈ પણ સાઈઝની જાહેરખબરની મેટર ફુલસ્કેપ સાઈઝ પેપરમાં જ લખવી.

B/W = Black & White 2|21 F/C = Four Colour

# ભાવભરી - અશ્રુભીની પરિવારની શ્રદ્ધાંજલિ







**સ્વ. કઈવંતલાલ તલકસીભાઈ સંઘવી**
**(દેહવિલય : ૧-૫-૨૦૧૭ - ઉ.વ. ૮૭)**

**સ્વ. કાંતાબેન કઈવંતલાલ સંઘવી**
**(દેહવિલય : ૧૧-૨-૨૦૨૧ - ઉ.વ. ૮૭)**

**વઢવાણ શહેર નિવાસી હાલ ઘાટકોપર - મુંબઈ**

**વાત્સલ્યની વીરડી, પ્રેરણાની પરબ - અમારા જીવનની તીર્થભૂમિ સમા....**
**ગુમાવ્યું છે શિરછત્ર, સ્પંદન અને ધબકાર....**
**કિન્તુ અમર રહેશે આપનો પ્રેમ, સ્મૃતિ અને સહકાર**

આપના ધર્મપરાયણ - સરલ - સેવાભાવી - સ્વાવલંબી - પરોપકારી - વ્યવહારથી - સ્નેહસભર - આતિથ્ય ભાવનાના ભંડારી - આપના જીવનની સુવાસ અમારા દિલમાં હંમેશ મહેંકતા રહેશે. આપનાં સત્કાર્યો અને સુસંસ્કાર સદાય આદર્શ બની અમને માર્ગદર્શન આપતા રહેશે.

આપ બંનેનો પુનિત - પાવનકારી - પવિત્ર આત્મા પરમ સુખ અને પરમ શાંતિ પામે અને મોક્ષ માર્ગ પામી પરમપદને પ્રાપ્ત કરે એવી પરમકૃપાળુ પ્રભુને અભ્યર્થના.

**આપનો ગુણાનુરાગી પરિવાર**

**પુત્ર-પુત્રવધૂ** : મહેશ - મૃદુલા • વિનોદ-ભાવના • ભરત-સોનલ • અશોક-અવની,
**પુત્રી-જમાઈ** : બીના-મિલનકુમાર
**નાના ભાઈઓ** : સ્વ. ચંપકભાઈ - સ્વ. વિમળાબેન • સ્વ. રમણીકભાઈ-નિર્મળાબેન
સ્વ. કાંતીભાઈ - રસિલાબેન • ચંદુભાઈ - જ્યોત્સનાબેન
**બેન-બનેવી** : સ્વ. સવિતાબેન - સ્વ. ન્યાલચંદદાસ • મંજુલાબેન - સ્વ. ધીરજલાલ
**પૌત્ર-પૌત્રવધૂ** : સ્મીત - રચના
**પૌત્ર-પૌત્રી** : ભવ્ય, દીશી, હીનલ
**પૌત્રી-જમાઈ** : પ્રિન્સી - નિમેષકુમાર • વિધિ - કૃણાલકુમાર • મિતી - અંકીતકુમાર • રિધ્ધી - અભિષેકકુમાર
પ્રાચી - કુમારભાઈ • નિશી - સાગરકુમાર
**દોહિત્રી** : દેવાંશી - દીપકુમાર • માનસી - શીલ • જિનાંશ - નાયશા • ધીરાજ

**સ્વ. માતુશ્રી સમતાબેન તલકસીભાઈ ભગવાનદાસ સંઘવી પરિવારના જય જિનેન્દ્ર**
**સ્વ. માતુશ્રી ભૂરીબેન ગણેશભાઈ ગુલાબચંદ દોશી પરિવારના જય જિનેન્દ્ર**
**(અમારા સંઘવી પરિવારના દુ:ખમાં સહભાગી થવા બદલ પરિવાર સૌનો આભાર વ્યક્ત કરે છે.)**

Advt.

# POONAM H. PAREKH



## PHYSICAL ATTRIBUTES

Height : 5" 4"
Weight : 56 kg.
Complexion : Fair
Date of Birth : 30 Sept 1989
Birth Time : 07:10 pm
Birth Place : Surendranagar
Qualification : B. E.(CE)
Occupation : Currently working in Milestone Inc. as Sr. Software Engineer, Ahmedabad
Religion : Dasha Shrimali Sthanakwasi

## FAMILY BACKGROUND

Father : Hitendrabhai Popatlal Parekh (M-9428291492)
Mother : Asha Hitendrabhai Parekh, (M-9409043917)
Brother : Pankhil Hitendrabhai Parekh
Bhabhi : Komal Pankhil Parekh
Grandfather : Popatlal Hirachand Parekh
Uncles : Hareshbhai P. Parekh, (M-9426990483)
Late Sudeshbhai P. Parekh
Bharatbhai P. Parekh, (M-9427395749)
(Masa) : Maheshbhai M. Shah (Newage Industries), (M-9825030653)
: Jayeshbhai P. Shah, M-9426233065
(Mama) : Ketanbhai K. Gopani, Mumbai, (M-9819233442)
: Dr. Jitendrabhai J. Gopani, Botad
Mosal : Bhogilal Hargovindas Gopani, Surendranagar

## FAMILY BUSINESS

(1) **Parekh Medical Agency** A/202, 205, 206 Tulip Corpus, Opp. V. S. Hospital, Ellisbridge, Ahmedabad.
(2) **Amrut Medical Agency,** Vasna, Ahmedabad
(3) (a) **Apna Medical Stores,** Surendranagar
(b) **Apna Chemist,** Surendranagar

## CONTACT DETAILS

Address : E/402,Tulip Citadels, Near Golden Tulip Bungalows, Ambavadi, Ahmedabad
Email : hitendraparekh59@gmail.com

Ref -Nileshbhai Timbadia

# તૃતિય પુણ્યતિથી



## પ.પૂ. પિતાશ્રી ચંદ્રકાન્ત શીવલાલ શાહ

### અરિહંત શરણ
તા. ૦૭-૦૪-૨૦૧૮

જીવનભર કષ્ટ સહન કરી, પરિશ્રમ કરી,
સંઘર્ષ કરી, શૂન્યમાંથી સર્જન કર્યું તમે,
આપના થકી મળી સફળતાની શિક્ષા,
અમને આપી કર્તવ્યની દીક્ષા,
જીવન-પથના કાંટા સહન કરી તમે,
અમારા માટે ફૂલ પાથરી ગયા,
મૃત્યુને પણ બનાવી ગયા મહોત્સવ,
ગુંજે છે આજે પણ એનો ઘંટારવ,
મૃત્યુ તો છે સત્ય અને સનાતન,
છતાં પપ્પા...
મૃત્યુએ પણ વધાર્યું છે આપનું ગૌરવ...
યાદ આપની હજીયે વિસરાતી નથી...

લિ.
**સ્વ. ચંદ્રકાન્ત શીવલાલ શાહ પરિવાર (બોટાદ)**

બિમલ - અ. સૌ. રક્ષા | વિશાલ - અ. સૌ. પ્રિતી | દર્શક - અ. સૌ. દિવ્ના
યશ | હર્ષ, રિયા | દ્રષ્ટી, ધ્વનિ

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



આગમન
૦૭/૦૧/૧૯૪૪

અરિહંતશરણ
૧૭/૦૩/૨૦૨૦

# સ્વ. આશા (ચંદ્રિકા) રમેશચંદ્ર શાહ

વાત્સલ્ય મૂર્તિસમા જન્મદાતા, જીવનદાતા, સંસ્કારદાતા ને ધર્મદાતા
જેના ઉપકાર છે અગણિત એવા અમારા પૂજ્ય માતુશ્રી

જીવનભર કષ્ટ સહન કરી, પરિશ્રમ કરી, સંઘર્ષ કરી શૂન્યમાંથી સર્જન કર્યુ તમે.
આપના તરફથી મળી સફળતાની શિક્ષા અમને આપી કર્તવ્યની દિક્ષા,
આપને મન સબંધોનું મૂલ્ય અમૂલ્ય હતુ.
અમને વારસામાં આપેલ સંસ્કારોથી, માર્ગદર્શનથી, ચીંધ્યા માર્ગે ચાલવાનું ગૌરવ છે.

અમારા પૂજ્ય માતુશ્રીના ચરણમાં શત્ શત્ વંદન છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના

**આપના સદૈવ ઋણી**

રાજેશ - મીના
ભૂપેન્દ્ર - આરતી
સલોની - દેવાંગ
ચૈતાલી
તથા
સમસ્ત ચંપાબેન ગાંડાલાલ નાનચંદ તુરખીયા પરિવાર
તથા અંજવાળીબેન ધનજીભાઈ શાહ પરિવાર

જન્મ
૧૨-૨-૧૯૪૦



અરિહંતશરણ
૧૭-૩-૨૦૨૧

તું હતી તો ઘર હતું મા!, એક મીઠૂ આંગણે સરોવર હતું મા!, ધોમધખતા તાપ સામે ઢાલ જેવું
એક માથે વાદળું ઝરમર હતું મા!, સાવ ખાલીખમ હતું પણ તું હતી તો,
એમ લાગે ખોરડું પગભર હતું મા!, યાતના વચ્ચે મલકતું ને હરખતું,
એ વદન હેતાળ ને મનહર હતું મા!, ફાયદા - નુકશાન નો હિસાબ શાનો, તારૂં બસ હોવા પણું સરભર હતું મા!

# સ્વ.રસિલાબેન નવિનચંદ્ર શાહ

| | |
|---|---|
| સાસુ - સસરા | સ્વ.ચંચળબેન ગુલાબચંદ ધનજી શાહ - વઢવાણ |
| માતા - પિતા | સ્વ.લીલાવંતીબેન મનસુખલાલ શેઠ- લખતર |
| પતિ | સ્વ.નવિનચંદ્ર ગુલાબચંદ શાહ |
| પુત્રવધુ - પુત્ર | ભાવના આશિષ શાહ |
| પૌત્ર | સિધ્ધાર્થ આશિષ શાહ |
| જેઠાણી - જેઠ | સ્વ.વિમલાબેન વિનોદરાય શાહ |
| ભત્રીજી - ભત્રીજીવર | પારૂલ દિપકકુમાર ગાંધી |
| ભત્રીજાવધુ - ભત્રીજા | અવનિ કેતન શાહ |
| નંણદ - નંણદોયા | સ્વ.મંજુલાબેન બાબુલાલ શાહ |
| | ગં.સ્વ. પ્રભાબેન પોપટલાલ શાહ |
| ભાભી - ભાઈ | સ્વ પ્રેમિલાબેન જંયતિભાઈ શેઠ |
| | ગં.સ્વ.ભારતીબેન સેવંતીભાઈ શેઠ |
| | પ્રફુલાબેન મહેન્દ્રભાઈ શેઠ |
| | ગં.સ્વ.રેખાબેન નરેન્દ્રભાઈ શેઠ |
| | દર્શનાબેન ભરતભાઈ શેઠ |
| વેવાણ - વેવાઇ | ગં.સ્વ.રસિલાબેન ચન્દ્રકાંતભાઈ શાહ - ધાંગધ્રા |

## સિધ્ધાર્થ ઈન્વસ્ટમેંટ સ્ટાફ

શાહ પરિવાર તથા શેઠ પરિવારના જય જીનેન્દ્ર

શ્રી મહાવીરાય નમઃ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૧૦-૧૧-૧૯૩૮

અરિહંત શરણ
૧૦-૦૪-૨૦૧૯

# અ.સૌ. જયાબેન હિમ્મતલાલ શાહ

## નાગનેશ(રતલામ) નિવાસી હાલ કાંદિવલી

Advt

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી

જન્મ
તા.૨૧/૦૨/૧૯૩૭



અરિહંત શરણ
તા.૧૯/૦૩/૨૦૨૦

## પૂજય પિતાશ્રી સ્વ.પ્રવીણચંદ્ર ભગવાનદાસ વોરા

(વતન: વઢવાણ - હાલ : બોરીવલી)

વડીલ ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી, હરહંમેશા હેતની લાગણી વિસરાતી નથી
વસ્યા છો દૂર, છતા કૃપા આપની વરસતી રહેશે, આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.

આપણુ જીવન અમને સદાય પ્રેરણા આપે , આપનો શાશ્વત પવિત્ર આત્મા જયાં પણ હોય
ત્યાં જિન શાસન નું શરણ મળે અને સર્વ કર્મો નો નાશ કરે મોક્ષગામી બને
એજ પ્રભુ પાસે મંગલ પ્રાર્થના

## ભવો ભવના ઋણી
## સ્વ. મંગળાબેન ભગવાનદાસ વોરા પરિવાર

| | |
|---|---|
| ધર્મ પત્ની | સ્વ વિમળાબેન પ્રવિણચંદ્ર વોરા |
| પુત્ર-પુત્રવધુ | પિયુષભાઈ - ચેતના<br>પ્રિતેશભાઈ - બિજલ<br>સોહિલભાઈ - પૂજા |
| પુત્રી -જમાઈ | સોનલ-જીતેશકુમાર સંઘવી<br>રૂપલ નિલેશકુમાર શાહ |
| પૌત્ર-પૌત્રી | અર્પિત,ખ્યાતી, સ્મિત,હિત, જીયા |
| દોહિત્ર- દોહિત્રી | અભિષેક,મૈત્રી, હર્શિલ, પ્રાચી, નિવ |

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah